ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષઃ ૧, અંકઃ ૩, જાન્યુઆરી - ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

ધૂમકેતુ  સુમંત રાવલ  ગિરીશ ભટ્ટ  વસુધા ઇનામદાર
રોહિત પંડ્યા  કાંતિ મેપાણી  પરેશ વ્યાસ  વૈશાલી શાહ
રામચંદ્ર ભાવે  લાફ્કાદિયો હર્ન  અર્નેસ્ટ હેમિંગ્વે





# બહુત શુક્રિયા, બડી મહેરબાની

## ગુજરાતના નવા વાર્તાલેખકોને, ટોપી ઊંચી કરીને સલામ

વાર્તા હરીફાઇના પ્રતિસાદમાં બસ્સો પચાસ જેટલી વાર્તાઓ ઠેર ઠેરથી આવી છે તે બદલ 'મમાતા' પુલકિત થઇને સૌ સ્પર્ધકોને ધન્યવાદ આપે છે. હવે આઠ અઠવાડિયાંમાં વિજેતાઓને નિર્ણયની જાણ થશે અને નિર્ણયની વિગતો માર્ચના અંકમાં જાહેર થશે. તે જ અંકથી સ્પર્ધામાં આવેલી અન્ય નવોદિતોની રોમાંચક કૃતિઓ છવાતી જશે અને સાથે પ્રતિષ્ઠિત લેખકોની રચનાઓ નવા નવા વાર્તાકારોને દિશાસૂચન કરતી જશે.

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર

અને અનેક હતા નવોદિતો.

'આવતીકાલના વાર્તાકારોના આજના માસિક વિશે વારંવાર પુછાય છે, આમાં નવોદિત કોણ છે? સફેદ વાળવાળા, સ્થાપિત વાર્તાકારો જ કેમ છે? ગુજરાતને નવી વાર્તા અને નવા વાર્તાકારોની રચનાઓથી તરબતર કરવાનું રૂમાની સોણલું જોતા, આશાઓ ને ઉમંગોના વાયવી વાતાવરણમાં શ્વસતા, પણ ગુજરાતથી સાત સમુદ્ર દૂર પદ્માસન વાળીને બેઠેલા સ્થવિર સંપાદકને ખબર નથી કે નવોદિત કોણ છે ને પૂર્ણોદિત પણ કોણ કોણ છે, કેટલા છે, ક્યાં છે. ને નવોદિતોને શોધવા ક્યમ ક્યમ. જેમની વાર્તા છપાઈ જ નથી તેવા જુવાનજોધ તરવરિયાં નવોદિત વાર્તાકાર અને વાર્તાકારિણીઓને તે કયા દિવ્યચક્ષુવડે વિલોકવા?

તેથી સ્થવિર સંપાદક હરીફાઈ યોજે છે, લાવો તમારી નવી વાર્તાઓ, જેનું એકપણ પુસ્તક છપાયું નથી એવા દૂધમલ વાર્તાકારો, આવો અને એકાવન હજારનું જબ્બર ઈનામ જીતી જાઓ. પણ વિરોધ ઊઠે છે કે એ શરત બહુ ગૂંગળાવનારી છે; જેનો એક પણ વાર્તાસંગ્રહ છપાયો ન હોય તેટલી શરત પૂરતી છે. અને સ્થવિર સંપાદક કહે છે, ભલે એમ. પહેલાં છેલ્લી તારીખ ૧૫ ઓકટોબર હતી તે લંબાવાય છે, ૩૦ નવેમ્બર સુધી, પણ હરીફાઈની જાહેરાત પૂરતી થતી નથી. પૈસા ખરચીને જાહેર ખબર લેવાના રામ રહ્યા નથી. અને ફરી તારીખ લંબાવાય છે. કોશિયાને જ નહી પણ કાછિયાને પણ સમજાય તેવી વાર્તાઓને નાણવા નિયત કરાય છે, એક તદ્દન સામાન્ય વાચક, એક ઉત્ફુલ્લ ગદ્યલેખિકા ગુણ્યા ઉત્સુક વાર્તાવાચક ગૃહણી તેમ જ એક શીર્ષસ્થ વાર્તાકારને નિર્ણાયક તરીકે. કેમ કે સ્થવિર સંપાદકની પોતાની વાર્તાઓ કાછિયાને પણ સમજાય એવી નહોતી તેથી તેવી વાર્તાઓને ક્રમાંક આપવાનો હક નથી. અને ફરી તારીખ લંબાવાય છે, બે હજાર ને અગિયારના છેલ્લા મહિનાની આખરી ઘડી સુધી.

આજે એ ઘડી આવી પૂગી છે. સુરતના ટાઇમ મુજબ જ નહી પણ સિયાટલના ટાઇમ મુજબ પણ ૩૧મી ડિસેમ્બરના રાતે બારના ડંકા વાગે ત્યાં સુધી ટપાલ, કુરિયર, ઇ-મેઇલ અને હાથોહાથ વાર્તાઓ આવી રહી છે. તે પછી કિંચિત મોડી પડેલી વાર્તાઓ પણ સ્વીકારાઈ છે, કેમ કે આ હરીફાઈ નિયમપાલનની નથી, વાર્તાલેખનની છે. હાથે લખેલી, કાગળની બે બાજુ લખેલી, વિધવિધ ફોન્ટમાં ટાઇપ કરેલી, પીડીએફ ફોરમેટવાળી, ઝેરોક્સ કરેલી, સ્વચ્છ જોડણી અને રમ્ય ભાષાકર્મવાળી તેમ જ ઉટપટાંગ જોડણીમાં વ્યાકરણ, ભાષાની બિલકુલ દરકાર વિનાની વાર્તાઓ, વાર્તાઓ, વાર્તાઓ વરસી રહી છે. હાર્ડ કોપીવાળી વાર્તાઓને સ્કેન કરી નિર્ણાયકોને મોકલાય છે. જેમણે ન મોકલ્યાં હોય તેમને ફોટો, પરિચય, બાંયધરી મોકલવા સામા ફોન, એસએમએસ, ઇ-મેઇલ ને કાગળથી વિનંતી થાય છે. સ્કેન મશીનના કાચથી મોટા કાગળમાં વાર્તા આવી હોય તો ઝેરોક્સવાળા પાસે તેને રિડ્યૂસ કરાવી લાવી સ્કેનના કાચ ઉપર મુકાય છે. સત્તર વર્ષના કિશોર-કિશોરીઓથી માંડીને એકાણું વર્ષના જૈફ નવોદિતોએ ડોકાં ઊંચા કર્યાં છે. ગૃહિણીઓ, શિક્ષકો, નિવૃત્ત, એકાઉન્ટન્ટ, અધિકારી, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, સુરત, વલસાડ, મુંબઈ, અમેરિકા ઠેર ઠેરથી લોકો થનગને છે, લુક એટ મી, લુક એટ મી, લુક એટ મી. દરેકને કાંઈક કહેવું છે, દરેક જણ પાસે એક કહાણી છે, તે કહેતાં આવડે ન આવડે તે જુદી વાત છે, પણ કહેવાની ઉત્કંઠા સહેજેય કમ નથી. મમતાનાં જુદાં જુદાં ઠેકાણે મોકલાયેલી લગભગ ૨૫૦ જેટલી વાર્તાઓ ઝગારા મારે છે.

ત્યાં એક નિર્ણાયક, જે આ વાર્તામાસિકના કારભારી પણ છે, તે હાથ જોડી કહે છે, મારું ગજું નથી. આટલા બધા લોકોની આટલી મોટી ઉમેદના લેખાજોખા કરવાની મારી જિગર નથી. અને એમ ફરી ત્રીજા નિર્ણાયકની શોધ ચાલે છે, અંતે એક ઠરેલ, પ્રૌઢીથી ઘડાયેલા પણ મનથી થનગનતા કિશોર જેવા અઠંગ સહૃદય વાચક નિર્ણાયકોના ત્રિભુજનું ત્રીજું બિન્દુ બને છે.

અહો, નવોદિતો, આપ સૌને અભિનંદન. જે મુહૂર્તે તમે હાથમાં કલમ લીધી તે ક્ષણથી જ તમે વાર્તાકાર બન્યા છો. ઈનામ જીતો કે ન જીતો પણ વાર્તાકાર તરીકે તમે તમારી હસ્તી નોંધાવી છે તે વસ્તુ તમને અભિનંદનને પાત્ર બનાવે છે. તમે મોકલેલી એકેએક વાર્તાઓ ખંતથી, ધીરજથી, સહૃદયતાથી વંચાશે, તપાસાશે અને આઠ અઠવાડિયાંમાં ત્રણ તદ્દન ભિન્ન દષ્ટિબિંદુવાળા નિર્ણાયકો પહેલી ત્રણ વાર્તાઓ જાહેર કરશે. તે ઉપરાંત, અમારી ગણતરી છે કે લગભગ એંસી જેટલી નોંધપાત્ર વાર્તાઓ માર્ચ માસથી 'મમતા'માં સ્થાન પામતી થશે, થતી રહેશે, અને એ સૌને શિરસ્તા મુજબનો પુરસ્કાર મળતો રહેશે.

'મમતા'ના સ્થવિર સંપાદકનું અહો, એક સોણલું છે રૂમાની, કે તે દરમિયાન આ ઈનામોથી, અને નવી વાર્તાઓથી બૃહદ ગુજરાતના નવોદિતોમાં એક ચેતાનાનો સંચાર થશે અને 'મમતા' વર્ષોનાં વર્ષો સુધી આવતીકાલના વાર્તાલેખકોની છાવણી બની રહેશે.

આ અંકમાં અને આશાપૂર્વક ભવિષ્યમાં કેતન સંઘવીનો, મૌલિક રાજપૂત અને કુ. રીટાનો, નીલેશ પટેલ અને ઉત્પલ ભાટિયાનો, સુમતિ ગંગોપાધ્યાયનો અદભુત સહકાર મળ્યો છે, મળતો રહેશે. તે સૌને હસ્તધૂનનપૂર્વક હેપી ન્યુ ઇયર.

--મધુ રાય

# નિયમાવલિ

- ‘મમતા’માં દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- ‘મમતા’ કોઇ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- ‘મમતા’ આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- ‘મમતા’ માં કમ્પ્યુટર ઉપર લેટર સાઇઝ કે એફોર સાઇઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈમેઇલથી (sub: story for mamata) મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઇલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઇલથી જણાવાશે.
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઇપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- ‘મમતા’ માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પહેલા કોઇ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઇ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઇ-મેઇલ આઇડી મોકલવાં અનિવાર્ય છે.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિ પત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈમેઇલ આઇડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ હોય તે ઈચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- ‘મમતા’ નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ ‘મમતા મન્થલી’ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- ગ્રાહકોને ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો ફરિયાદ નોંધાવવી. કોઈપણ પત્ર વહેવારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.
- વાર્તા મોકલવાનું, લવાજમ ભરવાનું, અંક ન મળ્યાની ફરિયાદ કરવાનું તથા તમામ પત્રવહેવારનું સરનામું ‘મમતા’ કાર્યાલય, કેર ઓફ રીડર્સ પેરેડાઇઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨ અથવા ઇ-મેઇલ mamatamonthly@hotmail.com

**રજિસ્ટર્ડ ઓફિસ: ‘મમતા’ કાર્યાલય, કેર ઓફ એ. વી. ઠાકર, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭ ઇ-મેઇલ mamatamonthly@hotmail.com**

# અનુક્રમ


| | |
|---|---|
| ૦૧ | **સંપાદકીય** |
| ૦૩ | **પંખીનો મેળો...** |
| ૦૪ | **ધૂમકેતુ / આનંદરાત્રિ** |
| ૦૮ | **સુમંત રાવલ / ગાજ-બટન** |
| ૧૨ | **ગિરીશ ભટ્ટ / કન્યાવિદાયનાં દૃશ્યો** |
| ૧૬ | **વસુધા ઇનામદાર / અપ-ડાઉન** |
| ૧૯ | **રોહિત પંડ્યા / કાયાકલ્પ** |
| ૨૨ | **કાન્તિ મેપાણી / પાષાણયુગની એક વાત** |
| ૨૪ | **પરેશ વ્યાસ / વ્યાવસાયિક રહસ્ય** |
| ૨૮ | **વૈશાલી શાહ / બે બંધ દરવાજા** |
| ૩૦ | **રામદેવ ભાવે / પરપ્રાન્તીય વાર્તા** |
| ૩૪ | **લાફ્કાદિયો હેર્ન / પરદેશી વાર્તા** |
| ૩૬ | **અર્નેસ્ટ હેમિંગ્વે / ઈન્ટર્વ્યૂ** |



મુખપૃષ્ઠ નર્તિકા જાહ્નવી સંઘવી, મુખપૃષ્ઠ ફોટો રફીક ઇલિયાસ

સુશોભન અંકન કિશોર રાવલ, અતુલ પડિયા

ડિઝાઇન અને લે-આઉટ મણિલાલ રાજપૂત, ‘આર્ટ મણિ’

મુદ્રણ સ્થાન એલાઇડ ઓફ્સેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ ૩૮૦૦૨૧ ફોન ૨૨૯૪ ૧૧૫૦

પ્રબંધ બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

# પંખીનો મેળો

એક-એકથી ચઢિયાતી વાર્તાઓથી મઢેલી 'મમતા'નો પ્રથમ અંક નેટ ઉપર વાંચ્યો. વાર્તા સામાયિકોમાં 'મમતા' ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે, તેવાં ''પુત્રના લક્ષણ પારણાં, અને વહુ બારણામાં'' જણાયાં. શરૂઆત છે. કેટલીક વહીવટી અને આર્થિક અડચણ આવી શકે છે. પણ હૈયે હામ રાખી અડગ નિશ્ચય સાથે આગળ વધતા રહેશોજી. વિજય તમારો જ છે. મારી શુભેચ્છા.

**- ધીરુભાઈ (ધીરજલાલ) વૈદ્ય, સુરત**

જાણીતા અને નવા વાર્તાકારોની રચનાઓથી ખચિત એક સામયિક હોય તે જ મારી કલ્પનાની બહાર છે. મારાં હાર્દિક અભિનંદન અને આવું ધોરણ સચવાઈ રહે તથા વધુ ને વધુ વાચકો અને લેખકો આકર્ષાય તેવી શુભકામના.

**- લાલચંદ ગગલાણી, ઈર્વાઈન,**
**કેલિફોર્નિયા, અમેરિકા**

'મમતા'ના પહેલા જ અંકથી હું મેળવી શકી છું જેનો મને ખૂબ જ આનંદ છે. હું દરેક પુસ્તકને જીવની જેમ સાચવું છું. મને પુસ્તકના પાનાં પર ઘડી આવે એ ગમતું નથી. આપના મેગેઝિનના બંને અંક વાંચ્યા પછી મને એક વિચાર આવ્યો છે કે દરેક સગાને વર્ષમાં એક જ પુસ્તક ભેટમાં મળે છે જો એ જ બજેટમાં વર્ષમાં ૧૨ પુસ્તક મળે તો શું ખોટું. હું મારા પપ્પાની સામે આ સજેશન મુકીશ. અત્યાર સુધી અમે શશિકાંત શાહ, ગુણવંત શાહ, મહારાજ શ્રી વિજય રત્નસુરીજી વગેરેનાં પુસ્તકો ભેટમાં આપ્યાં છે

**- નિમિષા દલાલ (ઈમેઈલ દ્વારા)**

'મમતા' બીજો અંક મળ્યો. મેસ્ટ્રો મુનશીજીએ શામળશાના વિવાહમાં બીજી વાર જલસો કરાવ્યો. આવો અતીતરાગ આલાપતા રહેજો. મારું માસ્તરપીસ (કિશોર રાવલ) અને મોર્નિંગ વોક (હરનિશ જાની) વાર્તાઓ વધારે ગમી. સમરેશ બસુની વાર્તામાં આદાબને ત્રણ ત્રણ રીતે મુદ્રાંકિત કરી જાણ્યું છે. તો વળી દરેક વાર્તાની છપાઇમાં કયાંક એક શબ્દને તોડીને બે પંક્તિમાં વહેંચવામા આવ્યો છે. છતાં લાગે છે કે 'મમતા' જેની રાહ જોવી પડે તેવા વાર્તામાસિક તરીકે ખીલશે.

**- રમણીક અગ્રાવત, ભરૂચ**

'મમતા' ગઈ કાલે મળ્યું. અભિનંદન. ઘણું સારું થયું છે. ખાસ કરીને અમેરિકા માટે ટપાલ ખર્ચ ઓછો કરવા કદ ઉદ્દેશ કે ગુર્જરી જેવું નાનું રાખવાનો વિચાર કરવા જેવો છે. અહી અંક મોડો મળવાની ફરિયાદ આવતી રહેશે પણ વ્યથિત થવાની જરૂર નથી. ટપાલ ખાતા ઉપર આપણો કોઈ અંકુશ નથી. તમે આવું અઘરું, પણ કરવા જેવું કામ હાથમાં લીધું છે એ વિચાર માત્રથી રોમાંચ અનુભવું છું.

**- કિશોર દેસાઈ (સંપાદક, ગુર્જરી),**
**પેનિસિલવેનિયા, અમેરિકા**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોનાપત્રો બને તો ઈમેઈલથી (sub: pankhino melo) મોકલવા. 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઈઝ, ૬ ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટાલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***

'મમતા'નો ઇ-અવતારે બીજો અંક મળ્યો. એમાં મારી વાર્તા જોઈને આનંદ થયો. પણ, મારી વાર્તા પહેલા તેમ જ ત્રીજા પુરુષમાં લખાયેલી છે. મારી પાંડુલિપિમાં તે વિભાગોની વચ્ચે ફુદડીઓ હતી તે છપાઈ નથી. કે વિભાગોને જુદા પાડતી સ્પેસ પણ નથી મુકાઈ, જે કથાના નિર્વાહ માટે જરૂરી હતી. અંતના પેરાગ્રાફમાં 'તારા પ્રેમમાં'ને બદલે 'મારા પ્રેમમાં' છપાયું છે. જેવું મારું તકદીર, મને મળવો જઈએ તેવો યશ કદી મળવાનો નથી. એ કહેવું જોઈએ કે મારી વાર્તાનું રેખાચિત્ર રૂપકડું છે, કમ સે કમ બીજી વાર્તાઓનાં ચિત્રો કરતાં તો સારું છે! પરભાષી, પરદેશી વગેરે વિભાગો ગમ્યા, તેનાથી એક પોત બંધાય છે. તમારો પહેલો અંક ખલાસ થઈ ગયો જાણી આનંદ થાય છે. હવે પછી પણ એવું જ બનતું રહે તેવી શુભેચ્છા.

**- પ્રીતિ સેનગુપ્તા, ન્યુ યોર્ક, અમેરિકા**


'મમતા'નો પ્રથમ અંક પીડીએફ સ્વરૂપે જોઈ હું હર્ષિત થયો હતો. પણ આખો અંક વાચીને મનમાંથી એક જ શબ્દ નીકળ્યો 'નિ-રા-શા'. 'મમતા'ની જાહેરાત થઈ હતી 'આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક' પણ અંકમાં એકાદ બે નામ ને બાદ કરતાં બધી જ વાર્તાઓ આજના અથવા ગઈકાલના લેખકોની નીકળી. વાર્તાઓ કે લેખકો સાથે કોઈ ફરિયાદ નથી, પણ ફરિયાદ સંપાદક સાથે છે. શું સંપાદકને આજની પેઢીમાં વિશ્વાસ જ નથી? (જોકે અંકની શરૂઆતમાં જ સંપાદકે આ વાતનો ઉલ્લેખ કર્યો છે અને વચન આપ્યું છે કે આવતા અંકમાં તેઓ નવોદિતોને તક આપશે.)

મે મોકલેલી વાર્તા ન છપાઈ તેનો કોઈ અંગત રોષ કાઢવા આ પત્ર નથી પાઠવતો નથી પણ વિનંતી એટલી જ કે જો 'મમતા' ને 'આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક' ખરા અર્થમાં બનાવવું હોય તો મોટાભાગની કૃતિ નવોદિતોની હોવી જોઈએ અને જો તેમ કરવામાં સંપાદકનું મન ન માનતું હોય તો 'આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક' એવું ન છાપવું. યુ.કે. માટે લવાજમ ભરવું કયારે શકય બનશે? જો પ્રિન્ટેડ કોપી શકય ન હોય, તો આવી રીતે પીડીએફ લવાજમ ભરવા માટે પણ તૈયાર છું. નવી પેઢીને પીડીએફ તેમના મોબાઈલ પર વાંચવી અવશ્ય ગમશે.

**- ચિરાગ ઠક્કર 'જય', લંડન**

આની ખૂબ જરૂર હતી અને તે કરવા બદલ અભિનંદન તેમ જ સફળતાની શુભેચ્છા. મને હજી ગૂંચણ થાય છે કે 'વાર્તા' એટલે શું? કદાચ 'મમતા'ના અંકો વાંચતાં વાંચતા કદીક તે સમજાશે. મને ભૂતપ્રેતની વાતો ને સાયન્સફિકશન તેમ જ કાફકા અને એના જેવું લખનારા બીજા વાર્તાકારોની અરુચિ છે. 'મમતા'માં મને રુચિકર વાર્તાઓ પણ મળે, નસીબજોગે એકાદ બે પણ દર અંકમાં મળે તો ગમશે. આ તમારી સફર છે, તેમાં મારા વિચાર થોપવાનો આ સમય નથી. પ્રૂફની ભૂલો ગંભીર છે. પણ એ બધું ધીમે ધીમે સવળું થશે.

**- કિશોર રાવળ (રાવલ નહી),**
**ફિલાડેલ્ફિયા, અમેરિકા**



# ધૂમકેતુ / અતીતરાગ

# આનંદરાત્રિ

*ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી "ધૂમકેતુ" ૧૨-૧૨-૧૮૮૨ના રોજ સૌરાષ્ટ્રના વીરપુરમાં જન્મેલા. "ધૂમકેતુ" ગુજરાતી ભાષાના ગાંધી વિચારના ઉદગાતામાંના એક ઉત્તમ વાર્તાકાર હતા, પણ તેમ છતાં એમણે વિચારોના ભારથી પોતાની વાર્તાને કદી બોઝિલ ના બનવા દીધી. હજુ પણ સાવ જડમૂળથી નથી ગઈ તેવી સવર્ણોની નોકરો પાસેથી વેઠિયા કામ કરાવવાની નિર્મમ વૃત્તિ અને તેમાંથી જન્મતી જીવનની કારુણીનું આ 'આનંદરાત્રિ' વાર્તામાં મર્મભેદી આલેખન છે. ૧૯૩૫માં રણજિતરામ ચંદ્રકનો પણ અસ્વીકાર કરનારા "ધૂમકેતુ"નું અવસાન ૧૧-૩-૬૫ના દિવસે અમદાવાદમાં થયું.*

*વાર્તા સંકલન અને લેખક પરિચય*
***રજનીકુમાર પંડ્યા***
***મો. ૯૮૯૮૦૧૫૫૪૫***
*rajnikumarp@gmail.com*

અમદાવાદનું સ્ટેશન જોઇને પહેલવહેલાં તો રાધા મૂંઝાઇ ગઇ. સારું હતું કે એનો દેર ટપુડો સાથે હતો. નહિતર ઝગારા મારતી રોશનીની હારની હાર જોઇને આ છોકરી એમાં જાદુઇ કરામત જ દેખત. કોઇ પણ સ્ટેશનેથી આશરે પંદર માઇલ દૂર એવા નાના સરખા કાળસરાની, હજી ગઇ કાલ સુધી તો ગીરની નદીમાં નાહવા પડતી આ છોકરી એમ દેખે એ સ્વાભાવિક હતું. તો પણ 'મોટર-બસ'નો ઠઠારો રાધા બોલી ઊઠીઃ 'ટપુભાઇ! આટલી બધી મોટરું કોની હશે?'

પણ ટપુડે તો તેનો જવાબ આપવાને બદલે એક બસ ઝપાટા બંધ જતી હતી અને, 'એ મોટર' એવા શબ્દમાત્રથી ઊભી રાખી દીધી એ જોઇને રાધાવહુને લાગ્યું કે અમદાવાદ જેવા શહેરમાં ટપુભાઇનું વજન પડતું લાગે છે! ભાભીને મોટરમાં બેસતાં બરાબર ન આવડે માટે ટપુએ 'ભાભી! અહીં જ પગ મૂકજો હોં!' એમ કહીને એને દોરી. ગાદી અને અંદરની સુંવાળી બેઠકને ચમકતો રંગ જોઇને રાધાથી લાજમાં ને લાજમાં ટપુની સામે જોઇને હસી જવાયું.

એની કલ્પનાને અગમ્ય એવી સૃષ્ટિ રિચી રોડ ઉપર ખીલી રહી હતી. સિનેમાના દીવા હજારો તારાની પેઠે ચળકતા હતા. પાનની દુકાને ઊભા ઊભા શોખીનો પાન ખાઇ રહ્યા હતાં. રાધા વહુ લાજમાંથી સઘળું જોઇ ટપુને વચ્ચે વચ્ચે એ વિશે પૂછતી જતી હતી.

'આ જોયું?' ટપુ બોલ્યો.

'શું?'

'આ લક્ષ્મીવિલાસ હોટલ, એની ચાનો ટેસ લેવા દરેક ઇતવારે હું મારા ભાઇ સાથે આવું છું.'

પતિનું નામ લેતાં દેરને જોઇને રાધાએ શરમથી નેણ નીચે ઢાળી દીધાં. પણ એના ગામડિયા ચહેરા પર ફેલાયેલું મંદ સ્મિત જોવાની બીજા કોઇને ફુરસદ ન હતી. ઊભી રહેલી મોટરમાંથી બે જણ ઊતર્યા ને ચાર જણ ચડી આવ્યા.

રાધા વહુનું હૃદય ઉલ્લાસમાં હતું. સ્ટેશન-રિચિ રોડ-લક્ષ્મીવિલાસ હોટલ અને એની ચા. એણે ચાને માટે કાળસરામાં કેટલીયે વખત તરફડિયાં માર્યાં હતાં પણ મહેમાન વિના ચા ઘરમાં થાય નહિ. એક વખત તો લક્ષ્મીચંદ શેઠનાં ત્રણ બેડાં પાણી ભરીને પણ ચાનો એક વાટકો પી આવી હતી. એને મન થયું કે ટપુભાઇને આ વાત કરું, પણ ભાભી ભુખાવળી છે એવી મશ્કરી થાશે. એમ ધારી મોંએ આવેલું વાક્ય મનમાં રહેવા દીધું.

'ભાભી! આ જોયાં ત્રણ દરવાજા'

રાધા વહુએ લાજમાંથી દરવાજા જોયા, ન જોયા ત્યાં તો ભદ્રની ઘડિયાળમાં આઠના ટકોરા સાંભળ્યા.

'આ શું ટપુભાઇ?'

ટપુભાઇની મશ્કરી કરવાની એક-બે લફંગા તૈયારી કરતા હતા, એટલામાં ટપુ રાધા સાથે

નીચે ઉતર્યો.

'ઊતરો!'

'ઘર આવ્યું?'

'ના 'અહીંથી ચાલતા' જઇશું.'

નાની સરખી પોટલી માથે લઇ રાધા ધીમેથી નીચે ઉતરી.

બંને જણાં ચાલ્યાં.

'કેટલા વાગ્યા હશે?'

'આઠ, હમણાં ઘડિયાળ ન વાગી? આ જોયું, ભાભી ભદ્રાકાળીનું મંદિર છે... પેલી ભદ્રની ઘડિયાળ'

રાધા અને ટપુ વાતો કરતાં ધીમે ધીમે ઘરે પહોંચ્યા.

**(૨)**

ઘેર ફળીમાં ખાટલા પર એક આધેડ વયનો કાંઇક ફિક્કાશ પડતો માણસ અને એક પ્રૌઢ સ્ત્રી બે જણાં બેઠા હતાં. ફળિયું મોટું અને ધુમાડાથી ભરેલું છતાં ચોખ્ખું કહેવાય તેવું હતું. ટપુને જોઇને પેલી સ્ત્રી બેઠી થઇ.

'એલા ટપુભાઇ! તને તો બહુ રોકી રાખ્યો. ઇ તે માણહ કે હેવાન! આવ વહુ, આમ આવ'

આગળ વધીને રાધા પેલી સ્ત્રીને પગે પડી.

આશીર્વાદ આપતી હોય તેમ એ બોલીઃ 'તમારું માંડી



કારવીને બેસો, બાપુ ને તમારે એકનાં એકોતેર થાય! શું ટપુડાને ને મોટાને સાચવવા પડ્યા છે, માડી! અને મા મરી ગઇ, તે દી તો એલી વૌ, તારો જન્મે ય નહિ હોય.'

મેઘો અને ટપુડો બંને બાલ્યાવસ્થામાં જ અનાથ બન્યા હતા. હવે સૌ જુદા રહેતા હતા. કાકીને પણ પોતાના છોકરા હતા, ને આજે મેઘાની વહુ આવવાની હતી, એટલે એ જરાક આંટો આવી હતી.

'લે વૌ! ચોખા રાંધ્યા છે, ને ડબરામાંથી ગોળ કાઢીને સૌ ખાવા બેસો.

મેઘા! કાંઇ જોતું-કરાવતું મંગાવજે, ને વૌ! સવારમાં ટપુડાને લઇને આવજે.

હું હવે જાઉ, નકર મારે મોડું થશે.' મેઘાની વહુને ઘરમાં પહોંચાડી કાકી થોડીવાર ત્યાં બેઠાં.

'કાકી, તમે આંહી ખાવ ને!' ટપુડો બોલ્યો.

'ના, માડી!' કહેતાંકને કાકી ઊઠ્યાં ને સવારે વહુને વહેલા ઊઠવાનું કહી ચાલ્યાં.

'સૂતી રે'શ મા, નકર રોટલા નહિ થાય.' કહીને કાકી ગયાં.

રાધાએ બંને ભાઇને ચોખા પીરસી દીધા.

ટપુડે ગોળનો ડાબલો આગળ ધર્યો.

રાધાએ લાજમાંથી જ માથું ધુણાવીને ના પાડી.

'અરે! એમ કાંઇ થાય? આપણે સવારે મિલમાં જાવાનું હોય, ચાર બજે ઊઠીને રોટલા કરવા પડે ને ખાધા વિના કાંઇ હાલે?'

ટપુડાએ પોતાની થાળીમાંથી ચોખા કાઢીને ત્રીજી થાળી પીરસી. મેઘાએ પણ થોડાક ચોખા વધાર્યા.

ગોળ લઇને ત્રણે જણાં ખાવા બેઠાં એટલામાં થોડે દૂર મકાનની ખુલ્લી બારીમાંથી આવજ આવ્યોઃ

'મેઘા! એ મેઘા!'

'એંજનર સા'બ લાગે છે. ટપુડા! આ તું જા'શ?'

પાસેના બંગલામાં ઇજનેર સાહેબ રહેતા હતા. મેઘો એમના હાથ નીચે જ હતો. હંમેશાના નિયમ પ્રમાણે એણે મેઘાને બોલાવ્યો હતો. 'એ મેઘા!'

ટપુડો જવાબ આપે તે પહેલા ભૂપતસંગ આવ્યોઃ

'મેઘા!'

'કેમ?'

'એંજનર સા'બા બોલાવે છે.'

'હા, હમણાં આવું છું. હોં - ટપુડો આવે છે.'

ટપુડો ઉતાવળે જમીને બહાર ગયો.

ટપુડો બહાર પહોંચ્યો હશે ત્યાં મેઘાએ રાધાનો હાથ પકડ્યોઃ 'કેમ ખાતી નથી?'

રાધાએ કંઇ જવાબ આપ્યો નહિ.

'બોલતી કેમ નથી?'

એ રાધા પાસે આવ્યો. રાધાએ તેની લાજ ઉઘાડી નાંખી. ગોરું, કાંઇક દિલગીરી ભરેલું, શરમથી છલાયેલું, રાધાનું સુંદર મોં એની નજરે પડ્યું. તેણે રાધાના બંને હાથ પકડીને ફરી પૂછ્યુંઃ 'કેમ ખાતી નથી?'

એટલમાં ટપુડાનાં પગલાનો અવાજ આવ્યોઃ 'ભાઇ!'

'કેમ કેમ - ટપુડા! શું કીધું ઍંજનર સા'બે?' એમ કહેતાં મેઘો બહાર આવ્યો.

ટપુએ અંદર નજર નાંખી તો ભાભી મોટી લાજ કાઢીને એક તરફ ઊભી હતી.

'ઍંજનર સા'બ કે' તું કંઇ આવ્યો? મેં કીધું હમણાં આવ્યો. પછી ધખ્યા! પછી ક્યે તારી ભાભીને તેડ્યાવ્યા? મેં કીધું કે તેડ્યાવ્યો તે કે ઇ સારું કર્યું. બોન બૌ માંદા છે - રાતે બૌ પીડા થાય છે. એટલે ધનું ડોશીને મદદ કરવા તારી ભાભીને મોકલજે. મેઘાને કે'જે.'

મેઘો કાંઇ બોલ્યો નહિ. એટલામાં ભૂપતસંગ પાછો આવ્યો. ભૂપતસંગ પણ મિલમાં કામ કરતો હતો, ને ઇજનેર સાહેબની પાસે રહેતો હતો.

'મેઘા! તેં ખાધું?'

'ના.'

'ત્યારે ખાઇ લે. બોનને ઠીક નથી.'

એટલામાં ઇજનેર સાહેબનો આવજ આવ્યોઃ મેઘા, એ મેઘા!'

'હો શા'બ! હોં શા'બ!' કરતો મેઘો દોડ્યો. થોડી વાર પછી ત્યાંથી પાછો આવી મેઘો ગુપચૂપ ખાવા બેસી ગયો. રાધાએ પણ બે કોળિયા ખાધા પણ એનું મન ખાવામાં ન હતું. બહાર ફળીમાં જઇ હમણાં ઊટકીને ઘરમાં આવીને બેઠી પછી ટપુને બોલાવ્યો.

'ટપુભાઇ તમારી પથારી ક્યાં કરું?'

ઇજનેર સાહેબને ત્યાં દોડાદોડી થતી જોઇ ટપુની નજર ત્યાં હતી.

મેઘો ફળીમાં બેઠો બેઠો સાંભળતો હતો. તે કાંઇક મંદ સ્વરે બોલ્યોઃ 'તું ને તારી ભાભી ચોકી કરી'યાવો ભાઇ, એમાં કાંઇ હાલશે?''

ટપુડો ચાલી નીકળ્યો એની પાછળ રાધા ચાલી નીકળી.

એના પગમાં ખખડતી કાંબીનો રણકો મેઘો ફળીમાં બેસીને સાંભળી રહ્યો.

**(૩)**

ફિક્કી ફસ થઇ ગયેલી એક બાઇ ખાટલામાં સૂતી હતી. રાધા ત્યાં જઇને ઊભી. એક ડોશી ત્યાં બેઠી બેઠી પેલી બાઇને શેક કરી રહી હતી.

'વૌ- કોણ તું મેઘાની વૌ નાં?'

રાધાએ બોલ્યા વિના ડોકું ધુણાવ્યું.

'તંઇ લે, આ ગોટો ને બોનને એ... આંહી શેકવા માંડ,' ડોશીએ છાતી પાસેની જગ્યા બતાવી.

રાધા એક ડગલું આગળ વધી. એની કાંબીનો રણકો થયો.

'લ્યો, હવે આંહી કાંબી પહેર્યા વિના આવ્યાં હોત તો નો હાલત? ટપુડાને કે ઘેર મૂકી આવે.'

રાધાએ બહાર આવી ટપુડાને ખોળ્યો. એક ખૂણામાં બેઠો બેઠો એ બીડી પીતો હતો.

'ટપુભાઇ, મારા પગની કાંબી કાઢશો?'

ટપુ કાંબી કાઢવા માંડ્યો, પણ પગમાંથી નીકળતા વાર લાગી. ટપુડાએ જોર કર્યું. રાધાએ એનો હાથ પકડી લીધોઃ 'ઓય માડી રે! તમારો હાથ તો બૌ ભારે.'

ટપુ કાંબી લઇને ઘેર ગયો. રાધા અંદર ગઇ.

રાધાએ શેકનો ગોટો મૂકતાં સૂતેલી સ્ત્રીનું મોં જોયું, ફિક્કું પીળાશ પડતું, ઝાંખા ઉઘાડા ડોળાવાળું, નિસ્તેજ અને એકદમ વિકૃત એવું મોં જોઇને એના મનમાંથી સઘળી આશા સરી ગઇ. સૂતેલી સ્ત્રી બોલતી ન હતી પણ એનો ચહેરો એવો વિચિત્ર હતો કે, એની આસપાસ મૌન વધારે ભયંકર બનતું હતું. રાધા મનમાં ધ્રુજતી હતી. એના દિલમાં આ ભૂતનો વળગાળ હોય એવું લાગતું હતું. એ ઇચ્છી રહી હતી કે ભલે ડોશી ઠપકો આપે પણ કંઇક બોલે તો સારું.

એટલામાં ડોશી બોલીઃ 'વૌ! હું જરાક બા'ર જઇ આવું. તું બૌ બોલાવીશ માં હો બોનને, કાંઇ કામ હોય તો બોલાવવા મોકલજે ટપુડાને. વળી બૂમો પાડતી નહી.'

એટલામાં પેલી સ્ત્રીએ એવો કાંઇક ઊંહકારો કર્યો કે રાધા ભયને લીધે બેઠી જેવી થઇ ગઇ.

ડોશી બહાર ગયાં.

પણ ડોશી ગયા કે તરત જ રાધા આંખો મીંચી ગઇ. પેલા ચહેરા સામે જોવાની એની હિંમત હાલતી ન હતી એ ભયથી ધ્રુજી રહી હતી.

એટલામાં ડૉક્ટર, ઇજનેર વગેરે સૌ અંદર આવ્યા. ટપુ

આવી ગયો હતો, તેને ઈજનેરે બોલાવ્યો હતો.

'ટપુડા, હમણાં આંહી અમે સૌ છીએ. ડોશી બહાર ગયા છે, પણ હમણાં આવશે, એટલે તારી ભાભીને જવું હોય તો ભલે થોડીવાર જઇ આવે. કામ પડ્યે બોલાવશું.'

ટપુડે ભાભીને બહાર બોલાવી લીધી ને તેને બંગલાનાં પગથિયાં નીચે ઉતારી તે પાછો ફરવા જતો હતો એટલામાં ભાભીનો કાંઇક ભયભીત અવાજ સંભળાયો.

'ટપુભાઇ! મને ઘર સુધી મૂકી જાઓ ને!'

કાંઇ બોલ્યા વિના ટપુ આગળને રાધા પાછળ એમ બંને ચાલ્યાં. રસ્તામાં એક કૂતરું મળ્યું ત્યારે પોતાની કલ્પનાના જોરથી એમાં કંઇનું કાંઇ કલ્પી રાધાએ ટપુનો ખભો પકડી લીધોઃ 'એ ટપુભાઇ! કોક ઊભું!'

'હવે ભાભી! જો તો ખરી કૂતરું છે.' ને તેણે રાધાનો હાથ પકડી ધીમેથી ખભા ઉપરથી ખેસવી નાંખ્યો.

રાધા ઘરમાં આવી. એને આવેલી જોઇને મેઘો ફળીમાંથી ઊઠીને ઘરમાં આવ્યોઃ 'કાં કેમ થયું? ત્યાં નો સોરવ્યું?'

રાધા કાંઇ બોલી નહિ. એના ચહેરા પર ભયને સ્થાને જરાક સ્મિત આવીને ચાલ્યું ગયું. અને સ્મિતની જગ્યા પર એકદમ શરમ સુરખી છાઇ રહી.

'લે હવે બેસ મા. મારો ખાટલો આંહી પાથર ને, ટપુડાને ઓસરીમાં ખાટલી ઢાળી દે.'

રાધા ગૂપચૂપ બોલ્યા વિના ઊઠી. ફળીમાંથી ખાટલો લાવીને ઓશરીમાં ઢાળ્યોઃ પણ એના પર નાંખવાનું ગોદડું ક્યાં હશે એ ખબર ન હતી, એટલે મૂંઝાઇને ઓશરીને કિનારે ઊભી રહી.

'શું જોઇ છઇ?'

'ટપુભાઇનું ગોદડું ક્યાં?'

મેઘાનું હૃદય આનંદથી નાચી ઉઠ્યું.

રાધાનો મીઠો, શરમાળ, કોમળ અવાજ એને કાને પડતાં એની સ્વપ્નસૃષ્ટિ જાગતી હોય તેમ તે આગળ વધ્યો.

'આંહીં આવ્ય. ગોદડું બતાવું.'

રાધા આગળ વધી ઘરમાં ગઇ.

અચાનક મેઘાએ એનો હાથ પકડ્યો. રાધા બોલ્યા વિના નીચે જોઇ રહી, ને બળ કરીને પોતાનો હાથ ખેંચવા લાગી પણ મેઘાએ એનો બીજો હાથ પકડી, એને પોતાની પાસે ખેંચી એક મીઠું ચુંબન લેવા તેનું મોં પાસે લાવ્યો, પણ તેનો હાથ ભોંઠો પડીને પાછો પડ્યો. ઈજનેર સાહેબના ઘરમાંથી રુદનનો અવાજ આવતો લાગ્યો. કાન માંડ્યો તો વધારે દોડાદોડ થતી હોય તેમ લાગ્યું. મેઘાનો હાથ ઢીલો પડી ગયો.

ધ્રુજતી હરિણી હોય તેમ રાધા પણ કમાડ ઉઘાડીને એકદમ બહાર નાઠી, એને કોઇનાં પગલાં સંભળાતાં લાગ્યાં.

'કોણ રુએ છે ટપુભાઇ?'

સામેથી ટપુ જ શ્વાસભેર દોડતો આવતો હતો.

'મેઘાભાઇ! બોનને તો વધુ અહખ થાય છે?'

મેઘો બહાર આવ્યોઃ અહખ થાય છે?'

'હા, હા, હાલોને, તમારે ગામમાં જાવું પડશે.'

'હા, લે, હમણાં આવું છું.'

એટલામાં ફરી ભૂપતસંગ આવ્યોઃ 'મેઘાભાઇ! તારે ગામમાં જાવું પડશે. વૌને મોકલ મારી મા પાસે.'

'ભાઇ, આવડા મોટા સા'બ થઇને એકાદ માણસ રાખતા હોય! એક બાઇ માણસ રાખતા હોય! આ આજ હાલી આવે છે ત્યાં મૂરતમાં જ આ દેખાડવું... અરે, આપણો તે કાંઇ જનમારો છે ?'

'હવે, ભાઇ હાલ્ય ને, આપણે શું કામ ? ઇ તો વધુ હોય ત્યાં વધુ લોભ હોય. બોન પાસે રાતદિ મારી મા નથી બેઠાં રે'તાં? હજી એ બેઠા. લે, હવે હાલ્ય, ઇ તો એમ જ હાલે. આપણે પાછી નોકરી તો એના હાથ હેઠાં કરવી છે નાં? એને માણહ નો મળે, આપણે હોઇ મફતિયાં ને કંઇ એ માણહ રાખે? લે હાલ્ય, હવે હાલ્ય...'

'પણ ભાઇ, આપણે ય જીવ છે નાં? આ તારી માને બે મૈના થયાં ઉજાગરા કરે છે, તે ઇ એવડા મોટા સા'બ એક માણહ નો રાખી લ્યે?'

'લે હાલ્ય, હાલ્ય મોડું થાય છે. વૌ ભલે વાંહેથી આવે.'

મેઘો બોલ્યા ચાલ્યા વિના ચાલી નીકળ્યો - ધીમે પગલે ને ભારે હૈયે.

ભાભીને એકલી ઊભેલી જોઇને ટપુડો એની પાસે આવ્યોઃ 'ભાભી! તે ચોખા ને ગોળ ખાધાં?'

રાધાએ બોલ્યા વિના માથું હલાવ્યું.

અને લાડ કરતો હોય તેમ ટપુડો બોલ્યોઃ 'મારા ભાઇએ કહ્યું એટલે નાં?'... પણ એના બીજા શબ્દો બહાર જ ન આવ્યા. રાધાની આંખની દિલગીરી ભરેલી રતાશ જોઇ તે ચૂપ થઇ ગયો. એટલામાં તો પાછા ફરેલા મેઘાનો અવાજ આવ્યોઃ 'ટપુડા, હાલને, એંજનેર સા'બ તને ય બોલાવે છે.'

ટપુડો હેતમાં ભાભીને ટપલી મારીને મેઘાની સાથે દોડ્યો ગયો.

ઓશરીનો થાંભલો ઝાલીને ઊભેલી રાધાની આંખોમાંથી આનંદરાત્રિના આંસું વહી રહ્યાં હતાં. **મ**



# સુમંત રાવલ

# ગાજ-બટન


*તલાટી-કમ-મંત્રીથી નોકરીમાં દાખલ થઈ તાલુકા વિકાસ અધિકારીના પદ પરથી નિવૃત્તિ સાહિત્યિક પ્રવૃત્તિ: ૧૯૬૮થી વાર્તાલેખનથી આરંભ ને આઠ વાર્તાસંગ્રહ અને અઢાર નવલકથા.. આઝાદ ચોક, પોસ્ટ ઓફિસ*

**પો. બો.નં. ૨, મુ.પો. જૂનાગઢ - ૩૬૨૦૦૧. મો. ૯૯૨૫૫૩૧૩૫૬**


મહમદ ગિલાનીને હું ખાંસાહેબ કહેતો હતો. મહોલ્લામાં બુઝર્ગ. હાજી અને ઉર્દૂ ભાષાના તેઓ ખાં હતા! મહોલ્લામાં અર્ધા હિન્દુ અને અર્ધા મુસ્લિમ બિરાદરીના લોકો રહેતા હતા, છતાં લગીરે દહેશતગર્દીનો માહોલ નહોતો. અમારા ઘરની સામે જ ખાંસાહેબનું બે મજલવાળું ઊંચું પાકું મકાન હતું, હું કોલેજના બીજા વરસમાં હતો ત્યારથી જ મને ઉર્દૂ શીખવાની તમન્ના જાગી ઊઠી હતી. હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત ભાષા પર કાફી પકડ હતી. હવે ઉર્દૂ શીખવું હતું, હિન્દીમાં અનુવાદિત થયેલી ઉર્દૂ કિતાબો મેં વાંચી હતી અને એ ભાષા શીખવાની તલબ વધી ગઈ હતી. ખાંસાહેબે મારી દરખાસ્ત સહર્ષ વધાવી લીધી અને સમય ફાળવી દીધો - રોજ સવારે દસથી બાર... બાર પછી મારી કોલેજ શરૂ થતી હતી... મારી જેમ સમયના તે પાબંદ હતા. ખાંસાહેબે મદરેસાને પણ સમય ફાળવ્યો હતો. સાઠ વરસની ઉંમરે પણ તે કાર્યરત રહેતા હતા. હાથમાં ચાંદીના હાથાવાળી વોકિંગસ્ટિક, કાળા રંગનો લોન્ગ કોટ અને સફેદ લેંઘો, માથા પર સુરખાબની ટોપી અને પગમાં નવાબી મોજડી, રસ્તા પરથી ટટ્ટાર ચાલે ચાલ્યા જતા હોય ત્યારે સામા મળનાર ડોક નમાવીને કહેતાઃ સલામાલેકુમ!

ઓલેકુમસલામ! તે હસતા અને મોંમાથી પાન ખાવાને કારણે કાળા પડી ગયેલા દાંત દેખાઈ જતા.



ઘરમાં હોય ત્યારે એ ટોપી ઉતારીને ખીંટીએ લટકાવતા, તે વખતે માથાના રહ્યાસહ્યા વાળ સફેદ થઈ ગયેલા જોવા મળતા, તેમનો પરિવાર મોટો હતો, એક બીબીનો ઇન્તકાલ થઈ ગયા પછી બીજાં લગ્ન કર્યાં હતાં, પહેલી બીબીનાં ત્રણ અને બીજી બીબીનાં ત્રણ બચ્ચાં હતાં, પહેલી બીબીનાં રહીમ, કરીમ, મરિયમ... અને બીજી બીબીનાં ત્રણઃ હારૂન, ફાતિમા અને મજિદ. પહેલી બીબીનાં ત્રણેય બચ્ચાં જુવાન થઈ ચૂક્યાં હતાં, મોટો રહીમ તો મારી સાથે કોલેજમાં ભણતો હતો, તેમની એક બેટી મરિયમની સગાઈની વાત પણ ચાલતી હતી. ખાંસાહેબની બીજી બીબી પણ બીમાર રહેતી હતી, તેની ચિંતા ખાંસાહેબ કરતા રહેતા હતા. બેગમની તબિયત બગડતી જાય છે, પાલનપુરના હકીમની દવા ચાલે છે, પણ ફરક પડતો નથી... ટાલ ખંજવાળતાં તેમણે કહ્યું. તે વખતે તેઓ આદમ ખુસરોની રુબાઈઓનું ગુજરાતી ભાષામાં અનુવાદનું કામ કરી રહ્યા હતા એટલે બીબીની બીમારી પર ધ્યાન આપી શકતા નહોતા. આંખો પર એનક લગાવી ધ્રૂજતા હાથે પેન વડે કાગળ પર લખ્યા કરતા હતા.

રોજ સવારે હું તેમના મકાનની જૂની, જર્જરિત, હાલકડોલક થતી કઠેડાવાળી લાકડાની સીડી ચડતો હતો, જે સીડીનો નીચેનો ભાગ દરવાજા અને ઉપરનો ભાગ

ખાંસાહેબના કમરા સુધી સીમિત હતો. ખાંસાહેબનો પોતાનો અલાયદો કમરો હતો, તેમના ઘરમાં પ્રવેશવા એક બારણું હતું, જેના પર સદા પડદો પડેલો રહેતો. કમરામાં સોફા હતા અને વચ્ચે એક ખાટ હતી, જેના પર ખાંસાહેબ હીંચકતા રહેતા. ક્યારેક હાથમાં તસબી હોય તો ક્યારેક કિતાબ. ખૂણામાં લાકડાની એક ખુરસી અને ડાઈનિંગ ટેબલ જેવું મસમોટું ટેબલ પડ્યું રહેતું, જેના પર ઉર્દૂ ભાષાની કિતાબોની થપ્પી જોવા મળતી, લાકડાના ટેબલ પર એક ચમકીલો કાગળ ચોંટાડેલો હતો, જેના પર ઉર્દૂ ભાષામાં કુરાનની આયાત લખેલું હતું. ટેબલ પર પડેલાં તેમના લખવા-વાંચવાનાં ચશ્માં જાણે પુસ્તકોની દુનિયામાં ફસાઈને પડ્યાં હોય અને તેમાંથી છટકી બહાર નીકળી જવા તડપતાં હોય તેવું લાગતું હતું.

મોટા ભાગે ખુરસીને બદલે ખાટ પર બેસવાનું અને ઝૂલવાનું તેઓ પસંદ કરતા, કોણ જાણે ગમે તેમ પણ ખાટના કડાના કિચૂડ કિચૂડ અવાજમાં તેમને સંગીતની સુરાવલી સાંભળવા મળતી હોય તે રીતે આંખો મીંચી ધ્યાનસ્થ અવસ્થામાં બેસી રહેતા... મરિયમ ખાટના કડામાં તેલ ઊંજવા આગ્રહ કરતી તો પણ તે ટાળી દેતા... કહેતાઃ મને કિચૂડ કિચૂડ સાંભળવું ગમે છે! ખાટની એક તરફ ચાંદીની પાનદાની અને ખાટની નીચે થૂંકદાની (પિકદાની) પડ્યાં રહેતાં. તેમની સામેની ભીંત પર મક્કા-મદીનાના પથ્થરનો મઢાવેલો ફોટો લટકતો હતો, તે ખુદ ચાર વાર હજ કરી આવ્યા હતા, ફર્શ પરની પુરાની શેતરંજીનો રંગ ઊડી ગયો હતો, કિનારેથી ફાટી ગઈ હતી અને તેના પર તેમના પગની બન્ને મોજડીઓ જાણે એકબીજાની દુશ્મન હોય તે રીતે મોં ફેરવીને પડી હતી.

પહેલી મુલાકાત વખતે મારા નામનું મોટેથી સંબોધન કરતાં પૂછ્યું હતુંઃ 'સુરેશ પંડિત, તું પંડિત થઈને ઉર્દૂ શીખવા માગે છે?'

'ભાષા અને જાતિને શો સંબંધ!'

'પણ આ તો યવનની ભાષા કહેવાય છે...'

'એ યવનની ભાષાનું મોટા ભાગનું ભારતદેશનું સાહિત્ય લખાયેલું છે...' તે ખુશ થઈ ગયા, હું તેમની ખુશીમાં ઉમેરો કરવા કહેતોઃ 'ખાંસાહેબ, અગર હું ઉર્દૂમાં કોઈ શોધનિબંધ લખીશ તો આપનો અહેસાનમંદ રહીશ... અને મારા એ નિબંધમાં આપનો ઉલ્લેખ પણ કરીશ.'

તે ખડખડાટ હસી પડતા, ત્યારે તેમના મોંના મેલા દાંત બહાર દેખાઈ જતા, જેના પ્રત્યે મને અણગમો હતો, છતાં એ મેલા દાંત વધુ મેલા બને તે માટે હું પાન બનાવી આપતો હતો, મારા હાથનાં બનાવેલાં પાન તેમને બહુ પસંદ હતાં... હું કોરું પાન લઈ માપસર કાથોચૂનો ચોપડી, પીછડો ફેરવી ફીણ પેદા કરતો, પછી થોડી વાર સુકાવા દેતો અને પછી સોપારી કરતાં તંબાકુ વધારે નાખી પાનને વાળી તેમાં લવિંગ ભરાવીને પેશ કરતો ત્યારે પાનને ગલોફામાં મૂકતાં તે કહેતાઃ અમારી કોમમાં પાન બનાવવાનું કામ મોટા ભાગે બીબીઓ કરતી હોય છે, તેના ખાવિંદને ખુશ કરવા...'

'મને આપની બીબી જ સમજો...' હું કહેતો અને તેઓ હો...હો... કરતાં મોટેથી હસી પડતા. ફરી પેલા કાળામેશ દાંત દેખાઈ જતા અને હું મોં ફેરવી જતો... ચાંદીની પાનદાની પર હૈદરાબાદના ચારમિનારની કોતરણી તરફ એક નજર નાખી હું પાનદાની ખાટ પર મૂકી દેતો. પાન ચાવતી વખતે તેમનું નીચલું જડબું ઝડપથી હલવા લાગતું અને તેમનો અવાજ પણ બદલાઈ જતો. નીચે પડેલી પિકદાની ઊંચકી વારંવાર લાલ રંગનું થૂંક્યા કરતા હતા, ઘટ્ટ લાલ રંગનું ચીકણું લોહી જેવું પ્રવાહી પિકદાનીમાં જમા થતું અને થીજી જતું. ક્યાંકથી આવેલી બેચાર માખો તેના પર ઊડ્યા કરતી.

તેમની આ બેઠકથી આગળ વધીને તેમના જનાનાખાના સુધી હું ક્યારેય પહોંચી શક્યો નથી. હા, મારી મા-બહેન ઈદમુબારક કરતી વખતે અંદર થઈ હતી અને વર્ણન કર્યું હતું. તે સાંભળી હું તાજુબ થઈ ગયો હતો. શાહી ખાનદાન જેવું જનાનાખાનું હતું, પાછળનો ભાગ બહુ મોટો હતો અને ભુલભુલૈયા જેવા ઓરડા હતા, જેમાં ઉજાસ માટે ધોળા દિવસે રોશની કરવી પડતી હતી. રસોઈઘર હતું, ફળિયું હતું, ફળિયામાં મુર્ગા, મુર્ગી અને બચ્ચાં દોડ્યા કરતાં હતાં. એ મુર્ગા-મુર્ગીની પરોઢિયાની બાંગ સાંભળીને આખો મહોલ્લો ઊંઘમાંથી બેઠો હતો...

શિયાળો શરૂ થઈ ગયો. વાતાવરણ ગુલાબી અને માદક બનતું જતું હતું, મારે સાઈકલ પર બેસતી વખતે ગળાફરતું મફલર વીંટોળવું પડતું હતું, દિવસ ઝડપથી પસાર થઈ જતો અને રાત મડદાલ માણસની માફક ધીમે ધીમે ચાલતી હતી. પરોઢિયે મુર્ગાની બાંગ મને જગાડી દેતી હતી, છતાં કાંટાની જેમ શરીરમાં ચૂભતી ઠંડીને કારણે પથારી છોડવાનું મન થતું નહોતું, પથારી છોડતો ત્યારે અફસોસ થતો. ઓ ગોડ, નવ વાગી ગયા... અને પ્રાતઃક્રિયા બહુ ઝડપથી શરૂ કરવી પડતી. બહાર રસ્તા પર ક્યારેક ધુમ્મસ પડતું ત્યારે તડકાની આરપાર દોડતી પગરિક્ષાઓ અને રાહદારીઓના આકાર છાયાચિત્ર બની જતા. ઘોડાગાડીએ જોડેલા ઘોડા રણરણતા ત્યારે નાકમાંથી ધુમાડાની સેર નીકળતી અને ઘોડાગાડી દોડી જતી, પણ ઘોડાના પગલાની ટાપ ક્યાંય સુધી સંભળાતી રહેતી. ફૂટપાથ પર પેટાવેલી આગ ઠરી જતી અને હવામાં રાખ ઊડ્યા કરતી. દર શિયાળામાં ખાંસાહેબના ચહેરાનો રંગ ગુલાબી બની જતો, પણ આ શિયાળામાં ચહેરાનો રંગ ફિક્કો પડી ગયો. ખાંસાહેબ ચૂપચાપ ખાટ પર બન્ને પગ ખેંચી ટૂંટિયું વાળીને બેસી રહ્યા, હકીમ, ડોક્ટર, વહદ આવીને ચાલ્યા ગયો. હું સમજી ગયો, તેમની બીબીની અંતિમ ઘડીઓ ચાલતી હતી... હું પાઠ શીખ્યા વગર સીડી ઊતરી ગયો, સાંજે કોલેજથી આવ્યો ત્યારે ખબર પડી કે ખાંસાહેબની બીબીનો ઇન્તકાલ થઈ ચૂક્યો હતો. મૈયત

નીકળી ગઈ હતી. જાણે મહોલ્લામાંથી એક આકાર છૂટો પડીને ચાલ્યો ગયો હતો અને પડછાયા જેવો મહોલ્લો રહી ગયો હતો. વીજળીના તાર પર ઝાકળબિંદુ ચમકતાં હતાં!

બીજે દિવસે ધીમે પગલે તેમના ઘરના બારણા પાસે ગયો. બારણું ખખડાવ્યું. ખાસ્સી વાર પછી લાકડાની સીડી ઊતરવાનો અવાજ સંભળાયો. બારણું ખોલનાર રહીમ હતો. માથા પર નમાજી ટોપી અને આંખોમાં ઉદાસી, દાઢી ચડી ગઈ હતી. હાથના ઈશારાને આધારે હું તેની પાછળ પાછળ સીડી ચડી ગયો. એ જ ઓરડો, એ જ દીવાલ, એ જ ખાંસાહેબ અને એ જ ખાટ... પણ કડામાં કિચૂડ કિચૂડ અવાજ સંભળાતો નહોતો. પાનદાનીની જગ્યાએ તસબી પડી હતી. ખાંસાહેબનું મોં ઊતરી ગયેલું હતું... માંડ માંડ પાંપણો ઊંચી કરીને મારી સામે જોયું અને સોફા પર બેસવા ઈશારો કર્યો... મેં ગળું ખંખેરતાં શરૂ કર્યું: 'હું તો કોલેજથી સાંજે આવ્યો ત્યારે ખબર પડી...'

'આપણા હાથમાં શું છે!' મારી વાતને અધવચ્ચે અટકાવી દેતાં તેમણે કહ્યું, 'માત્ર હવા... અને હવા ક્યારેય પકડાતી હોતી નથી. એટલું બોલી તે ચૂપ થઈ ગયા... 'ચાર વખત હજ કરી આવ્યા, મક્કા-મદીના જઈ આવ્યા છતાં ત્યાં સુધી નથી પહોંચી શક્યો. મારી બેગમ મક્કા-મદીના નથી ગઈ... છતાં પહોંચી ગઈ.' મને લાગ્યું ખાંસાહેબ માનસિક સંતુલન ખોઈ બેઠા હતા એટલે તેમની ફિલસૂફી ફેંકી રહ્યા હતા... મૃત્યુના આઘાતમાં હર કોઈની હાલત ખાંસાહેબ જેવી જ થઈ જતી હશે. ફરી તે ચૂપ થઈ ગયા, ચુપકીદીનું વજન પળે પળે વધી રહ્યું હતું. એ વજનથી હું કચડાઈ જાઉં તે પહેલાં સીડી ઊતરી ગયો.

છ મહિના જેવો સમય પસાર થઈ ગયો, એ છ મહિના હું ખાંસાહેબને મળી શકતો નહોતો, મારો અંતરાત્મા રોકતો હતો. એટલે હું લાચાર હતો. ત્યાં ખબર મળ્યા કે ખાંસાહેબે ત્રીજી વખત નિકાહ કરી લીધા હતા - અમજદગઢના મુનશીસાહેબની પાંચમી દીકરી સાથે - જેનું નામ સલમા હતું અને બાવીસ વરસની ઉંમર હતી! ગરીબીને લીધે મુનશીસાહેબે પોતાની પાંચમી દીકરી ખાંસાહેબને આપી દીધી હતી. મારી માએ તો સઘળો ગુસ્સો ખાસાહેબને બદલે મારા પર ઠાલવતાં કહ્યું: આ તારો ઉર્દૂનો ટીચર ત્રીજી બાયડી લાવ્યો. પોતાની દીકરી જેવી છોકરીને બીબી બનાવી દીધી! સાઠ વરસે ઘોડે ચડવાનો મોહ છૂટતો નથી. એ કાલ મરી જશે, પછી બિચારી આ વિધવાનું શું થશે!'

'કંઈક મજબૂરી હશે!' મેં કહ્યું.

'મજબૂરીનો લાભ લીધો કહેવાય...' માની આંખના ડોળા બહાર નીકળી ગયા. એ જોઈ હું પણ ઘરની બહાર નીકળી ગયો. મેં જોયું તો ખાસાહેબના ઘરની રસ્તા પર પડતી બંને બારીઓ બંધ હતી... એક દિવસ-બે દિવસ-ત્રણ ત્રણ દિવસ પસાર થઈ ગયા છતાં બારીઓ બંધ હતી. જાણે કે સમાજ સામેની સઘળી બારીઓ તેમણે બંધ કરી દીધી હતી.

એક વાર રહીમ રસ્તા પર અચાનક મળી ગયો, મને જોતાંની સાથે સલામ કરી અને કહ્યું: ઘેર કેમ આવતા નથી, અબ્બા બહુ યાદ કરે છે... રહીમના આ શબ્દો સાંભળી મારી અંદર ટૂંટિયું વળીને બેસી ગયેલી ઉર્દૂ શીખવાની તમન્ના ફરી બેઠી થઈ ગઈ. બીજે જ દિવસે હું ખાંસાહેબ પાસે પહોંચી ગયો. સલામાલેકુ! 'આલેકુસલામ!' તે ખુશ થઈ ગયાં, હું સોફા પર બેઠો ત્યાં તેમણે હાંક મારી ચા મોકલવાનો હુકમ છોડ્યો. મને હતું કે તેમની એકાદ દીકરી ચા લઈને આવશે, તેના બદલે તેમની નવીનવેલી બેગમ સલમા ચા લઈને હાજર થઈ. ટ્રેમાં કપ અને કીટલી.. પકડીને તે સલવાર કમીઝમાં ઊભી હતી. એક આછોપાતળો દુપટ્ટો માથા પરથી સરકી ગયો હતો.

'બેગમ! આ મારો સ્ટુડન્ટ, સુરેશ પંડિત... પાડોશમાં રહે છે, કોલેજમાં ભણે છે અને મારી પાસે ઉર્દૂ શીખે છે.'

'આદાબ!' તેણે નમીને કપાળ પર હાથ મૂકતાં કહ્યું.

'આદાબ!' મેં કહ્યું અને તેની મોટી મોટી આંખોને જોઈ રહ્યો. ગુલાબી ગાલ, સફેદ આરસપહાણમાં કંડારેલી પરી જેવી લાગતી હતી. તેના ગુલાબી હોઠ જરા કંપીને સ્થિર થઈ ગયા... અમારી બન્નેની આંખો મળી અને ધડકન તેજ થઈ ગઈ.

'તમારી ગેરહાજરીમાં આ પંડિત મારી સેવા કરતો હતો. મને પાન બનાવી આપતો હતો.' ખાસાહેબે ફરી વાર કહ્યું અને ફરી વાર બેગમ મારી સામે ન જોઈ શકી. કદાચ તેને ડર લાગતો હતો કે ધડકન તેજ થઈ જશે અને હૃદય બંધ પડી જશે તો... તે પીઠ ફેરવીને ગઈ, પણ ઈત્રની ખુશબૂ ઓરડામાં ભરતી ગઈ. પરદો સળવળીને સ્થિર થઈ ગયો. હું એ બારણા વચ્ચે લટકતા પરદા સામે ક્યાંય સુધી જોતો બેસી રહ્યો. કાશ એ ફરી વાર સળવળે... અને ફરી એક વાર પરીનો ગુલાબી ચહેરો જોવા મળે... પણ પરદો ઢળેલો જ રહ્યો. પરદાની જેમ મારું મસ્તક પણ કિતાબમાં ઢળેલું જ રહ્યું. ભણવાનો રસ ઊડી ગયો. ઘેર આવ્યો ત્યારે હું નક્કી ન કરી શક્યો કે સલમા પ્રત્યે મને સહાનુભૂતિ હતી કે પ્રેમ? બન્ને વચ્ચે અટવાતો હું પથારીમાં પડ્યો...

બીજે દિવસે બહાર નીકળ્યો તો ખાંસાહેબના ઘર પાસે ટેલિફોન ખાતાની ગાડી ઊભી હતી. ખાંસાહેબના ઘેર લેન્ડલાઈન ફોન ફિટ થતો હતો, તારમાંથી દોરડું ખેંચી કનેક્શન અપાતું હતું, તે દિવસે મેં ખાંસાહેબને પૂછ્યું: ખાંસાહેબ તમારો ફોનનંબર આપો, હવેથી હું ફોન કરીને પાઠ શીખવા આવીશ.

ખાંસાહેબના ચહેરાનો ભાવ બદલાઈ ગયો.. ટોલિયુ માથું ખંજવાળતાં તેમણે કહ્યું, પંડિત... ફોન તો મેં બેગમ માટે લીધો છે. અમજદગઢમાં મારા ખર્ચે બેગમના ઘરે પણ ફોન ફિટ કરાવ્યો છે... બિચારી માબાપ, ભાઈબહેન સાથે વાત કરે તો બે ઘડી તેનું દિલ બહલે.. જો પંડિત, ઔરત પીંજરનું પંખી

નથી. શરિયતની કેટલીક બાબતોની ખિલાફ છું... મારા ઘરમાં ઔરતને કોઈ બંધન નથી, અઠવાડિયામાં બજારમાં ખરીદીએ પણ જઈ શકે, નાટક સિનેમા જોવાની પણ છૂટ છે, હા, પણ પર્દાનશી થઈને! જમાનો ખરાબ છે. હુલ્લડ વખતે ઔરતોની બહુ બેઈજ્જતી થઈ હતી એટલે બુરખો રાખવો પડે છે.

મેં પાન બનાવ્યું, આપ્યું, તે વખતે પાન પકડતાં તેમના હાથનાં આંગળાં ધ્રૂજતાં હતાં. મેં પૂછ્યુંઃ 'ખાંસાહેબ... હાથમાં કંપવા જેવું લાગે છે.'

'ના.. ના.. મેં આખું બોડી ચેકઅપ કરાવ્યું છે. કોઈ બીમારી નથી.' તે એકદમ ઝડપથી- એકીશ્વાસે બોલી ગયા. 'મારી નજર વારંવાર બારણા વચ્ચેના પરદા તરફ જતી હતી. બાજુના કમરામાંથી સ્ત્રીપુરુષોનો એકસાથે મોટેથી હસવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો, ખાંસાહેબ તે તરફ લક્ષ આપતાં નહોતા, પણ વારંવાર અવાજ મોટો થતો જતો હતો એટલે કંટાળીને તેમણે ઘાંટો પાડ્યોઃ 'હા-રૂ-ન!'

હારૂન પરદો ખસેડી અંદર આવ્યોઃ જી અબ્બા!

'કોણ આટલું જોરથી હસે છે?'

'અમે બધાં!'

'અમે બધાં?'

'અમે બધાં મતલબ...' હારૂન ગૂંચવાયો. 'હું, અમ્મી, મરિયમ... બધાં પત્તે રમીએ છીએ.'

'ઓ.કે.!' ખાસાંહેબ પરાણે મલક્યા... 'રમો... શોખસે રમો!' પછી મારી સામે જોતાં હારૂનને કહ્યું, 'પંડિત માટે ચાનો ઈન્તજામ કરો.' મારી ધડકન તેજ થઈ ગઈ. હમણાં પરદો દૂર થશે અને સલમાનો મોટી મોટી આંખોવાળો ગુલાબી ચહેરો જોવા મળશે, પણ ત્યાં તો પરદો ખસ્યો અને સલમાને બદલે શીતળાના ચાઠાંવાળો ચહેરો લઈને મરિયમ ઊભી હતી, હાથમાં ચાની ટ્રે હતી. મારી ચા પીવાની ઈચ્છા મરી ગઈ. ચા બેસ્વાદ લાગી.

થોડા દિવસો પસાર થઈ ગયા. હું સાઇકલ લઈને કોલેજ જવા નીકળતો ત્યારે ખાંસાહેબના મકાનની પાઈપમાંથી જે પાણી ખુલ્લી ગટરમાં પડતું હતું તેમાં સુગંધી સાબુનાં ફીણ જોવા મળતાં, હું સમજી જતો. સલમાને સ્નાન કરવા માટે ખાંસાહેબ ખાસ સુગંધી સાબુ લાવી આપતા હતા! જોકે લગ્ન પછી દિવસે દિવસે ખાસાહેબના સ્વભાવમાં પરિવર્તન આવતું જતું હતું. મારી આવનજાવન તેમને ગમતી નહોતી. તેમનાં દીકરા-દીકરી સાથે પણ નાની નાની વાતોમાં તકરાર થઈ જતી હતી. બારીઓ બંધ રહેતી, પણ અંદરના ઝઘડાઓ બંધ રહેતા નહોતા. કેટલીક વાર અંદરના ઝઘડાનો અવાજ સાંભળી બહાર રસ્તા પર મહોલ્લાના લોકો એકઠા થઈ જતા અને એકબીજા પર થતા આક્ષેપોને કાન દઈને સાંભળતા હતા, માંહોમાંહ ગુસપુસ કરતા અને એકબીજાને હાથતાળી દઈને હસતા હતા, ખાંસાહેબનું ત્રીજું લગ્ન મહોલ્લા માટે મજાકનું સાધન બની ગયું હતું. મારા એક મિત્રે મારા કાન પાસે મોં લાવીને ત્યાં સુધી કીધું કે ગિલાનીસાહેબ કમજોર થઈ ગયા છે એટલે ગુજરીના હમીદચાચા હકીમ પાસે ખાસ યુનાની ચાટણ તૈયાર કરાવે છે અને સવારે મધ સાથે ચાટે છે. કુટુંબમાં વિખવાદ અને કસીદગી પેદા થઈ ગઈ છે.

હવે ખાંસાહેબ બજારમાં ઓછા દેખાતા હતા, ઘરમાં પુરાઈ રહેતા હતા, એક વાર અનાયાસે મસ્જિદ પાસેના ખાંચામાં મળી ગયા. હું નજર બચાવીને છટકવા માગતો હતો, ત્યાં તેમણે ટપાર્યોઃ પંડિત, નજર બચા કે ભાગ રહે હો. નહીં ચલેગા.. હું ઊભો રહી ગયો. ખભે હાથ મૂકી વહાલથી કહ્યુંઃ કાલથી ઉર્દૂ શીખવા આવજે. એકલા ગમતું નથી. ઉર્દૂની સરસ કિતાબો આવી છે.

હું લાલચવશ બીજે દિવસે તેમના ઘેર પહોંચી ગયો, સલમા જાતે ચાની કીટલી સાથે હાજર થઈ ગઈ. સ્મિત ફરકાવતાં મને આદાબ કહ્યું. મેં પણ આદાબ કહ્યું. ગાલ પરથી ગુલાબની પાંખડી સુકાઈ ગઈ હતી અને આંખોમાં સહરાની તરસ ફૂટી નીકળી હતી, જે અછાની રહેતી નહોતી. સલમા ચાલી ગઈ એટલે લાંબું બગાસું ખાતા ખાંસાહેબે ઊભા થતાં એક કિતાબ આપી અને કહ્યુંઃ ઘરમાં જીવ મુંઝાય છે, એટલે જરા કિતાબઘર તરફ જઈએ. 'જી હજૂર...' મેં કહ્યું અને પાન બનાવી આપ્યું. પાન ગલોફામાં મૂક્યું. ગાલનો એક ભાગ ઊપસી આવ્યો, માથા પર સુરખાબની ટોપી ધારણ કરી અને હેંગર પર લટકતો કોટ પહેરતાં કહ્યુંઃ 'સાવ નવોનક્કોર છે. રહીમે તેના પહેલા પગારમાંથી બનાવી આપ્યો છે. પહેલી વાર ધારણ કરું છું.' આદમકદ અરીસામાં પીઠ આગળપાછળ ફેરવીને સિલાઈ જોવા લાગ્યા પછી આગળનાં બટન બીડવાં લાગ્યા, પણ આંગળાંમાં કંપારી શરૂ થઈ જતાં બટન ગાજમાં પરોવી શકાતાં નહોતાં, એ બેબાકળા બની ગયાઃ રહીમ!

'અબ્બાહજુર!' કહેતો રહીમ પરદો ખસેડીને દોડી આવ્યો.

'આ ગાજ સાંકડાં છે અને બટન મોટાં છે - કોની પાસે સીવડાવ્યો આવો કોટ?'

'ગાજબટન બરાબર માપસર છે, ઉમ્મરને કારણે આપના હાથનાં આંગળાં કંપે છે, આંગળાંમાં તાકાત નથી, જડ થઈ ગયા છે.'

'સુવ્વર! તું મને સલાહ આપે છે!' ખાંસાહેબનો ચહેરો તપી ગયો. અત્યાર સુધી આંગળાં ધ્રૂજતાં હતાં, હવે ગુસ્સાને કારણે શરીર ધ્રૂજવા લાગ્યું. 'મારા આંગળાંમાં તાકાત નથી? આ જો મારી તાકાત!' કહેતાની સાથે તેમણે કોટનું બટન તોડી નાખ્યું. હું સમજી ગયો. મામલો બેકાબૂ બની જાય તે પહેલાં હું નીકળી જવા માગતો હતો. એટલે ફર્શ પર પડેલાં સફેદ ઘટ્ટ વીર્યના ગોળ મોટા ટીપા જેવા બટન પર એક નજર નાખી હું ધીમેથી સીડી ઊતરી ગયો!' **મ**



ગિરીશ ભટ્ટ

# કન્યાવિદાયનાં દૃશ્યો

*આમ તો વિજ્ઞાન, ગણિતનો સ્નાતક. એલઆઇસીનો નિવૃત્ત ક્લાસ-વન કર્મચારી. પણ શૈશવથી વળગ્યો છે આ મહારોગ - લખવાનો. ૬ નવલકથા, ૧ કાવ્યસંગ્રહ, ૨ વાર્તાસંગ્રહોઃ રેખલીનું મન, એક અનુરાગીની વાત. સુરત સાહિત્ય સંગમ નર્મદ સભાનું વાર્તા માટેનું ઇનામ પણ મળ્યું. સારું લખાય છે ત્યારે સૌથી મોટો પુરસ્કાર મળે છે પ્રસન્નતાનો.*

***પ્રશાંતિ નિલયમ માધવનગર***
***સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧***
***ફોનઃ ૦૨૭૫૨-૨૨૫૧૨૬***

માત્ર જેન્તીભાઈ કહો તો ખાસ ના વળે; સાંભળનાર ગૂંચવણમાં પડીને પૂછે - 'ભૈ... કયો જેન્તી?'

એક જ શબ્દ ઉમેરાય ને પેલો ઉત્સાહથી કહે - 'ઓહો! લગનના વિડિયા ઉતારે છે એ જેન્તીને? કે'વું પડે તેની કારીગરીનું! શું સરસ ફિલમું ઉતારે - કન્યાવિદાયની? માસ્ટરી છે જેન્તીની. ખુદ કન્યા જ આગ્રહ રાખે જેન્તીનો.'

જવાહર પ્લોટ હોય કે કંસારા ગલી - બધે એકસરખું જ સાંભળવા મળે; શબ્દો ભલે જુદા હોય, પણ હાર્દ તો એક જ. કોઈ કહે - 'ભારે કસબી' તો કોઈ કહે - 'અરે, મુંબઈનો ફલી મિસ્ત્રીયે પાણી ભરે, જેન્તી સામે.'

કાર્યપદ્ધતિ સાવ અલગ. તે પ્રશ્ન કરે - 'કયું સ્થળ લગ્નનું? કન્યાવિદાયનો સમય?'

અને એ પરથી ક્યાસ કાઢે કન્યાવિદાયના વાતાવરણ વિશે. ને પછી ઠાવકાઈથી કહે- 'બહેનબાને બોલાવો બે મિનિટ. દર્શન કરી લઉં જરા.'

ખાસ, ઘરે જાય આ માટે. પેલી આવેય ખરી, હસતી હસતી, લજ્જાતી લજ્જાતી, ડ્રેસ પરની ઓઢણી સરખી કરતી. તે અવલોકે ચહેરાને. હસતો ચહેરો જુએ, રડવાની કલ્પના કરે. કન્યા તો ત્યારે રડતી જ હોયને, વિદાય વખતે. કયા એન્ગલથી ફોટા લેવા, કયો ભાવ મુખર કરવો, કઈ રીતે ઝડપીને કલાત્મકતા મેળવી શકાય. આ બધી નોંધો મનોમન રાખે ને પછી તેની ડાયરીમાં લખી લે. પછી આગલી રાતે ચિંતન કરે એ વિશે. ત્યારે તો છોકરી પાનેતરમાં હોય, હોય એના કરતાં વધુ સુંદર બને. સહજ લાગતી હોય. એ બધુંય આવી જાય. વાડીએ જઈને વિડિયો લેવાનાં સ્થાનો નક્કી થઈ જાય. અરે કન્યાને અનુરૂપ ગીત પણ નક્કી થઈ જાય - વિડિયોમાં મૂકવાનું.

પછી, પિસ્તાળીસ વરસના જેન્તીભાઈનું કામ બોલે જ ને? આટલી ખેવના કોણ રાખે?

એક ડાયરીમાં બધાં લગ્નગીતો જ - પ્રાચીન, અર્વાચીન; શ્રમ કરીને મેળવેલાં. કોઈ સસ્તી ચીજ ન હોય, એમના કલેક્શનમાં. ગીત-ગઝલ હોય, કવિકર્મ હોય, ક્યારેક સ્વસર્જન પણ હોય.

વિડિયોગ્રાફી પ્રથમ વખત સંભાળવી પડી ત્યારે વય માંડ અઢાર-ઓગણીસની. જેન્તીભાઈ ક્યારેક સ્મરણગઠરી ખોલે. સરસ શ્રોતા મળી જાય ને એ ખીલે, ખૂલે; આખો સમય પડખું ફરી જાય. કેટલા અનુભવો, અવસરો, માહિતીઓ, સંઘર્ષો શબ્દદેહ પામે? નવા પ્રેમસંબંધોની વાતો આવે. કન્યા અને વરની ભીતરની રસિક વાતો આવે ને સાથોસાથ, જેન્તીભાઈના વિકાસનાં તમામ પગથિયાંઓ પણ લાવી જાય. પણ એ બધાનું રહસ્ય કંઈ બધાંને ન કહેવાય. એક વાતથી તો પત્ની પણ અજાણ હતી. માત્ર તે એકલા જ લીન થઈ જાય ક્યારેક. એ કન્યા હજીયે આબેહૂબ તરવરે સ્મરણમાં. ત્યારે ક્યાં પરણ્યા હતા, પલ્લવીને? બસ, વિડિયો ઉતારતા હતા - એ સજેલી કન્યાઓના. એમાંની એકે તેમને ઊંઘમાંથી ઉઠાડીને હળવેથી પૂછ્યું હતું - 'જેન્તીલાલ, તૈયારી છે મને ભગાડી જવાની? અત્યારે જ હમણાં જાગી જશે - એ પહેલાં!'



જેન્તીભાઈ એ કન્યા, એ નામ ક્યાં ભૂલ્યા હતા હજીયે?

**(૨)**

સવારે, બરાબર નવને ટકોરે એકવીસની પાવની ચાની કીટલી લઈને ઘરની મેડીનાં પગથિયાં ચડતી હોય. રોજનો નિયમ. છેક બારની હતી ત્યારથી. સાચવી સાચવીને પગથિયાંઓ ચડતી.

ને હવે તો સાવ પરિચિત થઈ ગયાં હતાં પગથિયાંઓ. ટપોટપ ચડી જતી, ચાની કીટલી સાથે.

જેન્તીભાઈ તો કામમાં પરોવાયેલા હોય. તે ખલેલ પાડ્યા વિના, ટિપોય પર કીટલી મૂકે, અવલોકે આખા ખંડને. જરા મન ચચરે, અસ્તવ્યસ્તતા નિહાળીને. પલ્લવી કહેતી - 'એ રામ તો એમ જ રહેવાના. પનુ એ તરફ ધ્યાન જ નહિ આપવાનું. મેડી એમની અખિયાતી.' આમ તો પત્ની જ એના પુરુષને સવિશેષ જાણેને? પલ્લવી બારની, તેરની કે ચૌદની પાવનીને એકલી મેલીને, બારણું અડકાડીને મેડી પર જાય ને પેલો પુરુષ શું કરે? તેને કામે વળગાડી દે. લે, લખી નાખ ગણપતિનું નવું ગીત, સારા અક્ષરે ડાયરીમાં. પછી શું કરે, એ સ્ત્રી? તરત સંકેત કરે - 'કોને, આને પરણ્યા છો?'

પણ જેન્તીભાઈ તો સાંભળ્યું, ન સાંભળ્યું કરીને અનુસંધાનમાં આગળ વધે - 'ને પછી આ કન્યાવિદાયનું ગીતેય લખી નાખજે, બીજી ડાયરીમાં!

કેટલાય મુકામો સુકાઈ ગયા હતા, માર્ગના. બસ, એક જ ધૂન લાગી હતી - કામને કલાનો દરજ્જો આપવાની. ખાલી, દૃશ્યો પર કેમેરા માંડવાથી તો સપાટી જ આવવાની હતી, પરંતુ એની ઊંડાઈનું શું? ત્રીજું પરિમાણ એમ જ રહી જાય નોંધારું? ભાવો ઊપસવા જોઈએને, કચકડાની પટ્ટી પર? એમ જ લાગવું જોઈએ કે કન્યાનું હૃદય નીતરે છે, ઝૂરે છે - વિદાય વેળાએ. આથી મોટી વિદાય ભાળી હતી, આખી દુનિયામાં? તે ગદ્‌ગદ બની જતા - ચિંતનની વેળાએ. ને પછી તો જેન્તીભાઈએ પ્રાણ રેડી દીધા હતા - આ કચકડાના માધ્યમને કળાત્મક બનાવવામાં.

અને પરિણામ નજર સામે જ હતું, નેત્રદીપક હતું. આખું ગામ એકઅવાજે કહેતું હતું, ભૈ... કન્યાવિદાયનાં દૃશ્યો તો જેન્તીભાઈનાં. આંખો ભીની થઈ જાય, એ જોતાવેંત. ને એ કન્યાઓ ભાવવિભોર બની જતી - વિડિયો જોતાં જોતાં. આવી સિચ્યુએશનમાં મિલનનું કામ નહિ. એ તો સાદી વિડિયોગ્રાફી કરી જાણે.

**(૩)**

બીજી વાર મહેમાન આવવાના હતા ત્યારે પલ્લવીએ કહ્યું હતું - 'જુઓ, તમારે હાજર રહેવું જ જોઈએ.'

પણ ક્યાં આવી શક્યા હતા જેન્તીભાઈ? મિલન આવી ગયો, સમયસર, બોલ પનુ, શું લાવવાનું છે નાસ્તામાં, કહે તો. આ વખતે તો તેણે ડ્રેસ બાબત પણ પાવનીને સલાહ આપી હતી.

'પાવની... તને આ ખૂલતા કલરનો જામશે. ને આંટાફેરા કરવા પડે એમાંય.... કમ્ફર્ટેબલ. પપ્પા - ને? આવી જશે - એમ કહેતા'તા. ઈન્સ્ટ્રુમેન્ટ બગડી ગયું છે, એની પંચાત છે ને? બોસ તો પૂર્ણતાના આગ્રહી. બધું જ ટનાટન જોઈએ.'

કિશોરભાઈ સાથે ફોન પર વાત કરી એ પણ લગભગ એ જ વિષયની. પલ્લવીનો જીવ અધ્ધર ચડી ગયો હતો. રસોડામાં પાવની થીજી ગઈ હતી. મિલન મૂક બની ગયો હતો.

કિશોરભાઈએ હસીને કહ્યું હતું - 'તો પછી, જેન્તીભાઈ, કામ અમારા કરતાંય આગળ નીકળી ગયું! તમે કહ્યું હોત તો અમે એવો સમય પસંદ કરત કે...!'

એ લોક ગયા પછી મિલને રૂમાલ વતી પાવનીની આંખો લૂછી હતી, પીઠેય પસવારી હતી - સાવ સહજ રીતે.

ને આવા ત્રીજા અવસરે તો પાવનીને ખુદને થયું હતું કે તે સાંત્વના આપતા મિલનને ખભે માથું મૂકીને મોકળી બનીને રડી પડે.

જોકે જેન્તીભાઈ મોડા મોડાયે આવી પહોંચ્યા હતા, માત્ર એટલું જ બોલ્યા હતા - 'ભારે થઈ, આ વખતે પણ.'

પાછું ઉમેર્યું - 'એ તો થઈ જશે. પાવની માટે તો એક કરતાં અઢાર ઠેકાણાં છે. શું કહેવાપણું છે પાવનીમાં? કેવી જામે વિડિયોગ્રાફીમાં? વિઝન જોઈએ વિઝન. તપ છે આટલાં વર્ષોનું. કન્યાને જોઉં ને આખી ગણતરી મંડાઈ જાય; એંગલની, સાઈટની, લાઈટની, ભાવ-અભિવ્યક્તિની. એની તો નામના છે. ના, મિલનનું કામ નહિ.'

'એ તો થઈ જશે. પાવની માટે તો એક કરતાં અઢાર ઠેકાણાં છે. શું કહેવાપણું છે પાવનીમાં? કેવી જામે વિડિયોગ્રાફીમાં? વિઝન જોઈએ વિઝન. તપ છે આટલાં વર્ષોનું. કન્યાને જોઉં ને આખી ગણતરી મંડાઈ જાય; એંગલની, સાઇટની, લાઇટની, ભાવ-અભિવ્યક્તિની. એની તો નામના છે. ના, મિલનનું કામ નહિ.'

બીજી સવારે, નવ વાગ્યે પાવનીએ કહ્યું હતું - 'મમ્મી, તું જ દઈ આવને, ચાની કીટલી.'

તેણે પુત્રીને કશું કહ્યું નહોતું, ચૂપચાપ કીટલી લઈને દાદર ચડી હતી, અને એમ જ ઊતરી હતી.

પાવનીનું ધ્યાન ગયું હતું કે રૂમાલ તો ભૂલી ગયો એ, ગઈ કાલે! તેણે જેન્તીભાઈના ગયા પછી મેડી પર જઈને ડાયરી ફંફોસી હતી, મિલનના ફોન નંબર માટે.

સમાચાર મળ્યા ત્યારે જેન્તીભાઈ ઊંડા ચિંતનમાં હતા. પાર્ટી પ્લોટની હવામાં પસીનાવાળાં વસ્ત્રો પરની સેન્ટમિશ્રિત ગંધ હતી, પણ તેમને કશું જ વળગતું નહોતું જાણે! મનોમન ગણતરીઓ ચાલુ હતી. ગૌર કન્યા અને ભીનેવાન મુરતિયાનાં દૃશ્યોના મેળ છેવટના ક્રમના કન્યાવિદાયના અવસરમાં મેળ બેસાડવાનો હતો, રંગોના કોન્ટ્રાસ્ટને કલાત્મકતાથી કંડારવાનો હતો.

બસ, ત્યારે જ સુમંતે આઘાતજનક સમાચાર આપ્યા હતા - 'જેન્તીકાકા, આપણી પાવનીને પેલો, તમારો સહાયક મિલેનિયો ભગાડી ગયો. ને કાકા...'

તે શ્વાસ લેવા અટક્યો, પણ મૂળ વાત કહેવાઈ ગઈ. ચહેરો બદલાઈ ગયો જેન્તીભાઈનો.

'હેં... મિલન...?' ચીસ જેવો શબ્દ નીકળ્યો હતો, કંઠમાંથી.

'ને કાકા... એ લોકોનાં લગ્ન પણ આટોપાઈ જ ગયાં હશે કદાચ.' સુમંતે વાત કહી જ નાખી.

હવે વધુ શું જાણવાનું રહ્યું હતું? ક્રોધ જ જન્મેને? હા, જેન્તીભાઈને ક્રોધ જ જન્મ્યો હતો, અમાપ ક્રોધ.

પણ એ વચ્ચેના પોલાણમાં શું થયું હતું? કેટલાંક દૃશ્યો ઝડપથી ભજવાઈ ગયાં હતાં. સાવ સહજ રીતે. ટેવવશ કૂદી પડ્યા હતા જેન્તીભાઈ, એ દૃશ્યોમાં.

ને પછી તો તે દૃશ્યોની અંદર પણ હતા, બહાર પણ હતા.

પાવની પલ્લવીને ભેટી જ પડેને? અરે, વળગી જાય જેમ વેલ...! પાવનીનો ડાબા ગાલ પરનો તલ તો આવવો જ જોઈએ અને લાલ પાનેતરની ભાતવાળી પાતળી કિનાર તો ખાસ દેખાવી જોઈએ. તે પલ્લવી તરફ આવે, વાળની વેણી સરી પડે, ને એ જ પાછી કચડાય, તેના પગની ગતિથી. કેવું જામે? આનું નામ કલા.

મિલન, તારે એનો સ્નેપ લઈ લેવાનો - જાળીની ડિઝાઇન બેકગ્રાઉન્ડમાં હોય એ રીતે. સમજ પડીને? પણ મિલન તો સાફો પહેરીને બેઠો હશેને, એ સમયે! હા, તેણેય ગંભીર બની જવાનું. ન ચાલે. જેન્તીભાઈ કશું જ ન ચલાવી લે. પરફેક્શન એટલે પરફેક્શન!

પલ્લવી, આપ આશીર્વાદ દીકરીને. જરા ત્રુટક શબ્દોમાં, ગદ્ગદ થઈને. હં બરાબર.

ઓતપ્રોત થઈ ગયા, જેન્તીભાઈ.

એકસાથે કેટલી પાવની - બારની, પંદરની, પાંચની, અઢારની, એકવીસની દેખાઈ હતી? નૃત્ય કરતી, પાટીપેન લઈને શાળાએ જતી, ચાની કીટલી લઈને મેડીનાં પગથિયાં ચડતી-ઊતરતી, રીસ ચડાવતી, મનામણાં કરતી. ગદ્ગદ થઈ ગયા જેન્તીભાઈ. પાવનીના ટોળામાંથી માંડ એક પાવનીને અલગ તારવીને તે બોલ્યા હતા - 'સુખી થા, દીકરી.' **મ**

## ‘મમતા’ વાર્તામાસિકને આવકારતાં આનંદ થાય છે



“આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક”ના શુભ આશયથી આરંભાયેલા આ કાર્યને આપણે સહકાર આપી એની યાત્રાને વણથંભી રાખીએ અને આવતી કાલના લેખકોનું સન્માન કરીએ.

**‘ગુર્જરી ડાયજેસ્ટ’ પરિવાર તરફથી ‘મમતા’ને**
**હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ**

૧૯૮૮થી અમેરિકાથી પ્રગટ થતું ગુજરાતી ત્રિમાસિક ‘ગુર્જરી ડાયજેસ્ટ’ ૨૪ વર્ષ પૂરા કરી ૨૦૧૨માં પચીસમાં વર્ષમાં પ્રવેશે છે અને રજતજયંતી ઉજવવાની તૈયારી કરી રહ્યું છે. ગુર્જરીના આગામી અંકો માટે વાચકોને વાર્તા, નિબંધ, કાવ્ય, લઘુકથા, સ્વાનુભવના પ્રસંગો કે ચિંતનપ્રધાન લેખો મોકલવા નિમંત્રણ છે. ઈ-મેઇલથી લખાણો આવે એ ઇચ્છનીય છે.

લેખો મોકલવા તથા લવાજમ સંબંધી માહિતી માટે અમેરિકાનો સંપર્કઃ

**સંપાદક/પ્રકાશકઃ કિશોર દેસાઈ**
130 Lattice Lane, Collegeville, PA 19426
email: gurjaridigest@gmail.com



વસુધા મ. ઇનામદાર

# અપ-ડાઉન

*અમેરિકા નિવાસી વસુધા ઇનામદાર મરાઠી તેમ જ ગુજરાતીમાં નિબંધ, કવિતા વાર્તાઓ લખે છે. મરાઠીમાંથી તેમણે નવલકથાઓ પણ અનુવાદિત કરી છે. અમેરિકામાં હાલ વસુધા બહેન સામાજિક કાર્યકર તરીકે સેવા આપે છે. વસુધા બહેન સ્ત્રીપાત્ર-પ્રધાન સામાજિક વાર્તાઓ માટે જાણીતાં છે. આ વાર્તા એમણે ખાસ "મમતા" માટે લખી મોકલી છે.*


**mdinamdar@hotmail.com**

આખા દિવસના કામકાજથી કંટાળેલા અને થાકેલા માણસોનું ટોળું પાણીના રેલાની જેમ આણંદના રેલવે સ્ટેશન તરફ જઈ રહ્યું હતું. તૂટી ગયેલા તરાપાની જેમ સેજલ પણ એમાં ભળી ગઈ. ટ્રેન સ્ટેશનની નજીક આવતાં જ એને થયું, આજની લોકલ ટ્રેન ચૂકી જવાશે તો? એ વિચાર માત્રથી એના પગમાં ગતિ આવી. સેજલે વિચાર્યું, આજે કેમ આમ થાય છે? શરીરને કોઈએ ભાંગી નાખ્યું હોય ને પોતે એને મારીમચડીને બેઠું કર્યું હોય એમ કેમ લાગે છે? સિટી બસમાંથી ઊતરતાં પગથિયું ચૂકી જવાયું. સારું થયું કે કોઈ અજાણી પેસેન્જરે એને પકડી લીધી. તે એમને 'થેન્ક્યુ' પણ ના કહી શકી. એણે આસપાસ નજર ફેરવી. ટ્રેન આવવાને હજી વાર હતી. સેજલે પરસેવો લૂછ્યો. હાથમાંની નાનકડી બેગ નીચે મૂકવા એ વાંકી વળી, કમ્મરના દુઃખાવાને કારણે એના મોઢામાંથી ચીસ નીકળી પડી. એને થયું, આમ રેસના ઘોડાની જેમ ક્યાં સુધી દોડીશ?

ટ્રેન આવતાં જ તે માંડ માંડ ટ્રેનમાં ચઢી. ટ્રેનમાં બેસવાની જગ્યા નહોતી. નોકરી દરમિયાન તે પોતાનાં દીકરા-દીકરીને ભુલાવી દેતી, પણ આમ એકલી પડતાં જ મનમાં ખેંચતાણ શરૂ થતી. કેતનને મળવા જતી તો દીકરી પલકને માટે જીવ બાળતી. આજે પલકની વર્ષગાંઠ છે, પણ કેતનની બીમારીની વાત સાંભળીને એણે સુરતની ટિકિટ લીધી. સ્ટેશન પરથી રિક્ષા કરીને તે સીધી ઘરે આવી. ત્રણ વર્ષનો કેતન 'મમ્મી, મમ્મી' કહીને વળગી પડ્યો. સેજલે એને પરાણે ઊંચકીને વહાલ કર્યું, કમ્મરમાં એક જોરદાર સણકો આવીને જીભના ટેરવે અટકી ગયો.

'સેજલ આવી તું?' આ વખતે તો પૈસા લાવી છે ને? કેતનની ફીના પૈસા અને એની દવાના પણ!' સેજલ ક્ષણ પર ત્યાં જ ઊભી રહી. હંમેશની જેમ સાસુને પગે લાગી. એમણે સેજલના માથે હાથ મૂક્યો. પળવાર સેજલ માટે એમને સ્નેહ ઊભરાઈ આવ્યો.

રસોડામાંથી દીપકની વહુ ગીતા પોતાના ચહેરા પરનો અણગમો છુપાવી હાથ લૂછતી બહાર આવી, 'ઓહ, આવી ગયાં ભાભી?' વાહ ભાઈ વાહ તમારે તો મજા! એક શનિ, રવિ અમદાવાદ ને બીજા અઠવાડિયે સુરત! ને મારે આ ત્રણ છોકરાંની જફા! એમના માટે ઊઠબેસ કરવાની, એમની પાછળ ભમરડીની જેમ ફરતાં રહેવાનું. તમારે તો લહેર છે, બેઠાં બેઠાં ઓફિસમાં કામ કરવાનું. આવી હતી એટલી જ ઝડપથી તે પાછી જતી રહી. જતાં જતાં સાહિલ અને સરીનાને જમવા માટે લેતી ગઈ.



કિશોર રાવળ

સેજલ પોતાનાથી પાંચ વર્ષ નાની દેરાણી ગીતાનો ઠસ્સો અને રુઆબ જોઈ જ રહી. સેજલનો દિયર દીપક જમતો હતો, એણે સેજલની સામે દૃષ્ટિપાત કર્યો ને જમવાનું ચાલુ રાખ્યું. ગીતાએ જાણી જોઈને કેતનને જમવા નહોતો બોલાવ્યો,

પણ સાસુ સામે જોઈને તે બોલી, 'કેતન, ચાલ જમવા કે આજેય રિસાયા છો? કે પછી શાક નથી ભાવતું કહીને રડવાના છો? રોજની જેમ આજે પણ બા પાસે ઘી-ગોળ ને ભાખરી જ ખાવાના છો? આ બા છે ને તમારાં લાડ લડાવવાવાળાં...'

કેતન હિંમતભેર એની સામે આવીને બોલ્યો, 'હું મમ્મી સાથે જમીશ.' સેજલની આંખો ભરાઈ આવી. એ આંસુ લૂછે એ પહેલાં જ બા બોલ્યાં, 'સેજલ જરા વધારે પૈસા આપતી જજે. કેતનને ભાવતી ચીજ-વસ્તુ ખવડાવવા.' સેજલે પાંચસોની ત્રણ નોટો કાઢીને આપી, એ જોઈને ગીતા બોલી, 'પૈસા કમાવ છો એનું જોર છે. એટલે જ સ્તો બાને તમારા વિશે કોઈ ફરિયાદ નથી. એમને તો મોંમાગ્યો ચઢાવો મળે છે ને!' બા ગરજી પડ્યાં, 'હવે બસ કર જરા. એને પાણી તો આપ...'

'હાં...હાં... હું તમારાં સહુની નોકરડી - કેતન માટેની રાત-દિવસની ઊઠબેસ ઓછી હોય તેમ મેડમ સેજલ...!'

'ગીતા રહેવા દે મારે પાણી નથી પીવું.' સુકાઈ ગયેલા ગળામાંથી એણે પ્રયત્નપૂર્વક થૂંક નીચે ઉતાર્યું.

બાએ ગુસ્સામાં જ ગીતાની સામે જોયું, 'જા આપણાં બધાંનું ખાવાનું પીરસ. તારા તો હાથ ઓછા ને જીભ વધારે ચાલે છે.' કેતન સેજલની સાડી પકડીને લપાઈ ગયો.

કેતને કહ્યું, 'મમ્મી, મમ્મી આ વખતે તું મને દીદી પાસે લઈ જજે.' સેજલ પ્રેમપૂર્વક માથા પર હાથ ફેરવતાં બોલી, 'લઈ જઈશ હં બેટા!'

સેજલના પતિનું બે વર્ષ પહેલાં કંપનીના કામ માટે બહારગામ જતાં અકસ્માતમાં મૃત્યુ થયું. એ કંપનીએ રોકડા પૈસા અથવા સેજલને કાયમી નોકરી આપવાની દરખાસ્ત મૂકી. સેજલે જે દિવસથી નોકરી સ્વીકારી ત્યારથી જ દીપકના મનમાં આંટી પડી છે. 'હું છું તો પણ ભાભીને નોકરીની શી જરૂર? પણ થોડા સમયમાં જ ભાઈના મૃત્યુ પછીની ભાભી પ્રત્યેની સહાનુભૂતિ સ્વાર્થમાં પલટાઈ ગઈ. ભાભીએ પૈસા લીધા હોત તો ઉપલા માળે મોડર્ન સ્ટાઈલના બેડરૂમ અને બાથરૂમ બંધાવી લીધાં હોત, પણ માએ અને ગીતાએ પણ ત્યારે પોતાની સામે બગાવત કરીને સેજલને નોકરી લેવા સમજાવી અને પોતાના મનસૂબા પર પાણી ફરી વળ્યું! ભાભી નોકરી કરે એ વાત એને પસંદ નહોતી. તો જુવાન વિધવા જેઠાણી ઘરમાં બેસી રહે એ ગીતાને પસંદ નહોતું. એથી જ પતિની વિરુદ્ધ જઈને એણે સેજલને ટેકો આપ્યો હતો, ઉપરાંત કેતનની સંભાળ રાખવાનું સ્વીકાર્યું હતું. થોડા જ સમયમાં એને કેતનની સંભાળ બોજારૂપ લાગવા માંડી હતી. કેતન અને બાનું એકત્વ એને સાલતું. સેજલ ઘરની બહાર રહીને લહેર કરે છે એવી માન્યતા એના મનમાં ઘર કરવા લાગી.

ગીતાએ તો ક્યારનુંય જાહેર કરી દીધું હતું કે તે હવે કેતનનું ધ્યાન નહિ રાખી શકે. એટલું જ નહિ, સેજલભાભીએ બાના ખાધાખોરાકીનો અડધો ખર્ચ ઉઠાવવો જોઈએ એવી માગણી એણે અવારનવાર કરી હતી. જમવાનું પત્યા બાદ સેજલે કહ્યું, 'દીપકભાઈ અને ગીતા, મારે તમને એક વાત કહેવાની છે. આ ઘર ઉપર તમારા જેટલો અમારો પણ અધિકાર છે. થોડા સમયમાં આ મકાન વેચીને અડધી અડધી રકમ વહેંચી લઈશું!'

ગીતા અને દીપક એકીસાથે બોલી ઊઠ્યાં, 'ભાભી તમારું મગજ ઠેકાણે છે ને! તમે શું બોલો છો તેનું તમને ભાન છે? અમને સહુને બેઘર કરવા માગો છો? અમે બધાં ક્યાં જઈશું?'

'કેટલાય સમયથી હું પણ બે-ઘર જેવી જ છું ને? તેનું તમને શું? હું રાત-દિવસ મહેનત કરું છું. શક્ય એટલી તમને પણ આર્થિક મદદ કરું છું. મારા દિલના ટુકડા જેવાં બાળકોને મેં બે દિશામાં જાણે ફંગોળી દીધાં છે. મારાં ભાઈ-ભાભીને સંતાન નથી, એટલે પલક ત્યાં સચવાય છે. આ બધાં ઉપરાંત અપ-ડાઉનમાં વહી જતી મારી જિંદગી ને ઉપરથી તમારા સહુની...'

'મકાન વેચવાની વાત શક્ય નથી. એટલું જ નહિ, બાને તમે લઈ જાવ. આટલાં વર્ષ અમે તેને રાખી જ છે?'

એના ગળે ડૂમો ભરાયો.

દીપક તરત જ બોલી ઊઠ્યો, 'મકાન વેચવાની વાત શક્ય નથી. એટલું જ નહિ, બાને તમે લઈ જાવ. આટલાં વર્ષ અમે તેને રાખી જ છે?' બાને મન થયું કહેવાનું કે 'દીપક, આ ઘર કોનું છે?' પણ તેઓ કશું બોલ્યાં નહિ.

દીપકની વાત તરફ ધ્યાન આપ્યા વિના સેજલ ક્યાંક ખોવાઈ ગઈ. થોડા દિવસ પર જ એની સાથે અપ-ડાઉન કરતી આરોહી જોડે થયેલો સંવાદ યાદ આવ્યો. તે કહેતી હતી, 'સેજલ, ફરી વાર લગ્ન કરી લે. આ અપ-ડાઉનની ઝંઝટમાંથી મુક્તિ મળશે. તારાં બાળકો પણ સચવાઈ જશે.' આરોહીની વાત સાંભળીને સેજલ મ્લાન હસી હતી. એને એમ જોઈને આરોહીએ અકળાઈને પૂછ્યું હતું, 'સેજલ, તારા પતિને બદલે તને અકસ્માત થયો હોત તો? તારા પતિએ શું તારી જેમ જ... અરે, ના... ના... એણે તો ક્યારનાંય લગ્ન કરી લીધાં હોત. મારું માન અને પુનર્લગ્ન વિશે વિચાર કર!'

દીપક અને ગીતા ચૂપ હતાં, પોતાની વાતનો પ્રત્યુત્તર ન મળતાં દીપકે પૂછ્યું, 'ભાભી, શું વિચાર્યું? હવે તમે મકાન રાખીને બાને તમારી સાથે રાખો અથવા બાના ખાધા-ખોરાકીના પૈસા...'

સેજલ ક્ષણેક ચૂપ રહીને બોલી, 'મકાન ન વેચીએ તો મારે શું કરવું? મને પણ પૈસાની જરૂર છે. આ બંને બાળકો ઉપરાંત આ નોકરી ને અપ-ડાઉન... મારી બહેનપણીએ મને પુનર્લગ્ન કરી લેવાની સલાહ આપી છે. દીપકભાઈ, એ વિશે તમારું શું માનવું છે?' દીપકથી ન સહી શકાય એવો કડવો સવાલ એણે કર્યો. દીપકે આગઝરતી નજરે એની સામે જોઈને જતાં જતાં બારણું પછાડીને બંધ કર્યું.

અત્યાર સુધી ચૂપ બેઠેલાં બા સેજલને જોઈ જ રહ્યાં. એમની અનિચ્છા છતાં એમનાથી રડી પડાયું, ને પછી રડતાં રડતાં તે બોલ્યાં, 'સેજલ દીકરી, તું આ શું બોલે છે? એક ભવમાં બે ભવ કરવા છે તારે? તેઓ પોતાના પાલવથી આંખ લૂછતાં બેડરૂમ તરફ વળ્યાં, પલંગમાં આડાં પડીને ઉઘાડી આંખે છતને તાકતાં રહ્યાં!'

'બા,' મોડી રાતે હળવા સાદે એમને સેજલ બોલાવી રહી હતી. એમણે સેજલને બેસવાનો ઈશારો કર્યો ને સેજલ સામે જોયું, પ્રેમાળ, પણ મક્કમ, નાજુક, પણ હિંમતવાળી એવી સેજલ બાની નજીક સરીને બોલી, 'બા, એક સવાલ પૂછું? ધારો કે તમારા દીકરાના બદલે મને અકસ્માત થયો હોત તો? તો તમે એને ફરી વાર લગ્ન કરવાનું કહેત કે નહિ? સાચું જ કહેજો, એમના એક ભવમાં બે ભવ...' ને તે ફરી પાછી જતી રહી.

બાના દિલમાં સેજલનો સવાલ આખી રાત પડઘાતો રહ્યો.

સવારે ઘરમાંથી નીકળતાં સેજલે કહ્યું, 'હું થોડા દિવસમાં જ બાને અને કેતનને લઈ જઈશ, ને દીપકની સામે જોઈ તે બોલી, દીપકભાઈ મેં કરેલા સવાલના જવાબની મારે ઉતાવળ નથી.' આ વાતચીત સાંભળી બા પણ ઓટલે આવીને ઊભાં રહ્યાં, સેજલ એમના નજીક જઈને બોલી, 'બા, તમે આવશોને મારી સાથે?'

ટ્રેન પકડવા જતી સેજલે રિક્ષા માટે હાથ ઊંચો કર્યો. રિક્ષાની ઘરઘરાટી સંભળાતી બંધ થઈ ત્યાં સુધી બા ત્યાં જ ઊભા રહ્યાં... દૂર દૂરથી આવતી ટ્રેનની વ્હીસલ વાતાવરણને કંપાવતી ગઈ. **મ**

---

હવે પછી નવો વિભાગ શરૂ થાય છે,

હવે પછી મમતામાં નવો વિભાગ શરૂ થશે

# 'જીવેલું ને માણેલું'



તમારા જીવનના અનુભવો ૫૦૦ શબ્દોમાં લખી મોકલો. અમને ગમશે તો તમારા નામ સાથે પ્રગટ થશે તમારા શબ્દોમાં તમારી રામકહાણી



# રોહિત પંડ્યા

# કાયાકલ્પ

*વડોદરાના વતની અને હાલમાં અમેરિકાસ્થિત. થોડીક કવિતાઓ અને વધારે વાર્તાઓ-નાટકો. ચાર પુસ્તકો - બે વાર્તાસંગ્રહ, એક લઘુનવલ અને એક એકાંકીસંગ્રહ. ૧૯૬૪માં વલ્લરી નામના વાર્તા માસિકની શરૂઆત જેમાં ચંદ્રકાંત બક્ષી, પ્રબોધ પરીખ, સુમન શાહ જેવા સર્જકોની વાર્તાઓ પ્રગટ થઈ હતી. અહીં અમેરિકામાં હાલમાં નિવૃત્ત પણ બેક્યાર્ડ થિયેટરમાં નાટકો થાય છે અને વાર્તાઓ લખાય છે એનો આનંદ છે.*

**48-30 37 Street, Long Island City, NY-11101 U.S.A.**
**Phone: 718-706-1715**
**rohitpandya@hotmail.com**

લગભગ ત્રીસેક વર્ષ પછી અચાનક જ સરોજનો ફોન આવ્યો. ગમ્યું. વાત કરવાની મજા આવી. મેમરી લેનમાં આંટો મારી આવ્યા. ધીમે ધીમે બધું રિવાઈન્ડ થયું.

સરોજ એને ગમતી હતી. એમનો એક સંબંધ હતો, જેને કોઈ નામ ન આપી શકાય, પણ એના સ્પર્શ માત્રથી નસેનસમાં લોહી ધમધમવા માંડતું. લગભગ પાંચેક વર્ષ સુધી એ નામ વગરનો સંબંધ રહ્યો. સરોજ સાથેની ઉત્તેજના એણે ફરી ક્યારેય અનુભવી નહોતી.

ફોન પર થોડીક ઔપચારિક વાતો થઈ. એણે સરોજના પતિ વિશે પૂછ્યું. સરોજે એની પત્ની વિશે વાત કરી. આમ જ ઉપરછલ્લી વાતો ચાલતી હતી ત્યાં અચાનક જ સરોજ બોલી,

'આપણે કેમ લગ્ન ન કર્યાં?'

એની પાસે એનો કાઈ જવાબ નહોતો. થોડાંક ગલ્લાંતલ્લાં કરીને વાત વાળી લીધી.

'પાછાં ફોન પર મળતાં રહીશું અને ક્યારેક રૂબરૂમાં પણ મળીશું.' એવા વાયદા સાથે વાત ત્યારે તો પૂરી થઈ, પણ એકાદ મહિના પછી ફરી પાછો સરોજનો ફોન આવ્યો. એના લગ્નજીવનમાં વિચ્છેદ આવ્યો હતો. એનો પતિ એને ડિવોર્સ આપવા માગતો હતો. સરોજ સાવ એકલી પડી જશે. પાંસઠ વર્ષની ઉંમરે સાવ એકલાં જીવવાનું? એ વિચારમાં ડૂબી ગયો. સરોજે સમાચાર આપ્યા અને એણે સાંભળી લીધા. કશું ખાસ બોલ્યો નહિ. થોડીક દિલસોજી બતાવીને ફોન મૂકી દીધો હતો, પણ હવે મનમાં ઘમસાણ મચી ગયું. કોઈકની સાથે વાત કરવી જોઈએ. ગીતા સોફા પર બેસી કંઈક વાંચતી હતી. એણે વાત શરૂ કરી.

'સરોજનો ફોન હતો.'

'ઓહ, તારી ગર્લફ્રેન્ડ.'

'બિચારી દુઃખી છે.'

'કેમ, તને મિસ કરે છે?'

'એના ડિવોર્સ થઈ રહ્યા છે.'

'આ ઉંમરે ડિવોર્સ! કેમ શા માટે?'

'ખબર નથી.'

'પણ તારે વાત તો કરવી જોઈએને... તેં પૂછ્યું નહિ?'

'મને એકદમ કંઈ સૂઝ્યું નહિ. મારે પૂછવું જોઈતું હતું. એને કદાચ સારું લાગત.'

'તો હવે પૂછીએ.'


'હા, મારે વાત કરવી પડશે. કારણ જાણવું પડશે.'

'કારણ જાણીને હવે શું કરીશ? તારી સાથે લગ્ન થયાં હોત તો કદાચ આ દિવસ ન આવત.'

'ગીતા પ્લીઝ, અત્યારે આવી મજાક નથી ગમતી.'

'મજાક બંધ, પણ મેં તને ક્યારેય પૂછ્યું નથી. આજે પૂછું છું, તેં સરોજ સાથે કેમ લગ્ન ન કર્યાં?'

'સરોજે પણ આ જ સવાલ પૂછ્યો હતો. ખબર નહિ. ક્યાં તો એવાં મેચ્યોર નહોતાં કે



આખીય વાતનું એવું ગંભીર સ્વરૂપ આપ્યું નહોતું. બસ મળવાની મજા આવતી હતી. કદાચ મારી ઉંમરનો વાંક હોય. જાતીય ભૂખ ઊઘડતી હતી અને સરોજ આવી ગઈ. પ્રેમ જેવો ભારે શબ્દ ન વાપરું, પણ મને એનું આકર્ષણ ભારે હતું. હું એને સતત ઝંખ્યા કરતો.'

'તો એને પ્રેમ ન કહેવાય? તું એને સતત ઝંખ્યા કરતો હોય તો પછી લગ્ન સુધી કેમ ના પહોંચ્યો? એક રીતે જોવા જઈએ તો તેં એને ભારે અન્યાય કર્યો કહેવાય.'

'ના, સાવ એવું તો નહિ. અમારે સંબંધ લગભગ પાંચેક વર્ષ ચાલ્યો હશે. નોકરીને કારણે હું અમદાવાદ ગયો. એ વડોદરામાં જ રહી. મળવાનું ઘણું ઓછું થઈ ગયું. એનાં અચાનક લગ્ન થઈ ગયાં. હું અહીં અમેરિકા આવી ગયો. આપણાં લગ્ન થયાં અને ઊડતી ઊડતી વાત આવી કે સરોજ પણ અમેરિકામાં છે. ક્યારેક ઇચ્છા થતી કે મળવું જોઈએ, પણ મળ્યો નહિ. આજે એણે ફોન કરીને સમાચાર આપ્યા. એમ લાગે છે કે મળ્યો હોત તો સારું થાત. કદાચ ડિવોર્સ તો ન અટકાવી શક્યો હોત, પણ...

'કદાચ ડિવોર્સ વહેલા થઈ ગયા હોત.'

'ગીતા પ્લીઝ, આ મજાકની વાત નથી.'

'ઓ.કે. બાબા, મજાક બંધ, પણ તો પછી તારે કરવું છે શું? એણે ફોન કર્યો અને સમાચાર આપ્યા. જરા જાણ તો ખરો કે કેમ ડિવોર્સ થયા. કેટલાં વરસોથી લગ્નજીવન બગડેલું હતું.

'તો એને પ્રેમ ન કહેવાય? તું એને સતત ઝંખ્યા કરતો હોય તો પછી લગ્ન સુધી કેમ ના પહોંચ્યો? એક રીતે જોવા જઈએ તો તેં એને ભારે અન્યાય કર્યો કહેવાય.'

છોકરાં-બોકરાં છે કે નહિ. સગાંસંબંધીઓ કોઈ છે કે નહિ. તું કહેતો હોય તો હું પૂછી જોઉં અને તને લાગતું હોય કે એને મળવું જોઈએ તો જઈ આવ એક-બે દિવસ.'

'યુ રિયલી મીન ઇટ?'

'કમ ઓન, આપણે પણ હવે પાંસઠનાં થઈ ગયાં. હવે એવી કોઈ ઇનસિક્યોરિટી ન હોવી જોઈએ. મારા કોઈ જૂના બોયફ્રેન્ડને આવું કંઈક થાય તો હું નક્કી મળવા જઉં.'

'તારી તો વાત જ જુદી છે. એની વે, અત્યારે મળવાની કોઈ જરૂર હું જોતો નથી. ફોન કરીને બધી વાત જાણી તો લઈએ. એવું હશે તો એને આપણા ઘરે બોલાવીશું. ભલે થોડા દિવસ આપણી સાથે ગાળે. કદાચ એને સારું લાગે.'

'સારું તો લાગે જ ને. તું સતત એની સામે જ હોય, પછી શું જોઈએ.'

'સપોઝ, આપણે એને બોલાવીએ એ તને ગમે ખરું?'

'આટલાં વરસો આપણે સાથે ગાળ્યાં અને હજી તું આવો સવાલ પૂછે છે?'

'આઈ એમ સોરી - સોરી. હું સરોજ પાસે જવાનો નથી અને સરોજ અહીં આવવાની નથી. અત્યારે તો હું કેવળ ફોનથી એની સાથે વાત કરીને પૂરી માહિતી મેળવી લઈશ. હું ફોન જોડું?'

'તું મને પછી બધી ડિટેલ્સ આપજે. અત્યારે હું બહાર જઉં છું.'

એ ઊભો થયો. કિચનમાં જઈને પાણી પીધું. લિવિંગરૂમમાં આવીને ગોઠવાયો અને ફોન જોડ્યો.

ખૂબ લાંબી વાત થઈ. વાતોની સાથે સાથે ડૂસકાં પણ હતાં. સરોજના કહેવા પ્રમાણે લગ્ન પછી એ ક્યારેય સુખી નહોતી. એનો પતિ ભારે વહેમીલો અને શંકાશીલ હતો. સરોજનું અલગ અસ્તિત્વ એણે ક્યારેય સ્વીકાર્યું નહોતું. એટલે સરોજના નામનો બૅન્ક એકાઉન્ટ ન મળે. ઘરની માલિકીમાં એનું નામ નહોતું. નોકરી કરતી હતી તો પણ પગાર પતિ પાસે જતો. તેને ખર્ચા માટે હંમેશાં પતિ પાસે ભીખ માગવી પડતી. આડોશપાડોશ સાથે સંબંધો ખરા, પણ બહુ ઓછા અને એમાંય પુરુષો સાથે તો બિલકુલ નહિ. ભૂલેચૂકે જો સરોજે કોઈ પુરુષ સાથે વાત કરી અને પતિ જોઈ ગયો તો આવી જ બન્યું. ન કહેવાના શબ્દો એને સાંભળવા પડતા. એમાં રાંડ અને કુલટા પણ આવી જતા.

સરોજ એવી રૂપાળી તો ન કહી શકાય. જોતાંની સાથે જ



ગમી જાય એવી પણ નહોતી, પણ એના શરીરમાં કંઈક એવું હતું કે તમને સ્પર્શવાનું મન થઈ જાય. શરીરનાં જુદાં જુદાં અંગો સાથે અડપલાં કરવાનું મન થઈ જાય. એને ત્યારે સરોજ ગમતી હતી તે આ કારણોસર.

સરોજને જોતાંની સાથે જ એ એક અજબ પ્રકારની વિહ્વળતા અનુભવતો. સરોજના શરીરમાંથી છૂટતી જાતીયતાની ગંધ એને લગભગ બેહોશ બનાવી દેતી. નાના પાતળા હોઠ, માંસલ બરડો, ઉત્તુંગ વક્ષસ્થળ અને આંખોમાં રમતાં કામુકતાનાં સાપોલિયાં એને રઘવાયો રઘવાયો કરી મૂકતાં. એ જ્યારે પણ મળતો ત્યારે ભાગ્યે જ વાત કરતો. આખોય વખત એના શરીર સાથે રમ્યા કરતો અને ઉત્તેજનાના ઊંચા શિખર પર જઈ પહોંચતો.

એ કેવળ વાસના હતી, પ્રેમ નહોતો અને છતાં ફોન પર સરોજ સાથેની વાતમાં અનેક વાર સરોજે પ્રેમની વાત કરી. સરોજ કદાચ સાચે જ એના પ્રેમમાં હતી. કદાચ ત્યારે એની સાથે લગ્ન પણ કરવાં હશે.

અચાનક જ એને લાગ્યું કે આખીય ઘટનામાં એ ક્યાંક છે.

ભલે સરોજને એ ત્રીસ વર્ષ સુધી મળ્યો ન હોય તો પણ એના ડિવોર્સ માટે એ જવાબદાર હતો. ખાસ કરીને સરોજ જે રીતે ફોન પર એના પ્રેમનો વારંવાર એકરાર કરતી હતી અને જે રીતે કરતી હતી, એ આખીય બાબત એને ગુનેગાર પુરવાર કરવા માટે પૂરતી હતી.

એણે આ વાત ગીતાને પણ કરી અને ત્યારે ગીતાએ માત્ર એટલું જ કહ્યું,

'તારું મગજ સાવ ચસકી ગયું છે.' ગીતાની વાત સાચી હતી. એનું મગજ ખરેખર ચસકી ગયું હતું. સરોજ સાથે લગ્ન કરવાનું એણે ક્યારેય વિચાર્યું નહોતું અને છતાં આજે એમ લાગે છે કે સરોજ સાથે લગ્ન કર્યાં હોત તો સુખી હોત. સરોજ તો સુખી હોત જ હોત. ગીતા સાથેનું લગ્નજીવન કંઈ ખોટું તો નહોતું જ. છતાં સરોજ સાથેનો સંસાર કંઈક જુદો જ હોત એવું કેટલાક સમયથી એને લાગ્યા કરતું હતું. હમણાં હમણાંથી ગીતાની નાની નાની વાતો એને નડ્યા કરતી હતી અને એનો અણગમો ચહેરા પર પ્રગટ પણ થઈ જતો અને ત્યારે ગીતા ટકોર કરતી પણ ખરી કે,

'તું સાવ બદલાઈ ગયો છે.'

હા, એ બદલાઈ ગયો હતો, એને એ ગમતું તો નહોતું જ, પણ કશું કરી શકતો નહોતો. સાવ લાચાર અને નિ:સહાય હતો. સરોજ માટેની સહાનુભૂતિ વધતી જતી હતી અને ગીતા સાથેનો સંબંધ વધારે ને વધારે ઔપચારિક થતો જતો હતો. એ નક્કી નહોતો કરી શકતો કે સરોજ સાથે જે સંબંધ હતો એ ખરેખર પ્રેમ હતો કે પછી કેવળ અપરાધભાવ? રોજબરોજનું જીવવું આકરું થઈ ગયું હતું. સતત સરોજના વિચારો એને જંપવા નહોતા દેતા. ભલે ત્રીસ વર્ષ સુધી એ સરોજને ન મળ્યો

તમને સ્પર્શવાનું મન થઇ જાય. શરીરનાં જુદાં જુદાં અંગો સાથે અડપલાં કરવાનું મન થઈ જાય. એને ત્યારે સરોજ ગમતી હતી તે આ કારણોસર.

હોય, પણ એને ક્યારેય ભૂલી શક્યો નહોતો. આજે પણ એના વિચાર માત્રથી શરીરની સઘળી શિરાઓમાં ગરમ ગરમ લોહી ધસી જાય છે.

છેવટે એણે નિર્ણય લઈ લીધો. ડિવોર્સ - ગીતા સાથેના લગ્નજીવનનો અંત. નિર્ણય લેતાંની સાથે જ એણે એક અજબ પ્રકારની હળવાશ અનુભવી. એને પોતાને જ ખૂબ આશ્ચર્ય થયું. મનમાં આજ સુધી જે ગડમથલ ચાલતી હતી, જે ઊથલપાથલ મચી હતી, એ બધી જ એકદમ શાંત થઈ ગઈ, શમી ગઈ. એ ઊભો થયો અને બાથરૂમમાં ગયો. સામે આયનામાં જોયું તો એક સોળ વરસનો છોકરો કંઈક ચાળા કરતો હતો. મ



કાન્તિ મેપાણી

# પાષાણયુગની એક ખાનગી વાત

*કાન્તિ મેપાણી અમેરિકા તેમ જ ભારત એમ બંને દેશોમાં વારાફરતી નિવાસે છે. વર્ષોથી "નવનીત સમર્પણ"માં "જગતનાં વહેણ" નામે લેખો લખતા હતા, તે રોમાંચક માહિતીપૂર્ણ લેખોનું એક પુસ્તક પણ તે જ નામે હમણાં પ્રગટ થયું છે. આ વાર્તા એમની પ્રથમ પ્રકાશિત વાર્તા કહી શકાય.*

**mkantilal@aol.com**

સાઠ હજાર વર્ષ પહેલાં પૃથ્વી પર પાષાણયુગ પ્રવર્તતો હતો ત્યારે માણસ ગુફાઓમાં રહેતો હતો. રુવાંટીથી ભરેલા પોતાના શરીરને એ મારેલાં પશુઓનાં ચામડાંથી ઢાંકતો હતો. એ ખેતી નહોતો જાણતો, પણ પશુઓ અને પક્ષીઓને મારીને પેટ ભરતો. ભાષા પણ વિકસી નહોતી તેથી મનુષ્યો હાવભાવને ગળાના સંકેતથી કામ લેતા હતા. એવો એક માણસ એક વહેલી સવારે ઊઠીને એની ગુફામાંથી બહાર આવ્યો. સોળે કળાએ ખીલેલા સૂરજનાં કિરણો પથરાયેલાં હતાં. હવા ખુશનુમા હતી. બધુંય મનને ગમે એવું હતું.

ગુફાના બારણા પર પોતે કોઈક પશુનો શિકાર કરવા એની પાછળ દોડી રહ્યો છે એવું ચિત્ર દોરવા માંડ્યો. એવામાં એને કશોક અવાજ સંભળાયો. એ કોઈકનાં પગલાંનો અવાજ હતો. એ અવાજની દિશામાં એણે જોયું. કોઈક માણસ એની તરફ ચાલતું આવી રહ્યું હતું. એ એને જોઈ રહ્યો. એ એક સ્ત્રી હતી. એના શરીર પર પોતાના શરીર પર છે એવા વાળ નહોતા. માત્ર એના માથા પર જ લાંબા લાંબા વાળ હતા. એણે પોતાના શરીરને કશાકથી ઢાંકેલું હતું, પણ પોતે પહેર્યું છે એવું ચામડું એ નહોતું.

એણે એ સ્ત્રીને ઇશારાથી પોતાની પાસે બોલાવી. એ એની પાસે આવી. એણે ફક્ત હાવભાવથી અને હાથના સંકેતથી એની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો.એણે એને જણાવ્યું કે હું આ ગુફામાં રહું છું. પછી એને પૂછ્યું કે તું ક્યાં રહે છે? સ્ત્રીએ હાથથી સંકેત કરી જવાબ આપ્યો કે દૂર દૂર.

તું અહીં શા માટે આવી છે? સ્ત્રીએ કહ્યું, ફળ વીણવા આવી છું.

એણે એને કહ્યું કે મારી પાસે પશુપક્ષીનું માંસ છે. એ ખાવું છે? સ્ત્રીએ સંકેતથી ના પાડી.

એણે સ્ત્રીને પોતાની સાથે ગુફામાં આવવાનું કહ્યું. એ આગળ ચાલ્યો. સ્ત્રી એની પાછળ ચાલવા માંડી. એણે ગુફાની અંદર ઘોર અંધારું જોયું. એ ડરી ગઈ અને પાછી વળી ગઈ. પુરુષને નવાઈ લાગી.પુરુષને પ્રકાશની જરૂર નહોતી. એ અંધારામાં રહેવા ટેવાયેલો હતો. ઉપરાંત એ આખો દિવસ શિકારની શોધમાં બહાર જ રહેતો હતો.



સ્ત્રીને પુરુષની સાથે બેસીને વાતો કરવાનું મન થયું. તડકો બહુ જ આકરો હતો. બંને જણ એક ઝાડ નીચે જઈને બેઠાં. માત્ર સંકેતથી એ બંને જણે ઘણી વાતો કરી એમ એમને લાગ્યું. સાંજ પડવા આવી હતી. પેલી સ્ત્રીએ સંકેતથી જ કહ્યું કે એ હવે જાય છે. પુરુષે એને ફરીથી આવવાનું કહ્યું. પહેલાંય એક સ્ત્રી આવી હતી. એ તો એને જોઈને એની સાથે કશીય વાતચીત કર્યા વગર જતી રહી. તું એવું નહિ કરે ને? પુરુષથી

પુછાઈ ગયું.સ્ત્રીએ ના પાડી, પણ એને વિશ્વાસ બેસતો નહોતો. સ્ત્રીના ગયા પછી એને ગમે તેવું શું શું કરું એના વિચારો એને આવવા માંડ્યા. એ પોતાનું શરીર તો બદલી શકે એમ નહોતો, પણ એને એમ તો હતું જ હતું કે આ સ્ત્રી એની સાથે રહે.

આજુબાજુના જંગલમાંથી એ રંગબેરંગી ફૂલો વીણી લાવ્યો. ઝાડ પરથી જાતજાતનાં ફળ તોડી લાવ્યો. પોતાની ગુફાના પ્રવેશને ફૂલોથી શણગારવા એણે પ્રયત્ન કર્યો. વીણી લાવેલાં ફળ એણે પથ્થરના વાસણમાં મૂક્યાં અને પેલી સ્ત્રીના આવવાની વાટ જોતો એ ગુફાની બહાર બેઠો. એ આવી નહિ. સાંજ પડી ગઈ હતી. ફૂલ કરમાઈ ગયાં. ફળોની તાજગી ઓછી થઈ ગઈ. એ હતાશ થઈ ગયો. આમ કેટલાય દિવસ ચાલ્યું.

એક દિવસ એના આશ્ચર્ય વચ્ચે એ સ્ત્રી આવી. શણગાર સજીને એ આવી હતી. એના માથાના વાળમાં ફૂલ હતાં. એના શરીર પર પોતાને ના સમજાય એવાં આભૂષણ હતાં. પુરુષને એ બધું બહુ ગમ્યું. એનાથીય વધારે ગમ્યું તો એ કે એ બીજી વાર આવી. એણે એને ખાવા માટે ફળ આપ્યાં, પણ પથ્થરનું વાસણ એનાથી ઊંચકાયું નહિ એટલે વાસણને હાથમાં લીધા વગર એણે થોડાંક ફળ ખાધાં. પુરુષને થયું કે એ સ્ત્રી રોકાઈ જાય, પણ એ તો અંધારું થતાં પહેલાં જતી રહી. અંધારાની એને બીક લાગતી હતી.

એક દિવસ એની તાલાવેલી ખૂબ જ વધી ગઈ. એને એ સ્ત્રીને શોધવા જવાનું મન થયું. એ નીકળ્યો, જેમ શિકારની શોધમાં નીકળતો હતો તેમ. આખો દિવસ આમથી તેમ અથડાઈને એ પાછો આવ્યો. પેલી સ્ત્રીનો ક્યાંય પત્તો ના લાગ્યો. એ ખિન્ન થઈ ગયો.

હવે એ પાછી આવશે કે નહિ? એ હંમેશ માટે જતી રહી હશે? આ સવાલોનો જવાબ કોણ આપે? એ ના આવે તો પોતે શું કરી શકે? એને રીઝવવા માટે પોતાની પાસે શું છે? એ ગડમથલમાં પડ્યો. એને ઉકેલ જડતો નહોતો.

એ મૂંઝાતો હતો. જેમ દિવસો વીતતા હતા એમ એને થયા કરતું હતું કે હવે એ નહિ આવે. એ ગમગીન થઈ ગયો. વખતના વીતવાની સાથે એની ગમગીની તલસાટમાં ફેરવાઈ ગઈ.

એને રહી રહીને વિચાર આવ્યો કે પોતાના જેવા જાનવરની સાથે એ શા માટે રહેવા આવે? એને એ ગમે ખરું? ગુફાના અંધારામાં એ ગૂંગળાઈ મરે. આમ એણે પોતાના મનને મનાવવા ખૂબ પ્રયત્ન કર્યો. એનું શરીર પથ્થર જેવું કઠોર હતું, કારણ કે દિવસ અને રાત પથ્થરોની વચ્ચે તો રહેતો હતો, પણ મન ફૂલ જેવું કોમળ હતું. અંતે એનું મન હાર્યું અને મનના હારવાની સાથે એનું શરીર પણ હાર્યું અને એક દિવસ પોતાની ગુફામાંથી બહાર નીકળવા જેટલાય એના હોશ ના રહ્યા.આમ ને આમ કેટલા દિવસ ગુફામાં પડ્યો રહ્યો હશે એનું એને ભાન સુધ્ધાં ના રહ્યું. દિવસો વીતતા ગયા. રાતો વીતતી ગઈ.

એક દિવસ એણે પોતાની હંમેશની અંધારી ગુફામાં અચાનક પ્રકાશ જોયો. ગુફાની દીવાલમાંથી એક નાનકડો પથ્થર કોઈએ ખસેડ્યો હતો અને એનાથી પડેલા બાકોરામાંથી સૂરજનું કિરણ પહેલવહેલું એના અંધારિયા ઘરમાં પ્રવેશ્યું હતું. અત્યાર સુધી ગુફાના અંધકારમાં રહેવાને ટેવાયેલો એ ગુફામાં આવેલા અજવાળાને જોઈને અંજાઈ ગયો. એને થયું કે ગુફાની પથ્થરની દીવાલમાં બાકોરું કોણે પાડ્યું?

એનો જવાબ એને જડે એના પહેલાં પોતાના આશ્ચર્ય વચ્ચે એણે જોયું કે પેલી સ્ત્રી એની બાજુમાં બેઠી હતી. એને સમજાયું પણ નહિ કે એ જે જોતો હતો એ સ્વપ્ન છે કે સત્ય? પણ જ્યારે પેલી સ્ત્રીએ એને સ્પર્શ કર્યો ત્યારે એને ખાતરી થઈ કે એ જે જોતો હતો એ સાચું હતું અને ત્યારે એ નાચવા માંડ્યો.એવામાં બહારથી કોઈકના હસવાનો અવાજ આવ્યો. એની ગુફાની દીવાલમાં પડેલા બાકોરામાંથી કોઈ અંદર ડોકિયું કરી હસી રહ્યું હતું.

એ સાંભળી એ તરત જ બહાર આવ્યો. એણે જોયું કે પેલા બાકોરા આગળ એના જેવો જ એક માણસ ઊભો હતો. એ ખડખડાટ હસતો હતો અને ચિચિયારીઓ પાડતો હતો. એ એની પાસે આવ્યો અને એની ગુફામાં જવા માંડ્યો. પેલાએ એનો હાથ પકડી એને ગુફામાં જતો રોક્યો અને બંને જણ મારામારી કરવા માંડ્યા, એકબીજાની પર પથ્થર ફેંકવા માંડ્યા અને ચિચિયારીઓ પાડવા માંડ્યા. પેલાએ એક પથ્થર ઉપાડીને આ પુરુષ પર ફેંક્યો, જેનાથી એનો જમણો પગ છૂંદાઈ ગયો. ગુફાની બહાર આટલો બધો અવાજ થતો સાંભળી ગુફામાં બેઠેલી પેલી સ્ત્રી બહાર દોડી આવી અને બંને માણસો મારામારી કરતા જોઈ એ હેબતાઈ ગઈ અને એ પાછી ગુફામાં જતી રહી.

ગુફાવાળા પુરુષે એક મોટો પથ્થર ઉપાડીને પેલા પુરુષ પર ફેંક્યો. એનાથી પેલાની છાતી છૂંદાઈ ગઈ અને એ લોહીલુહાણ થઈને જમીન પર ઢળી પડ્યો.રાત પડવા આવી હતી. થોડીક વારમાં બધુંય કાળુંધબ્બ થઈ ગયું. સૂમસામ થઈ ગયું. રાત્રિનો ભયંકર સૂનકાર ચારેકોર છવાઈ રહ્યો. પેલા માણસે પોતાની ગુફાનું બાકોરું પથ્થરથી બંધ કરી દીધું અને એ અંદર ગયો.

એ સૂમસામ રાત્રિમાં ગુફામાંથી જોશથી લેવાતા શ્વાસોશ્વાસ અને બેઉ શરીર એકબીજા સાથે ઘસાવાનો આછો અવાજ સંભળાતો હતો અને એ સાંભળતી રાત ધીરેધીરે આગળ વધી રહી હતી. તે પછી તે બંનેને દીકરો જન્મ્યો. તે જન્મતાંની સાથે જ પુરુષ તે શિશુની સાથે ઘૂઘૂઘૂ બૂબૂબૂ કરીને રમવા લાગ્યો. તેની માતા એક દિવસ અચાનક કેવી રીતે તેને મળી ગયેલી, કેમ તે પછી પોતે પોતાનું ઘર શણગારેલું અને ને સ્ત્રી કેવાં ઘરેણાં પહેરી તેને મળવા આવેલી ને કેમ તે બેભાન હતો ત્યારે સ્ત્રીએ આવીને તેની ગુફા અજવાળેલી તેની વાત કરી. ગળાના, જીભના, હોઠના અવાજોથી તે અબુધ શિશુને સમજાવતો હતો. કહે છે કે તે રીતે ભાષાની શરૂઆત થઈ. પુરુષે બીજા પુરુષને માર્યાની વાત ન કરી. કહે છે કે તે રીતે વાર્તાની શરૂઆત થઈ. **મ**



પરેશ વ્યાસ

# વ્યાવસાયિક રહસ્ય

*સરકારી તુમારશાહીમાં કલમ ઘસતા અધિકારી હાંસિયામાંથી બહાર નીકળે ને કૌતુક સર્જે. રાજકોટ મહાનગરપાલિકામાં નાયબ કમિશ્નર,. ટૂંકી વાર્તાનાં દિગ્ગજ ઓ. હેન્રીની સદાબહાર વાર્તાઓનો અનુવાદનું ૫ જગતમાં સાવ નવો ચીલો ચાતરતું રસપ્રદ દ્રશ્ય શ્રાવ્ય પ્રવચન એમની ખૂબી.*

**ફાયર સ્ટેશન,**
**કાલાવડરોડ, રાજકોટ.**
**મોઃ 9714503703**
**pareshvyas@pareshvyas.com**

નેપિયન સી રોડ પર મેડિકેર બિલ્ડિંગના ૨૧મા મજલે વિશ્વવિખ્યાત ફિઝિશિયન ડો. ચિરંતન મજમુદારના કન્સલ્ટિંગ ક્લિનિકના રિસેપ્સન રૂમમાં ફેલાતું હળવું સંતૂરવાદન સાંભળનારા હવે ગણ્યાગાંઠ્યા લોકો બચ્યા હતા. ડો. ચિરંતન એકના ટકોરે પોતાનું સવારનું સેશન પૂર્ણ કરતા. આમેય ડો. ચિરંતનના ક્લિનિકમાં ક્યારેય ભીડ થતી નહોતી. ઓછે નફે બહોળા વેપારની વ્યાવસાયિક માનસિકતાથી વિપરીત ડો. ચિરંતનના પેશન્ટની સંખ્યા ઓછી હતી, પણ તેઓ બહોળી ફી ચાર્જ કરતા. એમનું નિદાન સચોટ હતું અને શ્રીમંતોને થતા રોગ અથવા કહો કે રોગની ભ્રમણાથી તેઓ સુપેરે પરિચિત હતા. વૈભવી સન્નારીઓની નાડ તેમણે પારખી લીધી હતી અને તેઓના દર્દની સારવારના પુરસ્કાર સ્વરૂપે તગડી ફી ચાર્જ કરવાની કલામાં પણ તેમણે મહારથ હાંસલ કરી હતી.

ડો. ચિરંતને ઘડિયાળ તરફ નજર કરી. વેઇટિંગ રૂમમાંથી ચેમ્બર આવેલી દેખાવડી રિસેપ્સનિસ્ટને તેમણે આખરી પેશન્ટને ઉતાવળે લઈ આવવા ઈશારાથી કહ્યું. ડો. ચિરંતનની વર્તણૂક સૌજન્યશીલ હતી, પણ લંચ-બ્રેકમાં ધરાર ઓવરટાઇમ કરવાનું એ ટાળતા. આખરી પેશન્ટ એક આધેડ વયનાં સન્નારી હતાં. ધનાઢ્ય તો હોય જ. તેમનાં વસ્ત્રો વૈભવી હતાં, પણ તેમનો ચહેરો સૌમ્ય હતો, શાંત અને મળતાવડો. અવાજમાં શાસ્ત્રીય રાગની કંપન હતી. તેમણે બોલવાનું શરૂ કર્યું. એ પોતાની યુવાન દીકરી માટે અહીં આવ્યાં હતા. એમની દીકરીને એક રહસ્યમય બીમારી લાગુ પડી હતી. પોતાના અસ્ખલિત વાણીવિલાસના કન્સલ્ટેશન દરમિયાન એ સન્નારીએ બીમારીનું વર્ણન કરીને સ્વયં સચોટ નિદાન પણ કરી દીધુ; એટલું જ નહીં, પણ એક સ્ત્રીસહજ ભાવથી રોગનું મૂળ અને રોગનો સ્વભાવ પણ એક ફિઝિશિયન સમક્ષ ખાતરીપૂર્વક વર્ણવી દીધો.


સન્નારી હતાં હર હાઇનેસ ગાયત્રીદેવી અને એમણે કરેલું નિદાન એવું તો આશ્ચર્યજનક રીતે વિચિત્ર હતું કે અમીર લોકોના પોતાની બીમારી વિશેના તરંગી ખયાલોથી ભલીભાંતિ પરિચિત ડો. ચિરંતન પણ ચકરી ખાઈ ગયા. વાત જાણે એમ હતી કે મધ્ય સૌરાષ્ટ્રના એક સમયના નાનકડા રજવાડા હમીરપુરના રાણાવત અને સિસોદિયા વંશ વચ્ચે ખાનદાની દુશ્મનીનો ઈતિહાસ છેલ્લી સાત પેઢીથી ચાલ્યો આવતો હતો. કજિયાનાં છોરું ગણાતાં જર, જમીન અને જોરુ જેવાં કારણો ન હોવા છતાં દુશ્મની દિવસે ન વધે એટલી રાતે અને રાતે ન વધે એટલી દિવસે પાંગરતી જતી હતી. દરેક પેઢીના સંતાનને વેરઝેરનો ઘૂંટડો ગળથૂથીમાંથી પાઈ દેવાતો. હવે તો કુદરતે પણ એની નોંધ લીધી હતી અને બન્ને ખાનદાનમાં જન્મ લેતું બાળક બંધારણીય રીતે પરંપરાશ્રુત દુશ્મનાવટ સાથે આકાર લેતું અને સમરાંગણમાં કે ઘરઆંગણમાં મરાતું કે મરી જતું. હમીરપુરના હળદરિયા પહાડની ટેકરીઓ બન્ને ખાનદાનની ખાંભીઓની કતારોથી છવાતી જતી. છેલ્લે મરવામારવાના ખેલનો અંત ત્યારે આવ્યો જ્યારે બંને ખાનદાનમાં એક એક વારસદાર જ બચી ગયા. એ હતાં પચ્ચીસ વર્ષના સૂર્યદેવ રાણાવત અને વીસ વર્ષનાં ગાયત્રીદેવી સિસોદિયા. છેલ્લું તીર ખુદ કામદેવે છોડ્યું અને બંને ખાનદાનના આખરી વંશજ મળ્યાં, પ્રેમમાં પડ્યાં અને પરણ્યાં. હમીરપુરની ધરતી પર ચમત્કાર થયો. સિસોદિયા અને રાણાવત ખાનદાન એક થયું.

દરમિયાન રાજારજવાડાં થયાં વિલીન. રાજપાટ ગયું, પણ હમીરપુરની લાખો હેક્ટર જમીનનાં માલિક તો રહ્યાં. જમીન હતી તો બંજર, પણ રાજ્યના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે આ જમીન ઓટોમોબાઇલઉદ્યોગનું કેન્દ્રસ્થાન બની ગઈ અને રજવાડી કુળનાં બંને આખરી વંશજો અઢકળ સંપત્તિનાં એકલવાયાં વારસ બન્યાં.

જોકે આ તો જૂની વાત થઈ. હવે તો તેમની ઓગણીસ વર્ષની દીકરી મિસ મારીશા હતી અને એના ઇલાજ માટે રાણીસાહિબા ગાયત્રીદેવી ડો. ચિરંતન સાથે ચર્ચા કરી રહ્યાં હતાં. દરઅસલ મારીશાને ચેતાતંત્રની અજબ બીમારી હતી. આપણે ચાલીએ ત્યારે એક પગ આગળ મૂકીએ અને તરત બીજો પગ પોતાની જગ્યાએથી ઊપડીને પહેલા પગથી આગળ મંડાય. સાવ સાહજિક રીતે. પરાવર્તી પ્રક્રિયાના ભાગ રૂપે જ, પણ મારીશામાં બે પગ વચ્ચે સંકલનનો સાવ અભાવ. એક પગ આગળ જવા મથે તો બીજો પગ એને મદદ કરવાની જગ્યાએ પાછો ફરે. મારીશા દાદર ચઢે તો એક પગ એક પગથિયું ચઢે, પણ બીજો પગ એક પગથિયું ઊતરવાની કોશિશ કરે. પહેલા પગની સાથે બીજા પગને જાણે ખાનદાની વેર કેમ ન હોય? અથાગ માનસિક અને શારીરિક પ્રયત્નો બાદ માંડ થોડું ચાલે અને પછી તો એ પગ એકબીજા સાથે રીતસરનું અસહકારનું આંદોલન જ છેડી દે અને મારીશા ક્યાંક ખૂણે, ક્યાંક દરવાજામાં, ક્યાંક પાર્ટીમાં નૃત્ય કરતાં અચાનક જ દયનીય સ્થિતિમાં મુકાઈ જાય.

આવાં શોચનીય લક્ષણો વર્ણવીને ગાયત્રીદેવીએ ખાતરીપૂર્વકનું પોતાનું નિદાન પણ જણાવ્યું. આ રોગ આનુવંશિક છે. એટલે કે રાણાવત અને સિસોદિયા ખાનદાનની જન્મજાત દુશ્મની એમાં કારણભૂત છે. જ્યારે મારીશા એક ડગલું આગળ વધવા પગ ઉપાડે છે ત્યારે એક પગ રાણાવત હોય છે અને બીજો પગ હોય છે સિસોદિયા, એક પગ બીજા પગને આગળ ધપતાં ઝનૂનપૂર્વક અટકાવે છે. કવિવર મનોજ ખંડેરિયાના શબ્દોમાં એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા; એક પગ બીજા પગને છળે એમ પણ બને.

ડો. ચિરંતને પોતાની વ્યાવસાયિક વિલક્ષણતાથી ડો. ગાયત્રીદેવીની અસ્ખલિત વાણી સાંભળી અને બીજા દિવસે સવારે પેશન્ટને તપાસવા રાણીસાહિબાના બંગલા પર આવવાનું વચન આપ્યું. બીજા દિવસે વહેલી સવારે મુંબઈની તોતિંગ ગગનચુંબી ઈમારતો વચ્ચે આવેલા બેઠા ઘાટના મહાલય પર પહોંચ્યા ત્યારે દરવાજા પર તેમનું શાહી ઢબે સ્વાગત થયું અને તરત જ અંદર લઈ જવાયા. રાજકુમારી મારીશાને જોઈને ડો. ચિરંતન શરૂઆતમાં ચમક્યા. એક અપ્રતિમ સુંદર અને પૂર્ણતયા તંદુરસ્ત યુવતી એમની નજર સમક્ષ હતી, પણ એને ચાલતાં જોઈને ડો. ચિરંતનનું આનંદાશ્ચર્ય સહાનુભૂતિમાં તબદીલ થઈ ગયું. એ દાખલ થઈ ત્યારે બે ડગ દોડી, વળાંક લીધો, ઘડી એક બાજુ, ઘડી બીજી બાજુ, એક ડગલું આગળ વધી અને બે ડગલાં પાછી પડી. એ માંડ દીવાનખંડના કાઉચ સુધી પહોંચી શકી અને થાકીને લોથ થયેલી હાલતમાં ત્યાં ઢળી પડી. એના સોહામણા ચહેરા પર વિષાદની રેખા અંકાયેલી હતી. ડો. ચિરંતને પૂછપરછ શરૂ કરી. મૃદુ ભાષામાં સાંત્વના આપતા હોય તે રીતે, વિશ્વાસપૂર્વક. મારીશાએ ઉત્તર દીધા નિખાલસ રીતે અને એની ઉંમર સાથે સુસંગત હોય એટલી તર્કસંગત રીતે. મા અને દીકરી બેય ખાનદાની દુશ્મનીની થિયરીના દૃઢ નિદાન પર મક્કમ હતાં. ડો. ચિરંતને પોતાનું મંતવ્ય આપવાનું ટાળ્યુ. ફરી આવીને સારવાર કરવાનું વચન આપી પાછા વળ્યા.



પોતાના ક્લિનિકમાં પેશન્ટોને તપાસતી વેળાએ પણ મારીશાની વિચિત્ર બીમારીના વિચારોએ એમના દિમાગને ઘેરી લીધું હતું. લન્ચ બ્રેકમાં આજે એમના મિત્ર, સિનિયર અને ખ્યાતનામ ન્યુરોફિઝિશિયન ડો. રામનરેશ સ્માર્તના ક્લિનિક પર ગયા. બંને ડોક્ટરોએ કેસ વિશે ચર્ચા કરી.

સાચી વાત એ છે કે આપણે આ વિશે કંઈ પણ જાણતા નથી. ડાયગ્નોસિસ થાય તો સિસ્ટમેટિક ટ્રીટમેન્ટ કરીએ, પણ અહીં તો કોઈ સિસ્ટમ જ નથી. તો પછી પેલી ખાનદાની દુશ્મનાવટની થિયરી? ડો. ચિરંતને સૂચન કર્યું. આખી વાત.. ઇટ્સ એન ઇન્ટરેસ્ટિંગ કેસ. ન્યુરોફિઝિશિયને મગનું નામ મરી પાડ્યા વિના કહ્યું, ઘણી વાર બે છોકરા લડે તો આપણે એને અલગ અલગ રૂમમાં પૂરી દઈએ. જોકે હવે તો એમ કરવાની ફેશન

નથી, પણ... યુ આર રાઇટ, ડોક્ટર... ડો. ચિરંતને આખી રાત ઇન્ટરનેટ સર્ફિંગ કરીને ઇલાજ ગોતવાની કોશિશ કરી. બીજે દિવસે સવારે ફરીથી સારવાર અર્થે મહાલય પહોંચીને મા-દીકરી સમક્ષ દસ મિનિટ સુધી સાયન્ટિફિક અને મેડિકલ શબ્દોનો ભરપૂર ઉપયોગ કરીને પ્રવચન આપ્યું. સાર એ હતો કે મારીશાને હિપ્નોટીઝમ દ્વારા સારવારની જરૂરિયાત છે. એક જાગૃત મન છે, જે આપણું માનતુ નથી. સવાલો પૂછપૂછ કરે છે. અને એક છે સુષુપ્ત મન. જાણ્યેઅજાણ્યે સતત મનનું પ્રોગ્રામિંગ થતું રહે છે. હિપ્નોટીઝમ દ્વારા આંતરમનના પડદે પ્રવેશીને સોફ્ટવેરના વાયરસ દૂર કરી મનનું રિ-પ્રોગામિંગ કરી શકાય છે. હિપ્નોટીઝમથી સારવાર કરનારા પૈકી પ્રોફેસર મધુકર મડગાંવકર જાણીતું નામ હતું. બે દિવસ બાદ પ્રો. મધુકર સાથે આવીશ એમ જણાવી ડો. ચિરંતને વિદાય લીધી.

પ્રો. મધુકર માટે મારીશાને હિપ્નોટાઇઝ કરવી સાવ સહેલું હતું. બેહોશ અવસ્થામાં મારીશાના આંતરમન પર જઈને રિ-પ્રોગ્રામિંગ કરવાનું સેશન બે કલાક સુધી ચાલ્યું. પ્રો મધુકરે મારીશાના મનમાં ઠસાવી દીધું કે એના બંને પગ વચ્ચે હવે કોઈ દુશ્મનાવટ નથી. એ ભાનમાં આવી ત્યારે થોડી વિમાસણમાં હોય તેમ લાગ્યું, પણ પછી એ ઊભી થઈ. ચાલી, દોડી, સડેડાટ... ખાતરીપૂર્વક... નજાકતથી... નાચતાં... કૂદતાં... દાદર ચઢતાં.. સાવ કુદરતી રીતે.. એના બંને પગ હવે એકમેકના દોસ્ત બની ગયા હતા. રાણીસાહિબાની આંખમાં આનંદનાં આંસુ આવી ગયાં. એમણે પ્રોફેસરનો આભાર માન્યો. ડો. ચિરંતને પ્રો. મધુકરને પાછળ રાખીને આભારનો ભાર ઝીલી લીધો. પ્રો. મધુકર વિચારવા માંડ્યા કે એમણે કરેલી સારવાર પેટે ડો. ચિરંતન પોતે કેટલાય રૂપિયા ખંખેરી લેશે. ફરી ફરીને કૃતજ્ઞ થયેલાં માદીકરીનાં અભિવાદન ઝીલ્યાં. પછી બંને પ્રોફેશનલ્સ વિદાય લઈ રહ્યા હતા ત્યારે અચાનક અંદરના ઓરડામાંથી મારીશાની ચીસ સંભળાઈ. અંદર જઈને જોયું તો મારીશા પિયાનો પર સંગીતની ધૂન વગાડી રહી હતી. પણ આ શું? એનો એક હાથ પિયાનો પર કોમલ સ્વર વગાડી રહ્યો હતો, પણ બીજા હાથની આંગળીઓ તીવ્ર સ્વર પર ચોંટી ગઈ હતી. રાણીસાહિબા પોતાની દીકરી તરફ વળીને એના હાથ ખેંચી રહ્યાં હતાં. બંને હાથ વચ્ચે કોઈ તાલમેલ નહોતો. થોડી વાર કોઈ કશું બોલ્યા નહીં. બંને મા-દીકરીની આનંદની પળો ઉદ્વેગમાં પલટાઈ ગઈ. પ્રો. મધુકર મારીશાને ટેબલટેનિસના ટેબલ તરફ દોરી ગયા. સામસામે ટેબલટેનિસના બોલને એક હાથથી બેટ પકડીને ફટકારવામાં મારીશાને કોઈ તકલીફ નહોતી. પછી પ્રો. મધુકરે મારીશાને કહ્યું, કોટનું બટન તૂટી ગયું છે. તું સીવી દઈશ. મારીશાએ પોતાની મા સામે જોયું. મા સોયદોરાનો ડબ્બો લઈ આવી. મારીશા સોયમાં દોરો પરોવવા માંડી, પણ કેમ કરીને પરોવી જ ન શકાય. એક હાથમાં સોય પકડે તો બીજો હાથ એમાં દોરી પરોવવા તરફ હલે જ નહિ. પ્રો. મધુકરે જાહેર કર્યું કે આપણે માત્ર આંશિક સફળતા મેળવી છે. પગ વચ્ચેની આપસી દુશ્મનાવટ હવે હાથ વચ્ચે પહોંચી ગઈ છે. એ દિવસે સતત બીજું સેશન તો શક્ય નહોતું. એટલે અઠવાડિયા પછી બંને પ્રોફેશનલ્સ ફરી આવ્યા. ફરી હિપ્નોટીઝમ અને સારવાર. આ વખતે સેશન સફળ રહ્યું. હાથ વચ્ચેનું સંકલન હવે નોર્મલ થઈ ગયું હતું. મારીશા હવે પિયાનો પર મનપસંદ ધૂન આસાનીથી વગાડી શકતી હતી.

ઘણા દિવસો બાદ એક યુવાન ડો. ચિરંતનના ક્લિનિક પર આવ્યો. એના ચહેરા પર અને એના શરીર પર સોનાનો ચળકાટ હતો અને એનાં વસ્ત્રોથી સ્પષ્ટ હતું કે ધનાઢ્ય કુટુંબનો નબીરો હોવો જોઈએ. એણે કહ્યું કે એનું નામ પરાક્રમસિંહ જાડેજા છે અને મારીશા સાથે એની સગાઈ થઈ છે. વૈશાખ મહિનામાં લગ્ન પણ થવાનાં હતાં, પણ એની વિચિત્ર બીમારીને કારણે થઈ ન શક્યાં. એને ખબર હતી કે ડો. ચિરંતન અને પ્રો. મધુકરે મળીને મારીશાની સારવાર કરી છે. એણે મારીશાની મુશ્કેલી બયાન કરી. બીમારી ફરી પાછી ફરી હતી, નવા સ્વરૂપે. ડો. ચિરંતને કહ્યું કે એને પેશન્ટ તરફથી કોઈ સૂચના નથી. પરાક્રમસિંહે સ્પષ્ટ કર્યું કે આ બીમારી વિશે કોઈને ખબર નથી. ખુદ મારીશાને પણ નહીં. અમારી પ્રેમકથા વિચિત્ર થતી જાય છે. એક પળે મારીશા પ્રેમનું ઈજન આપે છે અને બીજી જ પળે એમ વર્તે છે કે જાણે મને ઓળખતી જ નથી. કાલે હોટેલમાં મળ્યાં. એકાંતમાં ટહેલવા નીકળ્યાં. એણે મને ચસચસતું ચુંબન ચોડી દીધું અને પછી બીજી જ પળે મારા ગાલ પર સણસણતો તમાચો ચોડી દીધો અને ઉપરથી કહ્યું, તારી હિંમત કેવી રીતે ચાલી મારી સાથે આવી છૂટછાટ લેવાની? પરાક્રમસિંહે પોતાના મોબાઈલ ફોન પર આવેલા એસએમએસ ડો. ચિરંતનને વંચાવ્યા. વહાલા વાલમજી ને તું બહુ મીઠો છે ને તું મારું ધ્યાન રાખે છે ને તારા મોકલેલાં ફૂલોની સુવાસથી મારો ઓરડો મઘમઘી રહ્યો છે. તું ન હોત તો મારું શું થાત. તું આવ અને મને સપનગગનમાં વિહારાર્થે તેડી જા. પ્રેમમાં ગળાડૂબ પ્રેમિકા પોતાના પ્રિયતમને પત્ર પાઠવે તે જ રીતે. પણ પછી બીજી જ મિનિટે મોકલેલો બીજો એસએમએસ. તું આવતો જ નહીં. હું બિઝી છું. આમેય તારા જેવા અમીરજાદાને રેસકોર્સ, ક્લબહાઉસ અને શોપિંગ મોલની બહારની દુનિયાનો કોઈ અંદાજ હોતો નથી. મને ક્યારેક એવું લાગે છે કે તને પસંદ કરવામાં મેં થાપ ખાધી છે.

આહા! ડો. ચિરંતન બોલ્યા, તો આખી વાત હાથમાંથી નીકળીને હૈયામાં ગઈ અને ત્યાં ને ત્યાં વસી ગઈ. ડોક્ટર, આ નિવેદન હતું કે કવિતાની પંક્તિ?!! પરાક્રમસિંહે પૂછ્યું. માય ડિયર બોય, મેડમની બીમારી હવે શરીરના સૌથી નાજુક અવયવ- હ્રદય-માં ઘર કરી ગઈ છે. હવેનું કામ નાજુક હતું, કારણ કે બીમારીનાં દેખીતાં લક્ષણો નહોતાં. પ્રો. મધુકર સાથે એક નવું સેશન. હિપ્નોટીઝમના હઠયોગ હેઠળ મારીશાના

દિલમાંથી ખાનદાની દુશ્મનીના વિચારો ધરમૂળમાંથી વાઢી નાખવાની કોશિશ કરવામાં આવી. સમય વીતતો ગયો. ડો. ચિરંતનને ચિંતા હતી કે બીમારી ક્યાંક બીજા અંગઉપાંગમાં તો ઘર ન ઘાલી દેને? પણ થોડા દિવસો બાદ પરાક્રમસિંહે રૂબરૂ આવીને ખુશીના સમાચાર આપ્યા કે હવે કશુંય વાંધાજનક દેખાતું નથી. એણે કહ્યું, મારીશા હવે એકદમ નોર્મલ છે. એને હું કહું કે તું પહેલાં આવું કરતી અને તું તેવું કરતી, તો એને નવાઈ લાગે છે. એ કહે કે હું એને ચીઢવવા આવી આવી વાર્તા ઊપજાવી કાઢું છું. યુ નો, પહેલાં એ એકદમ ધીરગંભીર રહેતી, પણ હવે એકદમ લાઇવ વાયર છે. એકદમ ઉત્સાહી. એનર્જીનો અવતાર. પાર્ટીમાં જાય ત્યારે છવાઈ જાય. શું શું કરી નાખે? શનિવારે અમે તાજમાં ડિનર પાર્ટીનું આયોજન કર્યું છે. તમને અને પ્રો. મધુકરને ઇન્વાઇટ કરવા આવ્યો છું. આપ સીધા મહાલયે જ પધારશો તો ત્યાંથી આપણે સાથે જ પ્રસ્થાન કરીશું. આપ આમંત્રણનો સ્વીકાર કરશો તો અમને ઘણો આનંદ થશે

બંને પ્રોફેસનલ્સ સમયસર મહાલય પર પહોંચી ગયા. ડિનર કરતાં પણ તેઓને તેમના પેશન્ટના સાજા થયા બાદની હાલની પરિસ્થિતિમાં વ્યાવસાયિક રસ હતો. હર હાઇનેસ રાજકુમારી મારીશાદેવીને જોઈને તેઓ દંગ રહી ગયા. દીપ્તિમાન ચહેરો અને મંત્રમુગ્ધ કરી દેનારું રૂપ; ચંચળ, ચપળ, રમતિયાળ. આછાં વાદળી વસ્ત્રોમાં અદ્‌ભુત રીતે શોભતી મારીશાની એક તરફ એની મા અને બીજ તરફ એનો પ્રેમી દૃષ્ટિગોચર થતાં હતાં.

અચાનક એણે કહ્યું, આહ! આ ડ્રેસ કંઈ જામતો નથી. હું હમણાં ચેન્જ કરીને આવું છું. અડધા કલાકના અંતે અતિ આકર્ષક શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને પાછી ફરી ત્યારે પહેલાંથી પણ વધારે સુંદર લાગતી હતી. ત્યાં તો એણે કહ્યું, આ સફેદ ડ્રેસ મરણપ્રસંગે પહેર્યો હોય તેવું લાગે છે. બધાને લાગ્યું કે તે સાચું કહે છે, પણ બીજા કોઈ કંઈ પણ કહે તે પહેલાં એણે ડિક્લેર કર્યું, ધીસ ઇઝ ધ બેસ્ટ ડ્રેસ.. એમ આઇ નોટ લુકિંગ બ્યુટિફુલ? બધાએ ડોકી ધુણાવીને હા પાડી. મહાલયમાંથી બહાર પોર્ચમાં જતી વેળાએ મારીશાએ ડો. મધુકરની સાથે ચાલવાની ઇચ્છા જાહેર કરી. પ્રો. મધુકર સાથે માંડ ત્રણ ડગલાં ચાલ્યા ત્યાં ડો. ચિરંતન સાથે ચાલવા માંડી. બંને પોતાની મર્સિડીઝ-ઇ ક્લાસ કારના દરવાજે પહોંચ્યા. ડ્રાઇવરે દરવાજો ખોલ્યો. ત્યાં તો મારીશા થંભી ગઈ. બંને પ્રોફેસનલ્સને કારમાં બેસવા કહ્યું અને મારીશાએ પરાક્રમસિંહ તરફ વળીને કહ્યું, બી રોમેન્ટિક માય ડિયર, લેટ ધેમ ગો.. વી શેલ રાઇડ ઇન એ વિક્ટોરિયા ટુ તાજ.. બાકી બધા કારમાં બેસીને તાજ પહોંચ્યા અને મારીશા અને પરાક્રમસિંહ બગ્ગીમાં.

રાણીસાહિબાએ ખૂબ આનંદથી પ્રોફેશનલ્સને કહ્યું, મારીશા કેટલી જીવંત લાગે છે. એકદમ ઓરિજિનલ. પહેલાં તો એને બોલતાંય સંકોચ થતો અને હવે જુઓ, પોતાના નિર્ણયો ઝડપથી લઈ શકે છે. જરાય નબળું જણાય તો નકારી નાખે. ક્યાં પહેલાની સદા વિચારમગ્ન મારીશા અને ક્યાં આજની ઝૂમતી, લહેરાતી, ગીત ગાતી મારીશા. પળ પળ નવીનવલી સદા બદલાતી મારીશા.

તાજની ડિનર પાર્ટી પણ વિશિષ્ટ રહી. ડો. ચિરંતન પોતાના પેશન્ટને જોઈ રહ્યા હતા. પ્રો મધુકર પણ. આખી ડિનર પાર્ટીમાં સર્વત્ર બસ મારીશા જ છવાયેલી હતી. મિત્રો, સગાંવહાલાં, સ્નેહીઓની પેટપૂજાની ઝીણી ઝીણી વાનગીઓ બાબતે મારીશાએ આખી રેસ્ટોરાં માથે લીધું હતું. ઘડીમાં કોન્ટિનેટલ, ઘડીમાં થાઇ, ઘડીમાં ઇટાલિયન. વેઇટરો અને શેફની દોડધામ સતત ચાલુ હતી. હર હાઇનેસ રાજકુમારી મારીશા અત્યંત ચૂઝી હતી. ન ગમતી વસ્તુને નકારતી. ગમતી વસ્તુ માટેનો એનો ટેસ્ટ પણ બદલાતો રહેતો. એની ડિનર સ્પીચ પણ સ્વયંસ્ફુરિત અને જીવંત હતી. કોઈ ગોખેલું કે લખીને વાંચેલું વક્તવ્ય નહોતું. એટલે એની વાત તર્કસંગત તો હતી, પણ વિસંગત પણ એટલી જ હતી. ક્યારેક પહેલાં કહેલી વાતથી સાવ જુદી જ વાત અધિકારપૂર્વક બોલવામાં હતી, પણ એ નક્કી હતું કે મારીશા ડિનર પાર્ટીનાં કેન્દ્રમાં હતી અને બધા લોકોની લાડલી મારીશાનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું.

ડિનર પાર્ટીમાંથી છૂટા પડતા પ્રો.મધુકરે ડો. ચિરંતનને કહ્યું, આ વખતે મારીશા નસીબદાર છે. એની બીમારીનો લેશમાત્ર અંશ હવે બાકી નથી. હવે સેલ્ફ-હિપ્નોટીઝમને સારવારની પદ્ધતિ તરીકે સ્વીકૃતિ આપવાનો સમય આવી ગયો છે.

ડો. ચિરંતને પ્રોફેસરના શિષ્ટ ચહેરા પર ધ્યાનથી જોયું. એને ખાતરી થઈ કે પોતે કરેલા નિદાન વિશે પ્રોફેસરને કંઈ પણ અણસાર આવ્યો નથી. એણે જવાબ આપ્યો, યસ, પ્રોફેસર. તમે કહો છો એમ જ, મારીશા એના મિત્રો, સગાંવહાલાં અને શુભેચ્છકોની નજરે સાવ સાજી થઈ ગઈ છે. એ જ તો જરૂરી હતુ.

બીજે જ દિવસે ડો. ચિરંતન એમના મિત્ર અને સિનિયર ન્યુરોસર્જન ડો. રામનરેશને મળ્યા. ગહન ચર્ચાના અંતે જ્યારે તેઓ છૂટા પડ્યા ત્યારે ડો. રામનરેશે કહ્યું, યુ આર રાઇટ. મને લાગે છે કે તમે સાચા નિર્ણય પર આવ્યા છો. જ્યાં સુધી તેઓને બીમારી વિશે કોઈ શંકા ન જાય, ત્યાં સુધી તેમના મિત્રો અને સગાંવહાલાંનો રાજીપો અકબંધ રહે. મને નથી લાગતું કે એમને જાણ કરવી જોઈએ કે આ બીમારી-રાનાવટીસાઇસ સિસોડીસ ફેમિલ્યા ફ્યુડાટીસ - લેટિન નામ કેવું લાગ્યું, ડોક્ટર..?- મિસ રાણાવતના દિલમાંથી નીકળીને હવે દિમાગમાં ઘર કરી ગઈ છે. **મ**

***ઓ. હેન્રીની A Professional Secret-The Story ના આધારે***



વૈશાલી શાહ

# બે બંધ દરવાજા

*જોશથી જીવું છું, જુસ્સાથી લખું છું. કલ્પનાઓનું ખુલ્લું સમ્રાજ્ય મારી વાર્તાઓમાં. અને તોય હકીકતોની સાવ અડોઅડ... જ્યારે જ્યારે કલમ ઉપાડું છું, ત્યારે અશક્ય કંઈ જ નથી એ સાબિત કરી દઉં છું. મારા શબ્દો જ મારો પરિચય છે. વૈશાલી શાહ, ૨૬, કોપી રાઈટર 'બસ'*

**ઇ/૨, પાર્થ ઇન્દ્રપ્રસ્થ બંગલો, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ**

***info@hercreatives.com***

એને ક્યારેય કોઈ ફરક ન પડતો - રમખાણોમાં જિંદગી ગુમાવતા રસ્તાઓ, મકાનો, વાહનો, માણસોથી.

એને ક્યારેય કોઈ દરકાર નહોતી - ભરતી-ઓટની જેમ ચડતા-ઊતરતા શેરબજારના આંકડાઓથી.

ન તો એને ચિંતા થતી પડોશીના ઘરમાં રોજ સળગી જતા શાકની, કે અડધી રાતે રડતા પડોશીનાં ચીડિયાં છોકરાંઓની.

એ તો પ્રાણી જ હતું કંઈક બીજા આકાશનું. આ ધરતી અને આ આકાશ બંને એના અસ્તિત્વ માટે સાવ અજાણ્યાં હતાં. ખરેખર તો પડકાર હતા. કેમ કરીને જિવાય એવા ટાપુ પર, જ્યાં દૂર દૂર સુધી પચરંગી દરિયો તો ઘૂઘવતો હોય, પણ એના એકેય રંગોને તમે ઓળખતા જ ન હોવ... કોણ રહી શકે એવા ગ્રહ પર એકલું, જ્યાં તમારા અને લોકો વચ્ચે ગ્રહોના અંતર હોય...

તોય એ જીવતો હતો આ જ દુનિયામાં.. એવી સરળતાથી જાણે ૧ ગુણ્યા ૧ બરાબર ૧. એવી નિખાલસતાથી એ જોતો હતો દુનિયા સામે, જેવી રીતે શૂન્ય પોતાની સાથે ભાગાકાર કરવા આવતા તમામ અંકોને પોતાની જેમ જ શૂન્ય બનાવી દે... પચરંગી દરિયાના એક પણ રંગને ન ઓળખતો હોવા છતાં એ દરેક રંગોને શરમાવે તેવું હાસ્ય ઓઢીને ફરતો હતો. એણે પોતાના ગર્વ, સ્મિત, નજર અને મન સિવાયની દુનિયા સાથે કાયદેસરના છૂટાછેડા લઈ લીધા હતા, તોય ક્યારેય એ સ્વાર્થી નહોતો લાગતો. સૌથી અલગ, સૌથી દૂર, તોય ક્યારેય એ સંન્યાસી નહોતો લાગતો. એ ચોવીસ કલાકમાંથી લગભગ વીસેક કલાક એકલો રહેતો, તોય



ક્યારેય ઉદાસ-નિરાશ નહોતો લાગતો. પોતાનું બધું વેચીને કે ગુમાવીને આ ગુમનામ જગ્યાએ આવીને વસી ગયેલો કોઈ નિષ્ફળતાનો નમૂનો એ હોય કે ન હોય, પણ પાણીપતનું યુદ્ધ જીતીને આવ્યા હોવાનું એનામાં અભિમાન હતું. જાણે આજે જ રિલીઝ થયેલી કોઈ ફિલ્મની બહાર સુપરહિટનું બોર્ડ લગાડી દીધું હોય, અને એના જીવનની પળ પળ સુપરહિટવાળું લેબલ લઈને ફરતી હતી.

એ કંઈ લખે તો એમ લાગતું કે હમણાં શબ્દો પેનમાંથી વેરાઈને નાના નાના તોફાની બાળકો બની જશે અને પોતાની કિકિયારીઓથી સદીઓ જૂના આ ખામોશીના કિલ્લાને તોડી પાડશે. એ કંઈ બોલે, જે મેં ભાગ્યે જ સાંભળ્યું છે, તો એમ લાગે કે એના વિશ્વાસથી સામેવાળાનું ચીનની દીવાલ જેવું મક્કમ હૃદય પણ પત્તાંના મહેલની જેમ તૂટી પડશે...

ક્યારેક દૂધવાળા કે ધોબી સાથે વહેલી સવારે વાત કરતો મેં એને સાંભળ્યો છે, છુપાઈને દરવાજાની હરખઘેલી તિરાડમાંથી. ને એમાંય વાત તો સાવ સૂકા સળગી ગયેલા તણખલા જેવી લાગે, પણ શબ્દો જાણે કોઈ મોગલ બાદશાહના તાજના કોહિનૂર લાગે.. એના એ ચાર શબ્દો સાંભળવા માટે મારો કાન ચોવીસ કલાક દરવાજાની તિરાડ પાછળ કરોળિયાએ ગૂંથેલા જાળામાંની જીવાત બનીને તરફડે. આખરે મારી જ પસંદ હતી ને આમ જાળામાંની જીવાત બનીને તરફડવાની... આઝાદી જોઈતી હતી પણ કોને... ગુલામ તન પાછળ આવતો આઝાદ મનનો ઓડકાર પેટ ભરવા પૂરતો હતો.

હું ઢળતી જતી હતી, એ તરફ જ્યાં કોઈ ઢોળાવ જ નહોતો. દરેક વીતતા દિવસની સાથે મારાં સપનાંઓની સીમાઓ ભાંગતી જતી હતી. એક જ સ્ટેશન પર બેઠાં બેઠાં આવતી જતી અઢળક ટ્રેનોને હું એકનજરે જોયા કરતી. ક્યારેક કોઈ સાંકળ ખેંચે અને ખેંચી જાય મને એ અજ્ઞાત પ્રદેશમાં... જ્યાં કોઈ દરવાજો ન હોય, જેની પાછળ જીવાત બનીને ટીંગાવું પડે... જ્યાં કિલોના દસ હજાર જેટલા મોંઘા શબ્દો પાણીના ભાવે મળી રહે... જ્યાં એ દરેક સપનાંઓની હકીકતો મને જીવવા મળે... અને જાણવા મળે એ અસંખ્ય સવાલોના જવાબો, જે અળસિયા બનીને મારા ભીના મનમાં ઉત્સુકતાની ફળદ્રુપતા વધારી રહ્યા છે.

આ ત્રીસેક વર્ષનો યુવાન-તપસ્વી જેવો સ્થિતપ્રજ્ઞ, ન કોઈ પરિવાર, ન કોઈ સંબંધી, મારા કરતાં લગભગ ૬-૭ વર્ષ નાનો હશે, પણ વિશ્વાસ અને ગંભીરતા એટલે દરિયાનું ઊંડાણ... અને હજાર હાથે પણ ન ઢંકાય એવો ઢોળાઈ જતો એનો નિખાલસ અને નિર્દોષ સ્વભાવ... છેલ્લા ચાર મહિનાથી આ સામસામા બે દરવાજા વચ્ચે એટલાન્ટિક ઓશન બની ગયેલો આ દુનિયાનો સૌથી ઊંડો સવાલ કોણ હશે? ક્યાંથી આવ્યો હશે? અને આમ મારા દર વિચારમાં કેમ ઘેર કરી ગયો હશે? કદાચ હું પણ એ દુનિયા પારની રહેવાસી બની ગઈ છું? કે પછી મારી એકલતાના દરિયામાં આકર્ષણની નાવ નાખીને અનંત પ્રવાસે ઊપડી ગઈ છું? અભેરાઈ પર સવાલો પર સવાલોની પસ્તી ભરાઈ છે અને હવે તો એમાં શંકા અને આતુરતાની ઊધઈ પણ ખદબદ થવા લાગી છે... તોય જવાબ તો હજી છેક પ્લુટો, યુરેનસ જેટલો દૂર છે. કેટલાં પ્રકાશવર્ષનું અંતર કાપીને એ જવાબ મારા સુધી પહોંચશે, અને ક્યારે... આ જન્મમાં જ, કે આવતા ભવમાં... આ બે દરવાજાની વચ્ચે પથરાયેલા ખામોશીના કાચના આ અઢળક ટુકડાઓ પર થઈને ન તો હું એ પાર જવાની છું, ને ન તો એ આ પાર આવવાનો છે...

અને વારતા કદાચ અહીંયા જ પતી જવાની છે...

'હું દિલગીર છું, કે હું કોઈ સંબંધમાં રહી ન શક્યો.. અને રહી પણ નહીં શકું. સંબંધોને પાર પણ કોઈ લાગણી વસે છે, જે કદાચ વધારે આઝાદ અને વધારે સાચી હોય. સંબંધના

ક્યારેક કોઈ સાંકળ ખેંચે અને ખેંચી જાય મને એ
અજ્ઞાત પ્રદેશમાં... જ્યાં કોઈ દરવાજો ન હોય, જેની
પાછળ જીવાત બનીને ટીંગાવું પડે...

સીમાડાઓમાં હું પ્રેમને નથી બાંધવા માગતો, એટલે જ તારા શબ્દોમાં કાયર અને મારા શબ્દોમાં શૂરવીર બનીને હું આપણાં પતિ-પત્નીના સંબંધમાંથી આગેકૂચ કરું છું... તું ઇચ્છે તો આપણે આગળના કોઈ ચાર રસ્તે ફરી ભેગાં થઈ શકીએ છીએ, પણ સંબંધના બુરખા પાછળ નહીં, આઝાદીની પાંખો પર... જેમાં ગૂંગળામણ ન હોય, પણ ઉડાન હોય...'

અને આમ, એક વખત ઓગળ્યો આ બે દરવાજા વચ્ચે જામી ગયેલા સવાલોનો દરિયો, જ્યારે એના દરવાજા બહાર ઢોળાઈ ગયેલી એની આ ડાયરી મને મળી... શું હું પણ એની સાથે સંબંધની સાંકળ વગર ઊડી શકું છું? સાથે રહેવા માટે તો પ્રેમ જોઈએને? અને શાંતિ... અને આઝાદી?... માણસો કંઈ ચુંબકના બે વિરોધી ધ્રુવો તો નથીને, જે હંમેશાં જોડાયેલા રહે? શું હું પણ ગૂંગળામણોને એક ઝાટકે તોડી શકું? શું હું પણ આ અજાણ્યા આકાશમાં મારી નૌકા નાખી શકું??

'સીમા.. મારાં મોજાં નથી મળતાં...

અને મારું ટિફિન તૈયાર છે...'

એક થીજેલો દરિયો ઓગળ્યો અને એના કરતાંય બમણો સાગર આવીને અથડાયો... હવે કઈ તરફ... કઈ રીતે... અને ક્યારે ખૂલશે એકસાથે આ બે બંધ દરવાજા? **મ**



# રામચંદ્ર ભાવે / પરપ્રાન્તીય વાર્તા

# માસ્તર સાહેબ

*કન્નડના પ્રશિષ્ટ વાર્તાકાર અને બહુભાષી ભાવેસાહેબ નિવૃત્ત 'આરએમએસ' અધિકારી છે. એમણે ૨૫૦ વાર્તાઓ, ૧૪ નવલકથાઓ, ૩૦ રેડિયો નાટકો અને ઉત્તમ કન્નડ વાર્તાઓનાં હિન્દી, તેળેગુ, અને મળયાળમમાં અનુવાદ પણ કર્યા છે. બાળકૃષ્ણ સાહિત્ય પ્રશસ્તિ સંસ્થા દ્વારા ૨૦૦૦ની સાલમાં એમની રચનાઓ પુરસ્કૃત થઈ છે.*


**'Ganaraj', Gayalwadi Rd,**
**Khedshi Ratnagiri-415639.**
**Maharashtra. 09764416008**
**rsbsurabhipura@gmail.com**


*વાર્તાસંકલન અને મૂળ કન્નડમાંથી ડી.એન. શ્રીનાથના હિંદી અનુવાદ ઉપરથી ગુજરાતી ભાવાનુવાદ*


***તન્મય ગંગોપાધ્યાય***
***09825588935***
***samparkhrd@yahoo.co.in***


આ ખૂરશીઓ ઉપર જે ધૂળ છે નથી. તમે લૂંછીને બે તો એ ટ્રેજેડી અને જો વગર બે તો કોમે! પરિચિત સાદ સંભળાયો તો મારા રૂવાંટા ઊભા થઇ ગયા. એ જ કદ, કાળો કોટ, ધોતી, ખભે થેલો, ટોપી, છત્રી અને કાળો ચહેરો ત્યાં આગળ ઊભા ઊભા કોઇની સાથે વાત કરી રહયા છે એ તો માસ્તર છે...?

પણ એ તો એક વર્ષ પહેલા મૃત્યુ પામ્યા હતા, એકાએક સામે કેવી રીતે ઊભા છે? હું મૂંઝાઈ ગયો...

તેમના શ્રાદ્ધના દિવસે મારા દીકરાનું ઓપરેશન હતું. પૈસાની ચિંતામાં હું માસ્તર સાહેબના શ્રાદ્ધમાં જઇ નહતો શકયો. માસ્તર સાહેબ 'સ્વાતંત્ર્ય સેનાની' હતા. તોયે સરકાર તરફથી તેમણે કોઇ વજીફો સ્વીકાર્યો નહોતો. તે કારણે એ લોકોને કપરા દિવસો કાઢવા પડેલા, તે યાદ આવતાં મને થોડું ખરાબ લાગ્યું હતું કારણ કે મને મારા માસ્તર સાહેબ માટે ગર્વ હતો.

પછી તો મારા અંગત સુખદુ:ખના વિશ્વમાં ફરી રખડપટ્ટી કરતો થઇ ગયો. માસ્તર સાહેબના મૃત્યુને લીધે મને કોઇ ખાસ આઘાત લાગ્યો ન હતો. પણ અત્યારે એક વર્ષ પછી એ માસ્તર સાહેબ જ છે કે એમના જવું કોઈ બીજું? તો જે મરી ગયું તે કોણ હતું? તેમનો દીકરો બેસણા અને બીજા લોકોઓએ મૃત્યુને કેવી રીતે સ્વીકારી લીધું હતું! હવે વળી સાહેબ પાછા કયાંથી આવ્યા? આટલા દિવસ સુધી કયાં રહયા?! મારું માથું ભમવા લાગ્યું. હું ઊભો થઇ ગયો.

''અરે તું અહીયા છે?'' તેઓ નજીક આવ્યા અને મને હાથે મને ભેટી પડયા. માસ્તર સાહેબ મારા બાપુજીના સાથી હતા એમણે થોડા વર્ષ મને ભણાવ્યો હતો. એમનો પ્રેમ, કોધ બધું જ હું પામ્યો હતો.

માસ્તર સાહેબે મારો હાથ ઝાલ્યો, ''ચાલ ચા પીએ.''

''અત્યારે ચા નહી, સર ધ્વજવંદન પહેલાં ઉઠીને જતા રહીશું તો ખુરશી ખોવાનો વારો આવશે.''

''ત્યારે તું પણ ખૂરશીનો ચાહક છે? ઊભા ઊભા ધ્વજવંદન ન થાય? ચાલ, ચાલ હવે ......'' એમના આગ્રહને હું ટાળી ન શકયો.

ચા પીતી વખતે મનમાં મંથન શરૂ થયું, કે કેટલાક લોકોએ એવું કેમ કહયું હતું કે માસ્તર સાહેબના જીવતા રહેવાનું કોઇ પ્રયોજન ન હતું? અને એ જો જીવતા હતા તો એમને મારીને લોકોએ ભગવાનના ચરણે ધકેલી દીધા હતા? માસ્તર સાહેબ સામે બેઠા ચા પી રહયા હતા. હું એમને જોઇ રહયો હતો. સાહેબ, જેઓ આટલા તંદુરસ્ત છે અને સો વર્ષ સુધી જીવી શકે છે, એવી વ્યિકતને શક હેઠળ જીવવું પડે છે, એ કેવી વિચિત્ર વાત છે!


''સાહેબ, તમે તમારા ગામડેથી આવ્યા કે શું!'' મેં એવી રીતે પૂછયું કે એમને મારી 'જાસૂસી'ની ગંધ ન આવે. ''જો દીકરા, મારા જેવા માણસને કોઇ પકડીને બાંધી શકે? તો પછી હું કયાં રહું છું, ક્યાંથી આવું છું, કેવી રીતે રહું છું એથી શું ફરક પડે છે? આ આખો દેશ જ મારો છે.'' મેં એમની વાત પર ડોકું હલાવ્યું. જી હા, માસ્તર સાહેબ બહુ બુધ્ધિશાળી છે. મેં ફરીથી મારું માથું ઝુકાવી લીધું. મને સમજાયું નહી કે માસ્તર સાહેબે આ વાત સહજતાથી કરી હતી કે કોઇ ખાસ હેતુથી?

''તો ચાલો, ધ્વજવંદન પછી ઘર તરફ જઇએ.'' હું ઊભો થયો એ પણ મારી પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

રેલ્વે લાઇન કોસ કરવામાં દર વર્ષે અહીયા બે-ત્રણ જણ અકસ્માતથી ગુજરી જાય છે એટલે મેં અંડર બ્રીજવાળો રસ્તો પકડયો.

''કેમ રે બીજા રસ્તે જાય છે? રેલ્વે લાઇનો ઓળંગીને જ જઇશું, ચાલ.'' માસ્તર સાહેબે આગ્રહ કર્યો એટલે હું એમની પાછળ પાછળ ચાલ્યો.

રેલના પાટાની વચ્ચેવચ માલગાડી ઊભી હતી. હું નિરૂપાય બનીને ઊભો ઊભો જોતો રહયો. એક છેડેથી બીજા છેડા સુધી એ અજગર જેવા ભયાનક લાગ્યા. એ જ વખતે સાહેબે મારી પીઠ ફેરવતા કહયુ, ''કેમ ઊભો રહી ગયો?'' અને એમણે ગાડીની નીચે ઘૂસવાનો પ્રયત્ન કર્યો. હુ ગભરાઇ ગયો, ''સર, ઊભા રહો ઊભા રહો. ગાડી ચાલવા માંડશે તો?'' પણ એમણે મારુ સાંભળ્યું જ નહી અને છત્રીને બગલમાં નાંખીને ડબ્બાની નીચે ઘૂસી જ ગયા એ જ વખતે માલગાડી ચાલવા માંડી ''સર.....સર...'' મેં એમને બોલાવ્યા. ધમપછાડા કયા પણ પગમાં શક્તિ જ નહતી રહી. મેં આંખો બંધ કરી લીધી. માલગાડીએ ગતિ પકડી. મને અંધારાં આવ્યાં, માલગાડી જતી રહી. માસ્તર સાહેબ દેખાયા નહી. આંખો ચોળતાં હું એમનું શબ શોધવા લાગ્યો. પણ પાટા પર કોઇ જ ન હતું! માલગાડી એમને ઘસડીને લઇ ગઇ હશે? બાજુમાં ઉભા માણસે કહયું, ''એ તો ઉપડી ગયા!'' એણે આકાશ ભણી ઈશારો ન હતો કર્યો તેથી મને થોડી નિરાંત થઇ. હવે સામેનું બધું સ્પષ્ટપણે દેખાતું હતું. અરે? પાટાની પેલી બાજુ માસ્તર સાહેબ ઉભા હતા!



એમની સાથે ચાલતાં ચાલતાં મને યાદ આવ્યું કે  મારા ઘરે પત્ની તો છે નહી. થોડા દિવસ પહેલા પત્નીએ નારાજગી વ્યકત કરી હતી. ''આપણે એટલા ગરીબ છીએ કે આપણે ત્યાં તો ફ્રીજ પણ નથી.'' અને એ પોતાના ભાઇને ત્યાં ચાલી ગઇ હતી. હું એકલો હોત તો ખાલી ભાત ખાઇને ચલાવી લેત પણ માસ્તર સાહેબ માટે તો ભોજન સારું જ હોવું જોઇએ ને? મારી જાતને ગાળો કાઢતા રસોડામાં ગયો તો જોયું કે ત્યાં તો ખાવાનું તૈયાર હતું. હું પત્નીની હોશિયારી પર ખુશ થયો અને એના વખાણ કરવા લાગ્યો.

માસ્તર સાહેબ હાથ-પગ ધોઇને આવ્યા. એમની સામે હું પણ બેસી ગયો. ''આજે તમે અહીં જ રહી જાઓ,'' મારા મોંમાથી આ વાત આપોઆપ નીકળી ગઇ. ''જોઇશું. મારે મન તો રસ્તાના ઝાડનો છાંયડો અને તારું ઘર - બંને સરખા છે. મને તો બધે જ ગમે છે. સાંજે ફરી મળીશું'' એમની વાતથી થોડી શાતિ વળી. પણ એમની આ ઉંમરે પણ બીજાની મુશ્કેલીમાં તેમના પડખે ઉભા રહેવુ, અન્યાયની સામે લડવું, એમનું આ કર્મવીરપણું જોઇને હું ખુશ થયો. મેં પૂછ્યું, ''સર, તમે પોતાની માટે કશું કેમ કર્યુ નહી?''

''ભગવાને કંઇ ખોટ રાખી છે? મારે માટે?''

સર, વાતએમનહીં......તમે કોઇ માલિમલકત નથી બનાવી.........કશું એકઠું નથી કર્યુ.......જરા બીજા લોકો તરફ નજર તો નાંખો.''

આ સાંભળતાવેત માસ્તર સાહેબનો રોટલીનો ટૂકડો કરતો હાથ રોકાઇ ગયો. જાણે મારા મનમાં શું ચાલી રહયું છે તે માપી ન રહયા હોય. ''તું શું સમજે કે સરકાર મને ઢગલાબંધ સુવિધાઓ આપશે એવું માનીને જ મે દેશની સેવા કરી હતી?'' એ મોટા સાદે બોલવા લાગ્યા, ''આ જ છે દેશની સાચી સેવા. એને માટે મારે હવે મહેનતાણું માગવું?

આ વાતથી હું બોલતો બંધ થઇ ગયો. ''દીકરા મારા કોઇ કંઇ પણ કહે, આપણે પોતાની કમાણી પર જ જીવવાનું હોય.'' સાહેબના સ્વભાવથી હું ખૂબ જ પરીચિત છું એટલે હું કાંઈ બોલ્યો નહીં. સાહેબ હાથ મોઢું ધોઇને આવ્યા એટલીવારમાં મેં ચટાઇ પાથરી આપી.

''તમે આરામ કરો'' કહીને હું મારા ઓરડામાં જતો રહયો. હું આરામ ખુરશી પર બેઠો, વાંચવા લાગ્યો પણ મને નિંદર આવી ગઇ. કોલબેલના અવાજથી, અને જોયું તો સાંજના સાડા ચાર વાગ્યા હતા. બારણું ખોલ્યું તો જોયું કે સામે માસ્તર સાહેબનો દીકરો બારણામાં ઊભો હતો.

મને થયું કે એના ગાલ પર તમાચા મારું. મેં આંખોના ઈશારાથી જ પૂછયું શું કામ છે. એના બાપુજી જીવતા છે પણ એને એમના પ્રત્યે જરા સરખું માન નથી, તો હું શા માટે એનો આદર - સત્કાર કરૂં? ''ગયે વખતે તું ન હતો આવ્યો. આવતી કાલે બાપુજીની વરસી છે. એમને ગયાને વરસ વીતી ગયું છે. તને આમંત્રણ આપવા આવ્યો છું.''

હું આશ્ચર્યચિકત થઇ ગયો. બાપ કેટલા ભલા હતા અને દીકરો કેવો છે...! જો હવે માસ્તર સાહેબને એની સામે ઉભા કરી દંઉ તો એ ચોકકસ ડરનો માર્યો પેશાબ કરી નાંખશે. આવુ વિચારતા મને હસવું આવ્યું. પણ હું જ મૂરખ બની ગયો. આખા ઘરમાં ફરી વળ્યો તોય માસ્તર કયાંય દેખાયા નહી! મને જયારે ઉંઘ આવી ગઇ હતી ત્યારે કદાચ તેઓ જતા રહયા હશે. તે સાંજે ગોડપ્પા સાથે ભેટો થઇ ગયો અમે એક ઝાડ નીચે બેસી ગયા. ''તો તું કાલે આવીશ ને ત્યાં! કાલે માસ્તર સાહેબને ગુજરી ગયાને એક વર્ષ થશે,'' એણે કહયું. મને દુઃખ થયું. માસ્તર સાહેબનું મૃત્યુ નથી થયું. તેઓ હજી જીવતા છે.

આ વાત બધાને કેવી રીતે સમજાવવી એની મને ખબર નહતી પડતી. અને હું એટલું જ કહી શકયો, ''એ ગુજરી ગયા છે એ વાત તો મારા માન્યામાં આવતી જ નથી.''

''મને પણ એવું જ લાગે છે, મેં પણ એમના અંતિમ સંસ્કારમાં એમને કંધો દેવાવાળા બહુ જ ઓછા હતા. એણે કોની ઠાઠડી ઉપાડી હશે? પછી ગોડપ્પાએ જે કંઈ કહયું એનો સારાંશ આવો હતોઃ

માસ્તર સાહેબના ઘરે જરીકે શાંતિ નહોતી. એમની રોજબરોજનું જીવન પણ વ્યવિસ્થત ન હતું. કયાંક જતા રહયા હોય તો દસ-પંદર દિવસ પછી જ ઘરે પાછા આવતા. એક દિવસ સમાચાર આવ્યા કે માસ્તર સાહેબનું શબ જુવારના ખેતરમાં પડયું છે. આ સાંભળીને બસણા ત્યાં ગયો. લોકો અંદરોઅંદર કહી રહયા હતા કે ચારેક દિવસ કોઈ ટ્રક એમને ધકકો મારીને ભાગી ગઈ હોવી જોઈએ. દરિમયાન કૂતરા અને ગીધ મળીને આખું શરીર ખાઇ ગયા હતા એટલે એમની ઓળખ થઇ શકી નહોતી.

પણ હું તો એ માનવા તૈયાર જ ન હતો કે માસ્તર સાહેબ ગુજરી ગયા છે. મેં એમને મારી સગી આંખોએ જોયા છે... બસણણાએ કોઇ ભળતી જ વ્યિકતના શબને દાહ દીધો હશે... એક વાત તો સાચી જ હતી. લોકોની મનોદશા બદલાઇ રહી છે. માસ્તર સાહેબે લોકો માટે, ગામની ભલાઇ માટે છેક કયાં કયાં લગી દોડધામ કરી હતી! જો કોઇ સાથે અન્યાય થયો હોય તો એનો અવાજ બનીને ઉભા થઇ જતા હતા. સરકારની સામા થઇ જતા. તેમ છતાં લોકોએ એમને દૂર ધકેલી દીધા. લાંચ આપવાથી કામ થઇ જશે આ વાત લોકોને ફાવી ગયેલી. માસ્તર સાહેબનો સંઘર્ષ અને એમની લડત એક 'વેદિયાવેડા' હતી. સમય બધાને કેટલા વેગથી ખેંચીને લઇ ગયો છે. માસ્તર સાહેબ પ્રત્યે ભલે કોઇ કૃતજ્ઞ ન હોય પણ શું એ બતાવવું જરૂરી છે કે લોકો કૃતઘ્ની છે?

ત્યાર પછી હું બજારમાં ગલી કે ચાની દુકાને રાહ જોતો રહયો કે કયાંક માસ્તર સાહેબ જોડે ભેટો થઇ જશે. એક દિવસ જયારે ઓફીસેથી ઘરે જવા સ્કૂટર સ્ટાર્ટ કરવા જતો હતો ત્યારે એમના દર્શન થઇ જ ગયા. ''આજનું કામકાજ થઇ ગયું?'' એમણે પૂછયું.

''જી હા.''

''તો ચાલ, ચા પીએ. બહું દિવસ પછી તને મળવાનું થયું.''

બાપ કેટલા ભલા હતા અને દીકરો કેવો છે...! જો હવે માસ્તર સાહેબને એની સામે ઉભા કરી દંઉ તો એ ચોકકસ ડરનો માર્યો પેશાબ કરી નાંખશે.

તેઓ મારા ખભા પર હાથ મૂકીને ચાલી રહયા હતા. એ મને ગમ્યું . ડીલકસ રૂમમાં કોઇ ન હતું. ''સર, એક વાત પૂછું?''

''એક નહી, દસ વાત પૂછ!''

''એક વર્ષથી તમે ગામમાં પગ કેમ નથી મૂકયો?''

''ત્યાં જઇને શું કરીશ? એમને માટે તો હું મરી ચૂકયો છું. એમણે મારું શ્રાધ પણ કરી નાંખ્યું છે. જવા દે એ વાત. મને તો ભૂત અને ભિવષ્ય બંને કાળમાં જીવતા આવડે છે.''

''તો તમારે વર્તમાનને કેમ ખોવો છે?''

''એ લોકો આવું સમજી બેઠા છે તો હું શું કરું કહે જોઉં'' માસ્તર સાહેબે મારો હાથ પકડી લીધો. ''હું તો જીવંત છું તારા જેવા કેટલાક લોકોના હૃદયમાં. હું મરી જાઉં એવું ઘણા લોકો ઈચ્છતા હતા. એમને માટે હવે હું હયાત નથી.''

હું તો અચરજમાં પડી ગયો. એ કયાં જાય છે, કયાં સૂવે છે, વગેરે વિશે પૂછવું તો ઉદ્ધતાઇ ગણાય. તમે મારે ત્યાં જ રહો, અહીંઆ જ જમો - જો મેં માસ્તર સાહેબને આવી વિનંતી કરી હોત તો પણ મારી વાત એમણે માની ન હોત. તદુંપરાત આને માટે મારા પત્ની પણ તૈયાર થાય એ મુશ્કેલ વાત હતી.

તે પછી હું નિર્ણય પર પહોચ્યો કે માસ્તર સાહેબ તો પવન જેવા છે. પવન કોઇપણ દિશામાં આવ-જાવ કરી શકે છે. એમને પોતાની મરજી મુજબ જીવવાનો અધિકાર છે. મારે હજી

મકાન બનાવવાનું છે, ગાડી ખરીદવાની છે, દિકરાને મેડીકલ કોલેજમાં એડમીશન અપાવવાનું છે. આ બધા માટે પૈસો ભેગો કરવાનું જરૂરી છે.

મે ધારેલુ એ પ્રમાણે મારું નવું પુસ્તક છપાઇને આવી ગયું. પુસ્તક એટલું સુંદર છે કે જોતાવેંત ખરીદવાનું મન થાય. કિંમત પણ વાજબી છે. આ પુસ્તક સાહિત્ય જગતમાં મને કીર્તિ અપાવશે એમાં કોઇ શક નથી. એને માટે મોટા રાજનેતાઓ તરફથી ખાત્રી પણ મળી છે એ વાતનો મને આનંદ હતો. કોઈ સરકારી મેળાવડો હોય એ રીતે પુસ્તક વિમોચનની તૈયારી થઇ રહી હતી. ખુદ મુખ્યમંત્રીશ્રી વિમોચન કરવાના હતા. ત્યારે એકાએક મારું પુસ્તક બજારમાં મૂકાય એ પહેલા જ એક પ્રત સરના હાથમાં મૂકી એમ આર્શિવાદ મેળવવાની ઇચ્છા થઇ. શિષ્યની સાધના જોઇને એમની આંખોમાંથી હર્ષના આંસુ વહેવા માંડશે. એક પ્રત થેલીમાં મૂકીને હું સ્કૂટર પર ગલી-ગલીએ માસ્તર સાહેબને શોધવા લાગ્યો. મન અધીરૂ બની ગયું હતું. મનની શાતિ માટે હું મદિર ભણી ચાલ્યો. પહાડી પર આવેલા મદિરનું નવીનીકરણ કરવામા આવેલું હતું. શ્રધ્ધાળુઓનું માનવું છે કે ભગવાન બધાની મનોકામના પૂરી કરે છે.

> "તું તારી જાતને મારો શિષ્ય ગણે છે. ને તું આવા રાજકારણીઓના પૈસા માટે મોઢું ખોલીને ઊભો છે?"

હું એક જગ્યાએ સ્કૂટર ઊભું કરી રહયો એટલામાં કોકે મારા ખભે હાથ મૂકયો. સામે માસ્તર સાહેબ ઉભા હતા! ભગવાનની લીલા જોઇને હું આશ્ચર્યચકિત થઇ ગયો.

''ચાલ, ચા પીએ'' સાહેબે મને કહયું.

''સર હમણાં નહી. હું તો ભગવાનના દર્શન કરવા આવ્યો છું.'' પછી મને યાદ આવ્યું એટલે કહયું, ''આમ તો હું તમને પણ શોધી રહયો છું.''

''કેમ શું હતું?'' એમણે પૂછયું.

''કૃપા કરીને મને આિર્શવાદ આપો'' કહીને મેં થેલીમાંથી પુસ્તક કાઢીને એમના હાથમાં મૂકી.

માસ્તર સાહેબ ઊભા ઊભા પુસ્તક જોવા લાગ્યા, પાના ઉથલાવ્યાં, પછી પુસ્તક પાછું આપતા બોલ્યા ''તે વાર્તા અને નવલકથા લખવાનું છોડીને આવો ધંધો કયારથી શરૂ કર્યો છે?''

એમનો વ્યંગ મને ના ગમ્યો. શું એમને શિષ્યની સાધનાની ઈર્ષ્યા આવતી હશે?

''આ જે મુખ્યમંત્રી સત્યપ્રકાશ રાવ છે, એને વિશે તું શું જાણે છે?'' એમના સાદમાં નારાજી હતી.

''કેમ સર, એમના વિશે બધ્રી જાણકારી મેળવ્યા પછી જે મેં આ પુસ્તક લખ્યું છે,'' મેં ગાડી પાટા પર લાવવાની કોશિશ કરી.

''આ મુખ્યમંત્રી પર રીશ્વતખોરીનો, ભ્રષ્ટાચારનો અને કંઇક ગોટાળાના આરોપ છે. એણે ખૂન પણ કરાવેલા છે. આ મામલો એને સતાવવા લાગ્યો છે. એને વિશે તારે શું કહેવું છે?''

''સર, જે લોકો સત્તા પર હોય છે એમના વિશે આવી વાતો ઊડે એ બહુ સામાન્ય વાત છે. પણ હું તમારા આ બધા પ્રશ્નોના જવાબ નહી આપી શકું. એને માટે ન્યાયાલય છે, જે ચૂકાદો આપે છે. એ ગરીબ લોકોને ઉપર લાવવા માટે એમની જે આસ્થા છે એનું જ મે ચિત્રણ કર્યુ છે. આ તો એમની સાધનાને ઓળખવાનું કામ છે, બસ.''

''તું તારી જાતને મારો શિષ્ય ગણે છે. ને તું આવા રાજકારણીઓના પૈસા માટે મોઢું ખોલીને ઊભો છે?''

માસ્તર સાહેબ હજી જૂના જમાનામાં જ વસે છે. મેં સંયમ રાખીને કહયું, ''સર, હું તો વર્તમાન કાળમાં જીવું છું, મને તમારી જેમ ભૂત કે ભિવષ્ય પર વિશ્વાસ નથી...''

એમના ચહેરા પર એક હાસ્યનું મોજું ફરી વળ્યું. ''ઠીક છે, તો હું હવે તારે માટે પણ મરી ચૂકયો છું. તું હવે તારો રસ્તો પકડ.''

માસ્તર સાહેબ મંદિરનાં પગથિયાં તરફ દોડવા લાગ્યા. ''સર, જરા ઉભા રહો,'' મેં એમનો પીછો કર્યો, પણ એ જોતજોતામાં ડુંગર પર ચડી ગયા; ૮૯ વર્ષના વૃધ્ધમાં આટલી તાકાત હોઇ શકે એ તો હું કલ્પી જ નહતો શકતો. હું પણ જેમતેમ ડુંગર પર ચડયો. થાકને લીધે આંખોમાં અંધારૂ છવાઇ ગયું. ગળું સૂકાઇ ગયું. છાતીમાં બળતરા થવા લાગી. પગ ધ્રૂજી રહયા હતા. માસ્તર સાહેબને ચોકકસ પાકડી પાડીશ એવું માનીને હું પહાડીનો ખૂણે ખૂણો ફરી વળ્યો, પણ તેઓ કયાંય દેખાયા નહી. જે કોઇ મારી નજરે ચડયું એને એમને પૂછયું. માસ્તર સાહેબ કેવી રીતે મારી આંખોની સામે ગાયબ થઇ ગયા!

એકાએક બસણણા, ગોડપ્પા અને ગામના બીજા લોકો મને ઘેરીને ખડખડાટ હસી રહયા છે એવું મને લાગ્યું ખરેખર શું માસ્તર સાહેબ માણસ હતા કે નહી; એ શંકા એક ઉખાણું બનીને રહી ગઇ. અને હું ખડખડાટ હસવા લાગ્યો. **મ**

---

**તમને ગમતી કોઈ પરપ્રાન્તીય ભાષાની વાર્તા સૂચવો, અનુવાદ કરી મોકલો**

---



## લાફ્કાદીનો હેર્ન / પરદેશી વાર્તા

# એક શિકારીની રૂપકથા

*કોઈઝુમી યાકુમો નામના જાપાનીઝ લેખક પેટ્રિક લાફ્કાદિયો હેર્ન (૧૮૫૦-૧૯૦૪) નામથી વિશ્વભરમાં વિખ્યાત હતા. એમણે લખેલી જાપાની દંતકથાઓ, ભૂતકથાઓ, અને ‘ક્વાઇદા’ યાને કે ગેબી, અશરીરી કે અલૌકિક કથાવસ્તુની વાર્તમાળાઓ પોતે જાપાનમાં દંતકથાનો વિષય બનેલી છે. જાપાનના લેખકો અને ફિલ્મકારો પોતાની કથા કે ફિલ્મમાં કશું જાદુઈ કે તિલસ્મી તત્ત્વ લાવવું હોય ત્યારે ક્વાઇદાંનો વિનિયોગ કરે છે.*

*વાર્તા સંકલન અને ગુજરાતી રજૂઆત*

**બાબુ સુથાર**
**+1 215-760-5091**
**bsuthar@sas.upenn.edu**

**怖い話**

એક વખતે એક શિકારી હતો. એનું નામ હતું સોન્જો. એ ખૂબ બાહોશ શિકારી હતો.

એક દિવસની વાત છે. એ રોજની જેમ શિકાર કરવા સીમમાં ગયો. પણ, કોણ જાણે કેમ એને એ દિવસે કોઈ શિકાર ન મળ્યો. આખરે થાકીને એ સાંજે એ ઘેર આવવા નીકળ્યો. રસ્તામાં આકાનુમા નામની એક નદી આવતી હતી. એણે એ નદી ઓળંગીને પોતાના ઘેર જવાનું હતું. પણ, જેવો એ નદી પર પહોંચ્યો ત્યાં જ એણે એ નદીમાં ઓશિદોરી નામનાં બે પક્ષીઓને તરતાં જોયાં.

સોન્જોને થયુંઃ લાવને, આ આ પક્ષીનો શિકાર કરવા દે. આમે ય આજે શિકારમાં કંઈ મળ્યું નથી. અને ભૂખ પણ લાગી છે.

ઓશિદોરો પક્ષી ખૂભ ભલાં અને ખૂબ ભોળાં. એમને કોઈ મારે નહી. અને જો કોઈ એમને મારે તો એવી ઘટનાઓને લોકો ખરાબ કામ તરીકે જોતા. પણ સોન્જો ખૂબ ભૂખ્યો થયેલો હતો. એને થયું કે આ એક માત્ર તક છે કશુંક ખાવાનું મેળવવાની.

એટલે એણે તો તરત જ એ પક્ષીઓનો વધ કરવાનો નિણર્ય લઈ લીધો.

પછી એણે તો તીર કામઠા પર ચડાવી એ તીરને છોડ્યું પેલાં પક્ષીઓ પર. એ સાથે જ એ બેમાંથી એક પક્ષી વિંધાઈ ગયું અને બીજું ઊતાવળે ઊતાવળેનદીકાંઠા પરના બરૂછોડોમાં કયાંક સંતાઈ ગયું. જે વિંધાઈ ગયું હતું એ પક્ષી નર હતું.

પછી સોન્જો પેલા નર પક્ષીને લઈને પોતાને ઘેર આવ્યો. રાત પડી પછીએણે એ પક્ષીને રાંધ્યું અને ખાધું. અને પછી એ ઊંઘી ગયો.

ઊંઘમાં એને એક સ્વપ્ન આવ્યુંઃ એ એક ઓરડામાં સૂતો હતો. ત્યાં જ એકસુંદર યુવતિ ત્યાં આવી. સોન્જો કંઈક બોલે એ પહેલાં જ એ યુવતિ ધ્રુસકે ધ્રુસકે રડવાલાગી. એનાં ધ્રુસકાં સાંભળતાં સોન્જોને એવું લાગ્યું કે એ યુવતીની પીડાથી જ કયાંકએનું હૃદય ફાટી પડશે. સોન્જોએ આવું કલ્પાંત એની જિંદગીમાં કયારેય પણ સાંભળ્યું ન હતું કે જોયું પણ ન હતું.

રડતાં રડતાં એ સ્ત્રીએ સોન્જોને કહ્યુંઃ “શા માટે?...શા માટે ... તેં એને મારી નાખ્યો? શું બગાડ્યું હતું એણે તારું?... શું ગુનો કર્યો હતો એણે તારો? આકુનામા નદીમાં અમે સુખેથી જીવતાં હતાં. શા માટે તે વિખૂટાં પાડ્યાં અમને એકબીજાથી... શા માટે? શું અમે તને કદી પણ કોઈ નુકશાન પહોચાડ્યું છે ખરું?...તને ખબર છે ખરી .... તને ખબર છે ખરી કે એનો શિકાર કરીને તેં ખરેખર શું કર્યું છે? ... તને ખબર છે કે એનો શિકાર કરીને તેં કેવડું મોટું પાપ કર્યું છે?... તને ખબર છે ખરી કે એનો શિકાર કરીને તે કેવડી મોટી ક્રુરતા આચરી છે આ પૃથ્વી પર?... તેં એને એકલાને જ કેમ મારી નાખ્યો?... મને કેમ જીવતી રહેવા દીધી?... હવે હું મારા પતિ વગર જીવી શકીશ નહીં... હું તો બસ, તને આટલું જ કહેવા આવી છું.... બસ આટલું જ કહેવા આવી છું.”

એમ કહીને એ સ્ત્રી પાછી ફરી એક વાર પોકે પોકે રડવા લાગી. એટલું પોકે પોકે કે સોન્જોને એક તબક્કે તો એમ લાગ્યું કે જો એ સ્ત્રી હજી પણ વધુ રડશે તો એના અવાજથી જ એનાં હાડકાં વીંધાઈ જશે.

પછી ધીમે ધીમે એ સ્ત્રી શાન્ત થવા લાગી અને ડુસકાં ભરતાં એણે સોન્જોને એક કવિતા

કહી:

*મેં એને કહેલું:*
*સંધિકાળે તું મારી સાથે આવજે.*
*પણ હવે -*
*હવે તો મારે આકાનુમાના કાંઠે ઊગેલાં*
*બરુની છાયામાં*
*એકલા જ સૂવાનું ને?*
*ઓહ આ પીડા!*
*વ્યક્ત પણ થતી નથી વાણીમાં.*

આટલી પંક્તિઓ બોલીને એ સ્ત્રીએ સોન્જોને કહ્યું: "તને સાચે જ ખબર નથી કે તેં એનો વધ કરીને સાચેસાચ શું કર્યું છે...પણ કાલે તું જજે પાછો આકાનુમા નદીએ...તેં ખરેખર શું કર્યું છે એ તને ત્યાં જોવા મળશે. તને તારાં કર્મોની પાછળ રહેલી ક્રુરતાનાં ત્યાં દર્શન થશે."

એમ કહીને એ સ્ત્રી ડૂસકાં ખાતી ખાતી ત્યાંથી ચાલી ગઈ.

પછી સવાર પડી. સોન્જો જાગી ગયો. એને પેલું સ્વપ્ન યાદ આવ્યું. એ સ્વપ્નમાં આવેલી પેલી સુંદર સ્ત્રી યાદ આવી. એને એ સ્ત્રીનું આક્રંદ અને એના આક્રંદ ભરેલા શબ્દો પણ યાદ આવ્યા: "પણ કાલે સાંજે, તું જજે પાછો આકાનુમા નદીએ. ત્યાં તેં શું કર્યું છે એ તને જોવા મળશે."

એ સાથે જ એ તો તૈયાર થઈને નીકળી પડ્યો આકાનુમા નદીએ જવા. એને થયું: મને કેવળ સ્વપ્ન આવ્યું હતું કે બીજું કંઈ? મારે એની ખાતરી તો કરવી જોઈએ."

પછી જોત જોતામાં જ એ તો પહોંચી ગયો આકાનુમા નદી પર.

ત્યાં પહોંચતાં જ જુએ છે તો પેલાં બે પક્ષીઓમાનું એક માદા પક્ષી નદીમાં એકલું અટૂલું તરી રહ્યું હતું. એણે પક્ષીને જોયું એ ક્ષણે જ એ પક્ષીએ પણ સોન્જોને ત્યાં જોયો. સામાન્ય રીતે શિકારી આવ્યાનો સંકેત મળતાં જ પક્ષીઓ અને પશુઓ પોતાનો જીવ બચાવવા ભાગવા માંડે. પણ, અહીં એવું ન બન્યું. પેલું માદી આશિદોરી પક્ષી તરતું તરતું સોન્જો ભણી આવવા લાગ્યું. સોન્જો એની નજશ સમક્ષ શું બની રહ્યું છે એ સમજે એ પહેલાં તો એ પક્ષી એની નજીક આવી ગયું. પછી એ પક્ષીએ સોન્જોની આંખોમાં આંખ પરોવી. સોન્જોએ આ પૂર્વ કદી પણ જોયો ન હતો એવો કશોક વિચિત્ર, કશોક અસામાન્ય, કશોક અસાધારણ ભાવ એ પક્ષીની આંખોમાં જોયો.

પછી સોન્જો જોતો જ રહ્યો અને પેલું પક્ષી પોતે જ પોતાના પેટ પર મારવા લાગ્યું ચોંચો. સોન્જો તો જોતો જ રહ્યો અને પેલા પક્ષીએ જોત જોતામા જ કરી નાખ્યા ટુકડા પોતાના દેહના. એ પક્ષી હવે લોહીલુહાણ, મરી ગયેલી હાલતમાં પડ્યું હતું સોન્જોની આંખ સામે જ... નદી કાંઠે. પછી સોન્જો ઘેર આવ્યો. પછી એ માથું બોડું કરાવી ને સાધુ થઈ ગયો. **મ**




*Kwaidan: Stories and Studies of Strange Things માંથી જાપાનીઝ લોકકથા.*

**તમને ગમતી કોઈ પરપ્રાન્તીય ભાષાની વાર્તા સૂચવો, અનુવાદ કરી મોકલો**



## બકુલ બક્ષી / ઇન્ટર્વ્યૂ

# એર્નેસ્ટ હેમિંગ્વે

*સાત નવલકથાઓ, છ વાર્તાસંગ્રહો, તથા પ્રકીર્ણ લેખક સંગ્રહોના કર્તા અર્નેસ્ટ મિલર હેમિંગ્વે (૧૮૯૯-૧૯૬૧) અમેરિકાના શીર્ષસ્થ કથાકારોમાંના એક હતા. અલ્પોક્તિયુક્ત શૈલી માટે પ્રખ્યાત હેમિંગ્વેને ગુજરાતીમાં ચંદ્રકાન્ત બક્ષી પોતાના સાહિત્યિક પૂર્વપુરુષ તરીકે સગર્વ સ્વીકારતા હતા. બુલફાઇટિંગ, સાગરખેડાણ, વન્યભ્રમણ વગેરેથી લદાયેલી, ચાર પત્નીઓ સાથેના લગ્નજીવનથી અલંકૃત મર્દાનગીભરી જીવનશૈલીએ જુવાનોને ઘેલા કરેલા. તેમની 'ધી ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથાને ૧૯૫૪માં નોબેલ પુરસ્કાર એનાયત થયેલો.*

ફોટો વીકીપેડિયા પત્નીઓ સાથે હેમિંગ્વે (૧) એલિઝાબેથ (૨) એલિઝાબેથ સાથે અર્નેસ્ટ (૩) પૌલીન (૪) અર્નેસ્ટ અને પૌલીન (૫) માર્થા (૬) માર્થા અને અર્નેસ્ટ (૭) મૈરી (૮) અર્નેસ્ટ અને મૈરી


મો. ૯૮૨૫૫૦૩૮૭૮
bakulbakshi@hotmail.com

હેમિંગ્વેને 'લેખકોનો લેખક' કહેવામાં આવે છે. સરળ અને પ્રવાહી ભાવાની એક ખાસ શૈલી તથા ચોટદાર સંવાદોના આ સર્જકનું ઘણાંએ અનુકરણ કર્યું છે પણ કોઇ બીજો લેખક એની ઊંચાઇ પર પહોંચી શક્યા નથી. ભણતર અધવચ્ચે છૂટી ગયું અને કોઇ ડીગ્રી વિનાના આ લેખકે જીવનની શાળામાંથી અનુભવોનું ભરપૂર શિક્ષણ મેળવ્યું છે. જીવનને એક ઉત્સવ (મુવેબલ ફીસ્ટ) તરીકે માણ્યું છે. શિકાર, બુલ ફાઇટ, બોક્સિંગ યુદ્ધનું મેદાન - આ બધી જ સાહસિક પ્રવૃત્તિને સહજતાથી સ્વીકારી છે. પરાક્રમના શોખીન આ લેખકે જેવું લખ્યું તેવું જીવી બતાવ્યું છે. ચાર લગ્નો કરવાનું પણ સાહસ કર્યું હતું. 'ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથા માટે નોબેલ પારિતોષિક મળ્યા બાદ આઠ વર્ષ સુધી કંઇ જ નવું ન લખ્યું ૧૯૬૧માં પોતાની શોટગ્ન નથી બાસઠ વર્ષની ઉંમરે આત્મહત્યા કરી સાહિત્ય જગતમાં સન્નાટો ફેલાવી દીધો. જાહેર જીવનની લગભગ બધી જ જાણીતી હસ્તીઓ માટે એ "પાપા હેમિંગ્વે" હતો. ટુંકી વાર્તાના ક્ષેત્રે એનું પ્રમુખ યોગદાન રહ્યું છે. પોતાની લેખન પદ્ધતિ વિષે હેમિંગ્વેના વિચારો -









લેખકે જો અનુભવ કર્યા બાદ લખ્યું હોય તો વાચકોને પણ એ જાત અનુભવ જેવું લાગે છે. લેખકે વ્યાકરણની ચિંતા કર્યા વિના દિલની ભાષામાં લખવું જોઇએ. ભૂલો સુધારવા માટે વિવેચકો બેઠા છે. મને બેડરૂમમાં લખવું ફાવે છે. સંવાદો ઊભા રહીને લખું છું. કોઇ પણ નવો પ્રોજેક્ટ શરૂ કરતાં પહેલા એની રૂપરેખા પેન્સીલથી દોરું છું. રોજના લખાણનો એક ચાર્ટ રાખું છું જેનો નિયમિત અભ્યાસ કરું છું. કોઇ પણ વાતાવરણમાં લખી શકું છું અને સામાન્ય રીતે વહેલી સવારે લખું છું. આગળ શું લખવાનું

છે તે નક્કી હોય ત્યારે અટકી જઇ બીજા દિવસે ત્યાંથી શરૂઆત કરું છું. આના લીધે સંળગતા ચાલું રહે છે અને લખવાની શરૂઆત કરવામાં કોઇ તકલીફ નથી પડતી. ઘણવાર સંતોષ ન થાય ત્યાં સુધી સુધારતો રહું છું. 'ફેરવેલ ટુ આર્મ્સ' નું છેલ્લુ ખાનું મેં ૩૯વાર લખ્યું હતું મારી દૃષ્ટિએ શ્રેષ્ઠ લેખન ત્યારે જ થતું હોય છે. જ્યારે તમે પ્રેમમાં પડ્યા હો. (પ્રથમ વિશ્વયુદ્ધમાં હેમિંગ્ને  ઘાયસ થયો ત્યારે હોસ્પિટલની એક નર્સના પ્રેમમાં પડ્યો હતો. આ પ્રણય કથા એટલે ફેરવેલ ટૂ આર્મ્સ, જેને એ પોતાની રોમિયો એન્ડ જૂલિયેટ કહે છે.)

સારા લેખન માટે માનસિક અને શારીરિક સ્વસ્થતા ખાસ જરૂરી છે. શરીર તંદુરસ્ત હોય તો જ મન તંદુરસ્ત રહી શકે છે. હું સ્વસ્થ રહેવા દરરોજ  અડધો માઇલ તરવાનો આગ્રહ રાખું છું. લેખન કાર્ય ભલે ઓછા સમયમાં થતું હોય પણ લેખકે હંમેશ નિરીક્ષણ કરતા રહેવું પડે છે. આ ફૂલ ટાઇમ જોબ છે. નિરીક્ષણ વિનાના લેખનમાં દમ નથી રહેતો. દરેક ઘટના લેખકના રડાર પર નોંધાય તે જરૂરી છે. નવા લેખક માટે પત્રકારત્વ એક સારું પ્રશિક્ષણ અને કમાણીનું સાધના છે પણ સર્જનાત્મક લેખકે અમુક સમય બાદ એમાંથી મુક્ત થાઇ કેવળ સાહિત્ય સર્જન પર ધ્યાન આપવું જોઇએ. ઘણાં સાહિત્યકારો પ્રોફેસર હોય છે. પણ આ વ્યવસાયના લીધે એમના અનુભવો સીમિત રહી જાય છે જે એક લેખક માટે નુકસાનકારક છે. મને જેટલી પ્રેરણા બીજા લેખકોના લખાણોમાંથી મળી છે તેટલી જ ચિત્રકારો પાસેથી પણ મળી છે. હું પ્રચાર માત્રામાં વાંચુ છું. અને ચિત્રકારો પાસેથી પણ મળી છે. હું પ્રચુર માત્રામાં વાંચુ છું. અને શેક્સપિયરની કૃતિઓ નો દર વર્ષે વાંચુ છું. તમારા જ્ઞાનમાંથી તમે કેટલું સંપાદિત કરી









લખો છો તે મહત્વનું છે, માછીમારોના જીવન વિષે મારું જ્ઞાન પ્રદર્શિત કરવા બેસું તો 'ઓલ્ડ મેન એન્ડ ધ સી' હજાર પાનાની લખી શકું પણ એ અસરકારક ન બની શકે. લેખનમાં હું હિમશીલાનો બહુ મોટો ભાગ પાણીની અંદર હોય છે અને દેખાતો નથી તેમ કોઇ પણ વિષયમાં લેખકે પોતાના જ્ઞાનનું ખોટું પ્રદર્શન ન કરવું જોઇએ. વિષયમાં લેખકે પોતાના જ્ઞાનનું ખોટું પ્રદર્શન ન કરવું જોઇએ. વિષયનો પુરો અભ્યોસ જરૂરી છે પણ જેટલું આવશ્યક છે તેટલું જ દર્શાવવાથી કૃતિ ચોટદાર બને છે.

હું ટૂંકી વાર્તાને મારા સર્જનનું મુખ્ય ક્ષેત્ર માનું છું. નવલકથા લખની મને અઘરી લાગે છે. મારી અમુક નવલકથાઓ ગોંધારી રહીને મેં એક જ દિવસમાં ત્રણ વાર્તાઓ લખી હતી. દરેક નવલકથા લખતાં પહેલાં એ વિષય પર સંશોધન કરું છું. આવા સંશોધનમાંથી જ મારી વાર્તા 'સ્નોઝ ઓફ કિલિમાજરો' નું સર્જન થયું હતું. ઘણીવાર લખતાં પહેલાં વાર્તાનો પ્લોટ નક્કી નથી હોતો જેમ લખાતું જાય તેમ પ્લોટ આકાર લેતો જાય છે. મારાં પાત્રો ક્યારેક જીવિત વ્યક્તિઓ પર આધારિત હોય છે પણ મોટા ભાગનાં કાલ્પનિક છે. જ્યારે લખવાનો મૂડ ન હોય ત્યારે મારું પોતાનું જૂનું લખાણ વાંચી મૂડ લાવું છું. મારી કૃતિઓનાં શિર્ષક નક્કી કરતાં પહેલાં એમની એક યાદી બનાવું છું. ક્યારેક લાંબી યાદી બાદ શિર્ષકની પસંદગી કરું છું, જીવનમાં હું નૈતિકતાને ખાસ મહત્વ આપું છું. મારી દૃષ્ટિએ કોઇ પણ કામ કર્યા પછી જો તમને સંતોષ થાય તો એ નૈતિક છે અને મનમાં જો અસંતોષની ભાવના રહી જાય તો હું એને અનૈતિક માનું છું. **મ**

મમતા
વાર્તામાસિક




આવતી કાલના વાર્તાલેખકોનું આજનું માસિક

## મમતાનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂા. ૨૦૦(૧૨ અંક)

**મોકલવાનું સરનામું :**
**રીડર્સ પેરેડાઇઝ**
**૬, ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલ સામે,**
**થલતેજ, અમદાવાદ.**
**ફોન : ૦૭૯-૪૦૦૭ ૪૩૪૨**

**લવાજમ ચેક/ડી.ડી./મની ઓર્ડરથી સ્વીકારશે.**

સભ્યનું નામ:..............................................................................
સરનામું :...................................................................................
...............................................................................................
...............................................................................................
પિન કોડ.............................. ફોન/મોબાઈલ :.......................................
ઈ-મેલ :.....................................................................................

## તમારા મિત્રો, સ્નેહીઓને પણ 'મમતા'ની ભેટ આપવા માટે નીચેનાં ફોર્મ ભરી શકો

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________

લાભાર્થી સભ્યનું નામ: ____________
સરનામું : ____________
____________
____________
____________
પિન કોડ : ________ ફોન/મોબાઈલ : ________
ઈ-મેલ : ____________




**'મમતા'ને ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ**

***શિકાગોલેન્ડમાં કલા અને સાહિત્યના પ્રચારની સંસ્થા***

# શિકાગો આર્ટ સર્કલ

**USA readers may subscribe to *Mamata***

***Please send your name, address, phone number and email id with a check for $30/12 issues payable to***

**"Chicago Art Circle"**

**1468-Sandburg Drive, Schaumburg, IL 60173, USA**

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

## Advertising Tariff

| Size | Colour | B/W |
|---|---|---|
| Full Page | Rs. 8,000 | 5,000 |
| Half Page | Rs. 4,500 | 3,000 |
| Qrt Page | Rs. 3,000 | 2,000 |
| One Inch Strip | Rs. 1,500 | 1,000 |
| Small (2 col. In.) | Rs. 1,500 | 1,000 |
| Second Cover | Rs. 10,000 | |
| Third Cover | Rs. 10,000 | |
| Last Cover | Rs. 15,000 | |




ભારતીય વિદ્યા ભવન, મુંબઇ, આયોજિત 'ઘનશ્યામ દેસાઇ વાતમેળો' અને 'મમતા'ના લોકાર્પણ નિમિત્તે ભવનના અંધેરી વિદ્યાક્ષેત્રમાં ગુજરાતી રંગકર્મીઓ દ્વારા વાર્તાવાચનનો મેલાવડોઃ ૧૭ નવેંબર ૨૦૧૧

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200 (12 issues)
Volume 1 No. 3 January 2012

GUJGUJ13769/06/1/2011-TC

# જીતો

## 'મમતા'નું એક વર્ષનું લવાજમ અમારી શુભેચ્છા સાથે



## આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની એક વાર્તા મોકલો

mamatamonthly@hotmail.com

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India

Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India Phone 079 4007 4342